ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ

પાણિનીય વ્યાકરણનું પરિશીલન

તથા

અષ્ટાધ્યાયી – સૂત્રપાઠ

પ્રોફે. વસન્તકુમાર મ. ભટ્ટ
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૩૮૦૦૦૯.

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

॥ श्रीः ॥

ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ

પાણિનીય વ્યાકરણનું પરિશીલન

તથા

અષ્ટાધ્યાયી–સૂત્રપાઠ

વસન્તકુમાર મ. ભટ્ટ
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ–૩૮૦૦૦૯.

૨૦૦૨

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ–૧.

A Monograph on
"Paniniyan Grammar – A Study
In the terms of Modern Linguistics"
by

Professor V. M. Bhatt,
Deptt. of Sanskrit
Gujarat University
Ahmedabad.

© Author

પ્રથમ આવૃત્તિ : જૂન–૨૦૦૨

કિંમત : ૧૫૦–૦૦ રૂ.

પ્રકાશક : શ્રી અશ્વિનભાઈ બી. શાહ
સરસ્વતી પુસ્તક ભંડાર,
રતનપોળ, હાથીખાના, અમદાવાદ–૧.
ફોન : ૦૭૯–૫૩૫ ૬૬ ૯૨ (INDIA)

મુદ્રક : ધ્રુમિલ ગ્રાફીક્સ
દિલીપ આઈ. પટેલ
૮૫૬, નારણપુરા ગામ,
અમદાવાદ–૩૮૦ ૦૧૩.

આમુખ

॥ तस्मै पाणिनये नमः ॥

આજે ''ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ પાણિનીય વ્યાકરણનું પરિશીલન'' શીર્ષકવાળો એક નિબન્ધ (monograph) અભ્યાસીઓ સમક્ષ પ્રસ્તુત કરતાં આનન્દની લાગણી અનુભવું છું. આ નિબન્ધ મુખ્યત્વે બે પ્રકારના દૃષ્ટિકોણથી તૈયાર કરવામાં આવ્યો છે. (૧) આધુનિક ભાષાવિજ્ઞાનની વિચારધારાઓ અને તેની કેટલીક પારિભાષિક શબ્દાવલીમાં પાણિનીય વ્યાકરણનો પરિચય કેળવવો; અને (૨) 'મનુષ્ય જાતની બુદ્ધિમત્તાનું સર્વોચ્ચ શિખર જેમાં સર કરેલું જોવા મળે છે' તે મહર્ષિ પાણિનિના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણની મહત્તા, બલ્કે સર્વોત્કૃષ્ટતા કયા કયા મુદ્દે છે તે આંગળી મૂકીને બતાવવી. આશા રાખું છું કે આના વાંચનથી ઉપર્યુક્ત દ્વિવિધ જિજ્ઞાસા સંતોષાશે. અલબત્ત મારું આધુનિક ભાષાવિજ્ઞાનનું ઊંડું તલસ્પર્શી વાંચન નથી. પણ ભાષાવિજ્ઞાનની પરિભાષામાં પાણિનિને લગતાં જે અભ્યાસો પ્રકટ થાય છે તેને સમજવા પૂરતી જરૂરી સમજ મેં કેળવી છે; અને તે આ શાસ્ત્રના અભ્યાસીને થોડીક ઉપયોગી થઈ પડશે એમ મને જણાય છે.

વળી, આ પરિશીલંનની સાથો સાથ 'અષ્ટાધ્યાયી સૂત્રપાઠ' અને તેની 'અ કારાદિ ક્રમે સૂચી' પણ અહીં જોડી છે. તેનાથી સંશોધનકર્તા પ્રગત વિદ્યાર્થીઓને તે ઉપયોગી થઈ પડશે. આ સૂત્રપાઠમાં કયા પદની ક્યાં સુધી અનુવૃત્તિ ચાલે છે તેનું પ્રદર્શન કરવામાં આવ્યું છે; અને વચ્ચે વચ્ચે જરૂરી વાર્તિકોને પણ ગૂંથી લીધાં છે; તેથી સૂત્રપાઠની ઉપયોગીતામાં વધારો થશે જ. તદુપરાંત, આ સૂત્રપાઠના આરંભે તેની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવામાં જે સમસ્યા છે; અને તે દિશામાં જે પ્રયત્નો થયા છે તેનો પણ આછો પરિચય આપ્યો છે. આથી કોઈક શોધકર્તા વિદ્યાર્થીને ક્યારેક નવી પ્રેરણા પણ મળી રહેશે એવી આશા રાખું છું.

આ પુસ્તક તૈયાર કરવામાં જેમની શુભેચ્છાઓ અને મદદ મળી છે તે મારા સુહૃદ્ ડૉ. કમલેશકુમાર છ. ચોકસી; અને ચિ. કૃષ્ણા, ચિ. વિશ્વેશ અને સૌ. વૃન્દાને તો કેમ ભૂલાય ? તે આત્મીયોનો આભાર પણ કેવી રીતે મનાય ?! તેમને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. આ પુસ્તકના પ્રકાશક મિત્રતુલ્ય શ્રી અશ્વિનભાઈ શાહનો હૃદયપૂર્વક આભાર માનું છું.

વિશ્વમંગલ–દિન — વસન્તકુમાર મ. ભટ્ટ

૧–૫–૨૦૦૨
A-2 સુરભિ એપાર્ટમેન્ટ,
સુભાષ સોસાયટી, વિજય ચાર રસ્તા (પૂર્વ),
અમદાવાદ–૩૮૦ ૦૦૯.

અનુક્રમણિકા

પૃષ્ઠાંક

(૧) ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ પાણિનીય વ્યાકરણનું પરિશીલન ૧ થી ૫૮

0.0 ભૂમિકા : પાણિનિ અને તેમની 'અષ્ટાધ્યાયી'નો પરિચય ૧

1.0 ભાષાવિજ્ઞાનની દૃષ્ટિ ૮

2.0 પાણિનીય વ્યાકરણનું સ્વરૂપ ૧૦

3.0 અષ્ટાધ્યાયી—એક વર્ણનાત્મક વ્યાકરણ ૧૫

4.0 ફ્રેઝ સ્ટ્રક્ચર ગ્રામર, જનરેટીવ ગ્રામર અને ટ્રાન્સફરમેશનલ ગ્રામર. ૨૩

5.0 પાણિનીય વ્યાકરણમાં વાક્યસંસ્કાર—પક્ષ. ૩૧

5.5.1 સંસ્કૃત ભાષાના વિવિધ વાક્યો બાબતે પાણિનીય—વ્યાકરણનો અભિગમ. ૪૯

6.0 પ્રકીર્ણ મુદ્દાઓ ૫૩

7.0 ઉપસંહાર ૫૮

(૨) પાણિનિકૃત અષ્ટાધ્યાયીની પાઠસમસ્યા ૫૯ થી ૬૨

(૩) अष्टाध्यायी – सूत्रपाठः ૬૩ થી ૧૫૩

(૪) अ કારાદિક્રમે 'અષ્ટાધ્યાયી'નાં સૂત્રોની સૂચિ ૧૫૪ થી ૧૯૬

* * *

॥ श्रीः ॥

ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ

પાણિનીય વ્યાકરણનું પરિશીલન

0.0 મહર્ષિ પાણિનિ :

ભારતીય સંસ્કૃતિના પ્રાણ સમા ઋગ્વેદ વગેરે ચાર વેદોને ભણવા–ભણાવવા માટે, છ વેદાંગોની રચના કરવામાં આવી છે : ૧. શિક્ષા, ૨. કલ્પ, ૩. જ્યોતિષ, ૪. છન્દસ્, ૫. વ્યાકરણ અને ૬. નિરુક્ત. આ છ વેદાંગોમાંથી વ્યાકરણ વેદાંગનું વિશેષ મહત્ત્વ છે. કારણ કે વેદપુરુષની જે કલ્પના કરવામાં આવી છે તેમાં 'વ્યાકરણ'ને 'મુખ' કહ્યું છે.[૧] પ્રાચીન સમયમાં વ્યાકરણ–ગ્રન્થો તો અનેક વ્યક્તિઓએ રચ્યા હશે, પરંતુ પરંપરાગત રીતે મહર્ષિ પાણિનિકૃત "અષ્ટાધ્યાયી" વ્યાકરણને જ 'વ્યાકરણ–વેદાંગ' તરીકે માન્યતા મળેલી છે.

વૈદિક અને લૌકિક સંસ્કૃત ભાષાનું સંપૂર્ણ, અનવદ્ય અને નિતાન્ત લાઘવપૂર્ણ અને છતાંય વિશ્વતોમુખિ એવું વ્યાકરણ રજૂ કરવાનો દિવ્ય યશ મહર્ષિ પાણિનિને નામે સુપ્રતિષ્ઠિત થયેલો છે. પરંતુ પાણિનિના વ્યક્તિગત જીવન વિશે આધારભૂત કે શ્રદ્ધેય કહી શકાય એવી ઘણી ઓછી વિગતો મળે છે. જે કેટલીક વિગતો પ્રાયઃ અવિવાદાસ્પદ છે તે મુજબ એમના માંતાનું નામ 'દાક્ષી' હતું.[૨] અને તેઓ દાક્ષીપુત્ર કહેવાતા હતા.

તેઓ 'શલાતુર' ગામના વતની હતા[૩]; તથા તેમનો જીવનકાળ ઈ.સ. પૂર્વે ૬૦૦ થી ૫૦૦નો જણાય છે.[૪]. પણિન ઋષિના ગોત્રમાં જન્મેલા હોવાથી તે 'પાણિનિ' કહેવાયા. આ તેમનું ગોત્રનામ છે.[૫]

---

૧. छन्दः पादौ तु वेदस्य हस्तौ कल्पोऽथ पठ्यते ।
ज्योतिषामयनं चक्षुर्निरुक्तं श्रोत्रम् उच्यते ।
शिक्षा घ्राणं तु वेदस्य, मुखं व्याकरणं स्मृतम् ॥ – कस्यचित् ।

૨. सर्वे सर्वपदादेशा दाक्षीपुत्रस्य पाणिनेः ॥ (पा. सू. १–१–२० इत्यत्र व्याकरण-महाभाष्यम्, सं. कीलहोर्न; પ્રકા. ભાંડારકર ઓરિએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ, પૂણે, ૧૯૬૨ (પ્રથમ ભાગ, પૃ. ૭૫).

૩. शलातुरो नाम ग्रामः सोऽभिजनोऽस्यास्तीति शालातुरीयस्तत्रभवान् पाणिनिः । – गणरत्न-महोदधिः । (१–२) આ 'શલાતુર' ગામ આજના પાકિસ્તાનમાં રાવલપીંડીથી પશ્ચિમોત્તર દિશામાં આવેલું 'લાહુર' ગામ છે. (ગણરત્નમહોદધિ, સં. જુલિયસ એગ્લિંગ, પ્રકા. મોતીલાલ. દિલ્હી, ૧૯૬૩.)

૪. જુઓ : पाणिनिकालीन भारतवर्ष, : वासुदेवशरण अग्रवाल, मोतीलाल बनारसीदास, बनारस, वि. सं. २०१२ (पृ. ४६७–४६८).

૫. पणिनोऽपत्यमित्यण् पाणिनः । पाणिनस्यापत्यं युवा इति पाणिनिः । – कैयटः ।

0.1 'અષ્ટાધ્યાયી'–વ્યાકરણ ગ્રન્થનો પરિચય :

પાણિનિએ સંસ્કૃત ભાષાનું વ્યાકરણ રજૂ કરતો જે ગ્રન્થ રચ્યો છે, તેનું નામ 'અષ્ટાધ્યાયી' છે. આમાં આઠ અધ્યાય છે તથા દરેક અધ્યાયમાં ચાર–ચાર પાદ છે અને તે દરેકમાં ૧૦૦ થી ૧૨૫ જેટલાં સૂત્રો આવેલાં છે. કુલ સૂત્રસંખ્યા ૩૯૯૬ છે.[૬] આ સૂત્રોને પ્રકારની દૃષ્ટિએ છ પ્રકારોમાં વહેંચી કાઢવામાં આવ્યાં છે : ૧. સંજ્ઞા, ૨. પરિભાષા, ૩. નિયમ, ૪. વિધિ, ૫. અતિદેશ અને ૬. અધિકાર. સૂત્રશૈલીમાં રચાયેલા આ ગ્રન્થની પ્રશંસા કરતાં ભાષ્યકાર પતંજલિએ કહ્યું છે કે – આ 'અષ્ટાધ્યાયી' ગ્રન્થમાં જે સામર્થ્ય પડ્યું છે તેને જોતાં મને (પતંજલિને) એવું કશુંય જોવા મળતું નથી, કે જે અનર્થક – બીનજરૂરી હોય."[૭] તથા બ્લૂમફીલ્ડ જેવા આધુનિક ભાષાવૈજ્ઞાનિકે કહ્યું છે કે પાણિનિકૃત 'અષ્ટાધ્યાયી' એ તો – One of the greatest monuments of human intelligence.[૮]

'અષ્ટાધ્યાયી'ની વિષયવ્યવસ્થા : પાણિનિએ 'અષ્ટાધ્યાયી'ના પ્રથમ અધ્યાયમાં કેટલાંક સંજ્ઞાસૂત્રો અને પરિભાષાસૂત્રો આપેલ છે. બીજા અધ્યાયમાં વાક્યરચનામાં ઉપયોગી એવી વિભિન્ન કારકસંજ્ઞાઓને દ્વિતીયા–તૃતીયાદિ વિભક્તિઓનું વિધાન કરવામાં આવ્યું છે. તથા સમાસ અંગેનાં સૂત્રો આપેલાં છે. ત્રીજા અધ્યાયમાં ધાતુને લાગતા तिङ् અને कृत् પ્રત્યયોનું નિરૂપણ છે. આનાથી તિઙન્ત પદો (ક્રિયાપદ) અને કૃદન્ત પદોનું રૂપાખ્યાન બતાવ્યું છે. ચોથા અને પાંચમા અધ્યાયમાં, નામને તદ્ધિત પ્રત્યયો લગાવીને તદ્ધિતાન્ત નામો (નામ ઉપરથી નામ દા.ત. कुन्ता → कौन्तेयः) કેવી રીતે સાધી શકાય એ દર્શાવ્યું છે. આ બે અધ્યાયોમાં લગભગ ૧૧૯૦ સૂત્રો આવેલાં છે. છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં પ્રકૃતિ (નામ કે ધાતુ) + પ્રત્યયનો યોગ કર્યા પછી કયા કયા ધ્વન્યાત્મક ફેરફાર થાય છે ? અમુક શબ્દસ્વરૂપ કે અમુક વર્ણને – સ્થાનીને–સ્થાને કયો ફેરફાર (આદેશ) થાય છે ? એ વ્યાકરણની પ્રક્રિયાનું નિરૂપણ છે. છેલ્લા આઠમા અધ્યાયમાં સન્ધિવિષયક સૂત્રો રજૂ કરવામાં આવ્યાં છે. આમ 'અષ્ટાધ્યાયી'માં પ્રથમ વાક્યવિન્યાસ (Syntax), પછી નામ અને ક્રિયાપદનું રૂપાખ્યાન (Morphology) અને અન્તે સન્ધિ વિષયક (Morphophonemics) સૂત્રો આવેલાં છે.

'અષ્ટાધ્યાયી'ને ઉપકારક અંગો : પાણિનિએ 'અષ્ટાધ્યાયી' સૂત્રપાઠ રચવાની સાથે સાથે, તેને ઉપકારક એવાં ૧. ચૌદ માહેશ્વર સૂત્રો, ૨. ગણપાઠ અને ૩. ધાતુપાઠની પણ રચના કરી છે. આ ઉપરાંત, ઉણાદિસૂત્રો, પાણિનીય શિક્ષા અને લિંગાનુશાસન

---

૬. त्रीणि सूत्रसहस्राणि तथा नवशतानि च । षण्णवतिं च सूत्राणां पाणिनिः कृतवान् स्वयम् ॥

૭. सामर्थ्ययोगान्न हि किञ्चिदस्मिन् पश्यामि शास्त्रे यदनर्थकं स्यात् । द्रष्टव्यम् – व्याकरण-महाभाष्यम्; (६–१–७७ इत्यत्र).

૮. LANGUAGE, by Bloomfield.

નામના નાના ગ્રન્થો પણ પાણિનીય વ્યાકરણની સાથે સમ્બદ્ધ ગણવામાં આવે છે. આ બધાના કર્તૃત્વ વિશે અનેક વિવાદો પ્રવર્તે છે. અલબત્ત, તે ત્રણમાંથી એકેય પાણિનિરચિત તો નથી જ. આ રીતે, પરંપરામાં ૧. અષ્ટાધ્યાયી સૂત્રપાઠ, ૨. ગણપાઠ, ૩. ધાતુપાઠ, ૪. ઉણાદિસૂત્રો અને ૫. લિંગાનુશાસન – એટલાને 'પંચાંગ વ્યાકરણ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

0.2 પાણિનીય વ્યાકરણશાસ્ત્રની ત્રણ શાખાઓ :

પાણિનિએ સૂત્રશૈલીમાં 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ રચ્યા પછી લગભગ દોઢસો–બસો વર્ષે કાત્યાયન નામના વૈયાકરણ થઈ ગયા (જેમનું બીજું નામ 'વરરુચિ' પણ છે.) આ સમયગાળા દરમ્યાન ભાષામાં જે પરિવર્તનો થયાં હશે કે નવા શબ્દો પ્રચારમાં આવ્યા હશે તે દરેકને પાણિનિના વ્યાકરણમાં નોંધવાની–સમાવવાની–જરૂર ઊભી થઈ હતી. આથી તેમણે પાણિનિનાં સૂત્રો ઉપર 'વાર્ત્તિક' લખ્યાં છે. આવાં વાર્ત્તિકોની સંખ્યા વિપુલ છે. 'મહાભાષ્ય'માં પ્રાપ્ત થતાં વાર્ત્તિકોની સંખ્યા લગભગ ૪૩૯૩ જેટલી છે. વાર્ત્તિકનું લક્ષણ આ પ્રમાણે આપવામાં આવ્યું છે :

उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते ।
तं ग्रन्थं वार्त्तिकं प्राहुर्वार्त्तिकज्ञा मनीषिणः ॥

આ વ્યાખ્યા મુજબ કાત્યાયને પાણિનિનાં સૂત્રોનો અર્થ વિશદ કરવા અથવા તેનું હાર્દ સ્પષ્ટ કરવા માટે 'ઉક્તચિંતા પ્રવર્તક' પ્રકારનાં વાર્ત્તિકો લખ્યાં છે. ભાષામાં જે કાંઈ નવાં પરિવર્તનો થયાં તે દરેકને નોંધવા માટે 'અનુક્તચિંતા પ્રવર્તક' પ્રકારનાં વાર્ત્તિકો લખ્યાં છે. તથા કાત્યાયનની દૃષ્ટિએ પાણિનિનાં સૂત્રોમાં જે કાંઈ ઊણપવાળું–ક્ષતિવાળું– લખાણ હતું તેને માટે તેમણે 'દુરુક્તચિંતાપ્રવર્તક' પ્રકારનાં વાર્ત્તિકો લખ્યાં છે. પાણિનિનાં સૂત્રો ઉપર વાર્ત્તિક લખનાર કાત્યાયન ઉપરાંત અન્ય વાડવ અથવા કુણરવાડવ, ભારદ્વાજીય, સૌનાગ, ક્રોષ્ટ્રીય વગેરે વાર્ત્તિકકારો પણ થઈ ગયા છે. પરંતુ પરંપરાથી 'વાર્ત્તિકકાર' તરીકે કાત્યાયનનું નામ જ વધુ પ્રચલિત છે.

કાત્યયનના સમય પછી એટલે કે ઇ.સ. ૧૫૦–૨૦૦માં પતંજલિ નામના ત્રીજા વૈયાકરણ થઈ ગયા. તેમણે પાણિનિનાં સૂત્રો અને કાત્યાયનનાં વાર્ત્તિકો ઉપર 'વ્યાકરણ–મહાભાષ્ય'ની રચના કરી છે. આમાં કુલ ૮૫ આહ્નિક છે. આ આહ્નિકોમાં પાણિનિનાં કુલ ૩૯૮૩ સૂત્રમાંથી ૧૨૨૮ સૂત્રો ઉપર ભાષ્ય લખ્યું છે. આ સૂત્રોની ચર્ચા કરતી વખતે વચ્ચે વચ્ચે તેમણે કાત્યાયનના લગભગ ૪૩૯૩ જેટલાં વાર્ત્તિકોને પણ ચર્ચ્યાં છે. વાર્ત્તિકકારે ઘણે સ્થળે પાણિનિનાં સૂત્રોમાં ફેરફાર સૂચવ્યા છે, ઉમેરા કર્યા છે અથવા તો સમગ્ર સૂત્રનું ખંડન કરવાનો પણ પ્રયત્ન કર્યો છે. પરંતુ ભાષ્યકાર પતંજલિને આવો દૃષ્ટિકોણ માન્ય નથી. તેઓ ઘણે સ્થળે બતાવે છે કે 'મૂળ સૂત્રકારે જે સૂત્ર રચ્યું છે તે જ ઉચિત છે. પાણિનિના સૂત્રનો એકાદ અક્ષર પણ અનર્થક હોતો નથી, તો આખું

સૂત્ર તો ક્યાંથી અનર્થક હોય ?!' આમ પતંજલિ વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે (મહદંશે) વાર્ત્તિકોનું ખંડન કરે છે અને પાણિનિના સૂત્રનું જ સમર્થન–દૃઢીકરણ કરે છે. ગોલ્ડસ્ટુકરના શબ્દોમાં કહીએ તો 'કાત્યાયન પાણિનિના વિરોધી છે, પણ પતંજલિ કાત્યાયનના વિરોધી છે અને પાણિનિના મિત્ર છે."[૯] પરંતુ ભાષ્યનો સૂક્ષ્મ દૃષ્ટિએ અભ્યાસ કરતાં જણાય છે કે કાત્યાયન પાણિનિના માત્ર વિરોધી જ નથી; અને બીજી તરફ પતંજલિ પણ કાત્યાયનના માત્ર વિરોધી નથી. વાસ્તવમાં તો સંસ્કૃત વ્યાકરણને સુવ્યવસ્થિત, સુદૃઢ, અનવદ્ય અને સંપૂર્ણ કરવામાં ત્રણેય વૈયાકરણોનો અમૂલ્ય ફાળો છે. આથી તો આને "ત્રિમુનિ વ્યાકરણ" કહેવામાં આવે છે. આમ સૂત્ર, વાર્ત્તિક અને મહાભાષ્ય– એ ત્રણેય કૃતિઓ ભેગી મળીને જે વ્યાકરણ ઘડાયું તેને 'પાણિનીય વ્યાકરણ' કહે છે. તથા સંસ્કૃત વ્યાકરણના આ જ મુખ્ય આકર ગ્રન્થો ગણાય છે. વળી, આ ત્રણેયમાં यथोत्तरं मुनीनाम् प्रामाण्यम् । સ્વીકારાયું છે. અર્થાત્ તેઓમાં પરસ્પરમાં વિરોધ નથી. ઉત્તર, ઉત્તર મુનિનું વચન વધુ ગ્રાહ્ય ગણાય છે. પાણિનિ કરતાં કાત્યાયન, અને કાત્યાયન કરતાં પતંજલિનું વાક્ય અંતિમ સિદ્ધાન્ત રૂપે સ્વીકારાયું છે. (ભાષ્યવચનના અર્થઘટનની બાબતમાં નાગેશ ભટ્ટનું વચન વરિષ્ઠ ન્યાયમૂર્તિ સમાન સ્વીકારાય છે.)

આ ત્રણેય મુનિઓના સમય પછી, જે કોઈ પણ વ્યાકરણના ગ્રન્થો રચાયા છે તે સઘળા આ 'ત્રિમુનિ વ્યાકરણ'ના ટીકા–ટિપ્પણ કે વ્યાખ્યાન રૂપ જ છે. પાણિનીય વ્યાકરણના આ સમગ્ર વાઙ્મયને પ્રોફે. કે. વી. અભ્યંકરજીએ ત્રણ શાખાઓમાં વિભક્ત કરી બતાવ્યું છે :–

(क) શબ્દસિદ્ધિનું નિરૂપણ કરનારા ગ્રન્થો,

(ख) સૂત્રાર્થ નિર્ણયની ચર્ચા કરનારા ગ્રન્થો, તથા

(ग) શબ્દાર્થ નિર્ણયની ચર્ચા કરતા ગ્રન્થો.[૧૦]

(क) શબ્દસિદ્ધિ (Word–formation)નું નિરૂપણ કરતાં ગ્રન્થો, (જેને 'પ્રક્રિયા ગ્રન્થો' કે 'વૃત્તિગ્રન્થો' પણ કહે છે) તે (૧) વામન અને જયાદિત્ય–વિરચિત 'કાશિકા' (ઇ.સ. ૯૦૦), (૨) રામચન્દ્રવિરચિત 'પ્રક્રિયા કૌમુદી' (ઇ.સ. ૧૫૦૦), (૩) ભટ્ટોજિ દીક્ષિતપ્રણીત 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' (ઇ.સ. ૧૬૦૦–૧૬૫૦); તથા (૪) 'રૂપાવતાર' અને (૫) 'રૂપમાલા' જેવાં ગ્રન્થો પણ ગણાવી શકાય. (ભટ્ટોજિ દીક્ષિતના શિષ્ય શ્રી

---

૯. Kātyāyana, in short, does not leave the impression of an admirer or friend of Pāṇini, but that of an antagonist–often, too, of an unfair antagonist..... Patañjali often refutes the strictures of Kātyāyana and takes the part of Pāṇini, he sometimes overdoes his defence of Pāṇini, and becomes unjust to Kātyāyana. See : PĀNINI : His Place in Sanskrit Literature; by Theodor Goldstucker, Chowkhamba Sanskrit Series Office, Varanasi. 1965. (pp. 132–133).

૧૦. જુઓ : **परिभाषासङ्ग्रहः**, सं. के. वी. अभ्यंकर, भाण्डारकर ओरिएन्टल रीसर्च इन्स्टीटट्, पूर्णे, (प्रस्तावना पृ. २) १९६७.

વરદરાજે 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'ના બે સંક્ષિપ્ત રૂપાંતરો (૧) 'મધ્યસિદ્ધાન્તકૌમુદી' અને (૨) 'લઘુસિદ્ધાન્તકૌમુદી'ની રચના કરી છે.)

(ख) સૂત્રાર્થ–નિર્ણયમાં ઉપયોગી થાય એવાં પરિભાષાસૂત્રો (meta-rules)ની રચના તો પાણિનિએ પોતે જ કરી છે. પરંતુ આ ઉપરાંત પણ બીજાં કેટલાંક પરિભાષા વચનો નવાં ઘડી કાઢીને, પાણિનિનાં સૂત્રોનું અર્થઘટન કરવામાં તેમનો ઉપયોગ કરવામાં આવે છે. ઉત્તરવર્તી કાળમાં આવાં પરિભાષાવચનો એકત્ર કરીને, તેમની ઉપર જુદા જુદા પરિભાષાવૃત્તિગ્રન્થોની રચના કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે (૧) વ્યાડિકૃત (?) 'પરિભાષાસૂચન', (૨) પુરુષોત્તમદેવકૃત 'લઘુપરિભાષાવૃત્તિ' (ઇ.સ. ૧૨૦૦), (૩) સીરદેવની 'બૃહત્પરિભાષાવૃત્તિ' (ઇ.સ. ૧૨૫૦–૧૩૦૦) અને (૪) નાગેશકૃત 'પરિભાષેન્દુશેખર' (ઇ.સ. ૧૭૫૦)નો સમાવેશ થાય છે.

(ग) શબ્દાર્થ નિર્ણય (Semantics)ની ચર્ચા કરતાં ગ્રન્થોમાં સૌથી પહેલાં (૧) ભર્તૃહરિકૃત 'વાક્યપદીય' (ઇ.સ. ૪૦૦ થી ૫૦૦)ને નોંધવો જોઈએ. તે પછી (૨) ભટ્ટોજિ દીક્ષિતકૃત 'વૈયાકરણસિદ્ધાન્તકારિકા', (૩) તે કારિકાઓની ઉપર ભાષ્યરૂપે રચાયેલ કૌણ્ડભટ્ટકૃત 'વૈયાકરણસિદ્ધાન્તભૂષણ' અને (૪) નાગેશ ભટ્ટકૃત 'વૈયાકરણ-સિદ્ધાન્તમંજૂષા'. (આ છેલ્લા બે ગ્રન્થોના સંક્ષિપ્ત રૂપાંતરો 'વૈયાકરણસિદ્ધાન્તભૂષણસાર' અને 'વૈયાકરણસિદ્ધાન્તપરમ લઘુમંજૂષા' પણ) નોંધપાત્ર છે. આ ત્રણેય શાખાના ઉપર્યુક્ત પ્રમુખ ગ્રન્થો ઉપર અનેકાનેક ટીકા–ટિપ્પણ ગ્રન્થો અને ક્રોડપત્રાદિની રચના થઈ છે.[11]

0.3 'વ્યાકરણ એટલે શું ? वि + आ (બે ઉપસર્ગો) + √कृ ધાતુને 'કરણ' અર્થમાં ल्युट् (= अन) પ્રત્યય લાગવાથી व्याकरण શબ્દ બને છે. આની વ્યુત્પત્તિ જોઈએ તો व्याक्रियन्ते (पृथक् क्रियन्ते) शब्दा अनेन इति व्याकरणम् । અર્થાત્ જેના વડે શબ્દોને (= પદોને) પ્રકૃતિ + પ્રત્યય એવા વિભાગોમાં પૃથક્ કૃત કરીને દર્શાવવામાં આવે છે,



તેને 'વ્યાકરણ' કહે છે. દા.ત. भवति । એવા ક્રિયાપદમાં √भू सत्तायाम् ધાતુ (પ્રકૃતિ) છે; અને તેને 'કર્તા' અર્થમાં પ્રથમ પુરુષ એકવચનનો (પરસ્મૈપદી) ति પ્રત્યય લાગ્યો છે. તથા रामेण એવા નામપદમાં હ્રસ્વ अ કારાન્ત પુંલિંગ राम શબ્દ (પ્રકૃતિ)ને 'કર્તા' કે 'કરણ' અર્થમાં તૃતીયા વિભક્તિ એકવચનનો टा → इन પ્રત્યય લાગ્યો છે – એવી રીતે શબ્દોને પ્રકૃતિ–પ્રત્યયમાં વિભક્ત કરીને સમજાવવું એને શબ્દોનું

---

૧૧. જુઓ : संस्कृत व्याकरण शास्त्र का इतिहास, (भाग–१, २, ३); (नवीन संस्करण)–पं. युधिष्ठिर मीमांसक, रामलाल कपूर ट्रस्ट, सोनीपत (हरियाणा), वि. सं. २०४१.

'વ્યાકરણ' કર્યું એમ કહેવાય છે. 'વ્યાકરણ' શબ્દનો આવો વ્યુત્પત્તિજન્ય અર્થ એમ સૂચવે છે કે વ્યાકરણ–તન્ત્રની આકૃતિ ઊભા પિરામિડ જેવી છે.

પરંતુ મહર્ષિ પાણિનિએ રચેલા વ્યાકરણતન્ત્રનો અભ્યાસ કરતાં જણાશે કે અહીં 'વ્યાકરણ' શબ્દનો અર્થ पृथक्क्रियन्ते નથી; પણ व्याक्रियन्ते નો અર્થ निष्पाद्यन्ते व्युत्पाद्यन्ते संसाध्यन्ते शब्दा अनेन इति व्याकरणम् । એમ કરવાનો છે. અર્થાત્ પાણિનિએ રચેલું વ્યાકરણ તન્ત્ર તો પ્રકૃતિ + પ્રત્યયનું સમ્મેલન કરીને કેવી રીતે નામપદો અને ક્રિયાપદોનાં રૂપોની સિદ્ધિ = નિષ્પત્તિ કરવી ? એ દર્શાવે છે. ટૂંકમાં, આ પાણિનીય વ્યાકરણ શબ્દોનું પૃથક્કરણ નથી રજૂ કરતું, પણ પ્રકૃતિ + પ્રત્યયના સંયોજનની પ્રક્રિયા શીખવે છે. જેમ કે, રામ કુહાડીથી વૃક્ષને છેદે છે. અહીં 'કુહાડી એક વસ્તુ' + 'તેની સાધન રૂપે મળતી મદદ' એવો અર્થ વ્યક્ત કરવો હોય ત્યારે વસ્તુવાચક પ્રકૃતિ તરીકે



कुठार શબ્દ લઈશું અને 'સાધન' રૂપી અર્થ કહેવા માટે टा એવો પ્રત્યય લઈશું. પછી પાણિનિનાં સૂત્રોમાંથી મળતી જુદી જુદી સૂચનાઓનો અમલ કરીશું તો તે પ્રકૃતિ + પ્રત્યયમાં વપરાયેલા ધ્વનિઓમાં જુદા જુદા વિકારો થશે અને અંતે તે બન્ને અંશોનું સંયોજન કરાતાં कुठारेण એવું એક પદ સિદ્ધ થાય છે. આથી એમ દેખાય છે કે પાણિનીય વ્યાકરણની આકૃતિ ઊંધા પિરામિડ જેવી છે !

★ ★ ★

'વ્યાકરણ'ને 'શબ્દાનુશાસન' પણ કહે છે. અનુશાસન કરવું એટલે 'શિસ્તમાં લાવવું.' જેમ કે, અમુક અર્થમાં અમુક શબ્દ સાધુ (= પ્રયોગાર્હ) છે (અને અમુક શબ્દ અસાધુ, એટલે કે અપભ્રંશ છે; વ્યાકરણથી સમ્મત નથી) એવું જેમાં દર્શાવવામાં–સૂચવવામાં–આવે તેને 'શબ્દાનુશાસન' (Preceptive Grammar) કહે છે. મહાભાષ્યકાર પતંજલિએ પાણિનિના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણને માટે પણ આ 'શબ્દાનુશાસન' શબ્દ વાપર્યો છે. આમ પાણિનિનું વ્યાકરણ એ પ્રકૃતિ + પ્રત્યયનું સંયોજન શીખવે છે. તથા ભાષાનો કયો શબ્દ શિષ્ટમાન્ય છે–સાધુ છે (અને તદ્ભિન્ન કયો શબ્દ અસાધુ–વ્યાકરણથી અસમ્મત છે) એનો પણ નિર્ણય કરી આપે છે.

0.4 વ્યાકરણમાત્રનો વર્ણ્યવિષય :

જગત્‌ની કોઈપણ ભાષાની સંરચના તપાસવાની હોય છે ત્યારે તે ભાષાના વ્યાકરણમાં – (૧) તે ભાષાના શિષ્ટમાન્ય ધ્વનિઓ તેમના ઉચ્ચારણ સ્થાન–પ્રયત્નાદિ ધ્વનિતન્ત્ર (= phonetics) નો, (૨) નામપદો (noun–phrase) અને ક્રિયાપદોની (verb–phrase); તથા તે નામપદના પેટાભેદ રૂપે કૃદન્તો, સમાસો, તદ્ધિતાન્તાદિ શબ્દોની રૂપરચના (morphology)માં કેવા કેવા અર્થવાહક રૂપઘટકો (morphemes)

કામે લાગે છે તેનો, (૩) તે નામપદો દ્વારા વ્યક્ત થતાં કારકાર્થો અને ક્રિયાપદનો પરસ્પરમાં અન્વય થતાં રચાતાં વાક્યોનો, વાક્યોના પ્રકારોનો અને વાક્યમાં અપેક્ષિત અન્વય કે પદક્રમાદિ (Syntax) નો અભ્યાસ રજૂ કરવામાં આવે છે. (૪) આ ભાષાના જે તે ધ્વનિઓ, પદો અને વાક્યો–તે સાધન રૂપ છે; અને તેમના દ્વારા શ્રોતાને માટે અભિવ્યક્ત કરવામાં આવતા (સાધ્ય રૂપ) 'અર્થ' (meaning)/(Semantics) નો પણ, વ્યાકરણના એક ચોથા વર્ણ્ય વિષય તરીકે અભ્યાસ કરવામાં આવે છે. અલબત્ત, 'અર્થ'નું નિરૂપણ કરવા જ્યારે કોઈ વૈયાકરણ ઉદ્યત થાય છે ત્યારે તે એક મોટો પડકાર રૂપ બની રહેનારો વિષય છે. કેમ કે 'અર્થ'ની અંદર શબ્દોનો વાચ્યાર્થ (primary meaning), લક્ષ્યાર્થ (Secondary meaning) અને વ્યંગ્યાર્થ (Suggestive meaning) – એ ત્રિવિધ અર્થોનો સમાવેશ થઈ જતો હોય છે. આથી જ, ક્યારેક 'અર્થ'ને વ્યાકરણના વર્ણ્ય–વિષયોમાંથી બહાર રાખવાની પણ ભલામણ કરવામાં આવી છે, કે શાણપણ દાખવવામાં આવ્યું છે.[૧૨] આથી 'પાણિનીય વ્યાકરણ'ની સમીક્ષા કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે પાણિનિએ સંસ્કૃત ભાષાના (૧) ધ્વનિ, (૨) પદ, (૩) વાક્યો અને (૪) અર્થનો કઈ રીતે અભ્યાસ રજૂ કર્યો છે તેવી સર્વાંગીણ દૃષ્ટિથી તપાસમાં ઊતરવું જોઈએ.

0.5 પ્રસ્તુત પરિશીલનનું ધ્યેય :

પ્રસ્તુત પરિશીલનમાં ઉપર્યુક્ત સમીક્ષ્ય વિષયોનો તો અન્તર્ભાવ થઈ જ જશે. પરંતુ પાણિનીય વ્યાકરણ એની જે પ્રમુખ વિશેષતાઓને કારણે અજર, અમર અને વિશ્વપ્રસિદ્ધ બન્યું છે તે નીમ્નોક્ત વિશેષતાઓને આકારિત કરવામાં આવશે :

(૧) પાણિનીય વ્યાકરણ એ સંસ્કૃત ભાષાનું વર્ણનાત્મક વ્યાકરણ (Descriptive Grammar) છે.

(૨) તે સાધુ–પ્રયોગાર્હ એવા શબ્દો (= વાક્યો)નું નિષ્પાદક તન્ત્ર (Generative Grammar) છે.

(૩) તે વાક્ય સંસ્કાર પક્ષનો પુરસ્કાર કરતું (Sentence level નું) વ્યાકરણ છે.

(૪) તે એક અદ્વિતીય એવું લાઘવપૂર્વક રચાયેલું વ્યાકરણ છે; તથા

---

૧૨. The role of and approach to meaning in language is in important and vexations theme of inquiry. Formerly, many American linguists, in a mood of strong rejection of traditional grammar and influenced by a rather extreme behavioristic position, viewed meaning with suspicion..... Some have said that meaning lies totally outside the linguistic system, that it is a sort of network between cultural systems; some feel that it is to be analyzed as a quite separate problem; others, that it must be constantly taken into consideration.

See : **Americam Schools of Lingmistics,** by Eric. P. Hamp: Published in "Linguistics", Ed. by Archibald A. Hill, Voice of America Forum Series, Washington, 1978. (p. 280).

(૫) તે લોકની અને વેદની ભાષાનું એકત્ર યુગપદ્ ચર્ચા કરતું અપૂર્વ અને એકમાત્ર વ્યાકરણ છે.

પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં આ પાંચેય વિશેષતાઓને એક સાથે સિદ્ધ કરીને, બ્લૂમફીલ્ડના શબ્દોમાં કહીએ તો, સમગ્ર મનુષ્ય જાતની ઉત્તમોત્તમ બુદ્ધિમત્તાનો આવિષ્કાર સિદ્ધ કર્યો છે.

1.0 પાણિનિએ સંસ્કૃત ભાષાનું જે અનવદ્ય, સમ્પૂર્ણ અને છતાંય લાઘવપૂર્ણ વ્યાકરણ રચ્યું છે તે એના રચનાકાળથી આરંભીને આજદિન સુધી એક સરખું આદરણીય અને પ્રમાણભૂત મનાતું રહ્યું છે. પરંતુ આજની નવી પેઢીને તેમનું અદ્વિતીય વ્યાકરણ કયા દષ્ટિકોણથી રચાયેલું છે એનો પરિચય કરાવવો હોય અને તેની પ્રમુખ મહત્તાઓ તરફ ધ્યાન ખેંચવું હોય તો આધુનિક ભાષાવિજ્ઞાનની કેટલીક પરિભાષાઓનો ઉપયોગ કરવો વધુ ઉપકારક સિદ્ધ થશે.

1.1 સોસ્યુર (Ferdinand de Saussure 1857–1913) નામના એક યુરોપીય ભાષાવિદે[૧૩] ભાષામાત્રના અભ્યાસની બે પદ્ધતિઓ બતાવી છે : ભાષાને જ્યારે એની ઐતિહાસિક ઉત્ક્રાંતિના–પરિવર્તનના વિવિધ તબક્કાઓના–પરિપ્રેક્ષ્યમાં તપાસવામાં આવે ત્યારે તેને historical liguistics કહે છે. બીજા શબ્દોમાં આને ભાષાનો diachronic approach – અભિગમથી કરેલો અભ્યાસ કહે છે. પરંતુ ભાષાને જ્યારે ઐતિહાસિક દષ્ટિકોણથી નહીં, પણ કોઈ એક નિશ્ચિત સમયમાં તેનું પ્રવર્તમાન રૂપ કેવું હતું કે છે ? તે તપાસવામાં આવે ત્યારે તેને non-historical linguistics કહે છે.



બીજા શબ્દોમાં આને ભાષાનો diachronic approach – અભિગમથી કરેલો અભ્યાસ કહે છે. પરંતુ ભાષાને જ્યારે ઐતિહાસિક દષ્ટિકોણથી નહીં, પણ કોઈ એક નિશ્ચિત સમયમાં તેનું પ્રવર્તમાન રૂપ કેવું હતું કે છે ? તે તપાસવામાં આવે ત્યારે તેને non-historical linguistics કહે છે. બીજા શબ્દોમાં કહીએ તો, ભાપાને Synchronic approach અભિગમથી આમાં

૧૩. તેમના મુખ્ય ગ્રન્થનું નામ – 'Course in General Linguistics' છે. સોસ્યુરના લખાણોથી ૧૯મી સદીમાં વિકસેલા ભાષાશાસ્ત્ર–Comparative philology માંથી, ૨૦મી સદીમાં ઉદ્ભવેલા ભાષાવિજ્ઞાન–Linguistics-ની શરૂઆત થાય છે.

તપાસાય છે.[૧૪] ઉપરના ચિત્રમા C–D જે તીરના નિશાનથી સાંધ્યા છે તે એમ દર્શાવે છે કે ભાષા એક સતત પરિવર્તનશીલ જીવંત માધ્યમ છે. સમયના વહેણની સાથે સાથે તેમાં જે પરિવર્તનો આવ્યાં હોય છે તેનો તેમાં અભ્યાસ કરવામાં આવે છે. જ્યારે A અને B બિન્દુઓથી એવું સૂચવવું અભિપ્રેત છે કે અનંત સમયના કોઈ એક નિશ્ચિત ગાળામાં ભાષાનું સ્વરૂપ કેવું હતું / છે ? તેનો અહીં અભ્યાસ કરવો અભીષ્ટ છે. ભાષાની ઉત્ક્રાંતિ તપાસતાં પૂર્વે (એટલે કે ભાષાનો C → D 'ડાયક્રોનીક' એપ્રોચથી અભ્યાસ કરતાં પૂર્વે) કોઈ પણ ભાષાવૈજ્ઞાનિકે A – B પ્રકારનો 'સીન્ક્રોનીક' એપ્રોચથી અભ્યાસ કરવો આવશ્યક જ છે. કેમ કે પહેલાં એટલું નક્કી કરીએ કે સમયના અમુક નિશ્ચિત બિન્દુએ જે તે ભાષા અમુક સ્વરૂપની હતી, તો તે પછી જ તેની પૂર્વસ્થિતિ કેવી હતી અને પરવર્તી સ્થિતિ કેવી થતી ગઈ ? – એ ઐતિહાસિક દૃષ્ટિએ તપાસી શકાય. જ્યારે 'સીન્ક્રોનીક' એપ્રોચથી ભાષા કોઈ એક સમયબિન્દુએ કેવા સ્વરૂપવાળી છે ? તે સ્વતન્ત્ર રીતે તપાસી શકાય છે, તેમાં ડાયક્રોનીક એપ્રોચથી ભાષાના પૂર્વ સ્વરૂપનો અભ્યાસ કરેલો હોવો અપેક્ષિત નથી. સોસ્યુરે આને માટે એક દૃષ્ટાન્ત આપ્યું છે કે કોઈ રૂમમાં ચેસની રમત રમાતી હોય અને તમે એકાએક એ રૂમમાં પ્રવેશો તો, બાજીના જુદાં જુદાં મ્હોરાં સામ સામે કેવાં ગોઠવાયાં છે તેનો તમે સ્વતન્ત્ર અભ્યાસ કરી શકો છો. અહીં શરૂથી માંડીને વારાફરતી કેવા દાવ ખેલાયા અને પરિસ્થિતિ કેવાં કેવાં વળાંકો લેતી ગઈ એ તમે ન જાણતા હો તો પણ રમતની તત્ક્ષણનો ક્યાસ તો તમે કાઢી જ શકો.આમ સોસ્યુરે ભાષાઓનો અભ્યાસ કરવા માટે જે દ્વિવિધ પદ્ધતિઓ બતાવી છે, તેમાંથી પાણિનિએ 'સીન્ક્રોનીક' પ્રકારનો અભિગમ સ્વીકારીને એમના સમયમાં શિષ્ટ સમુદાયમાં સંસ્કૃત ભાષા કેવી રીતે બોલાતી હતી, ભાષામાં વપરાતાં વૈકલ્પિક દ્વિવિધ રૂપોમાંથી ક્યારે કયું રૂપ વાપરવું, કે અમુક પ્રકારનો સંભાષણ સન્દર્ભ હોય ત્યારે કેવું રૂપ, કઈ વિભક્તિ કે કેવું વાક્ય, કેવો સ્વરભાર વાપરવો એનું ઝીણી અને પૂરી વિગતો સાથે નિરૂપણ કર્યું છે.

અહીં એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે પાણિનિએ છન્દની (= વૈદિક) ભાષાનું અને લોકની (સંસ્કૃત) ભાષાનું જે વર્ણન કર્યું છે તેમાં વૈદિક ભાષામાંથી લૌકિક સંસ્કૃત ભાષા કેવી રીતે ઉતરી આવી છે ? – એટલે કે ડાયક્રોનીક એપ્રોચથી સંસ્કૃતનું નિરૂપણ કર્યું નથી. પરંતુ સીન્ક્રોનીક એપ્રોચથી જ બન્ને પ્રકારની સંસ્કૃત ભાષાનું એક સાથે

---

૧૪. He (–Saussure) sharply distinguished historical (diachronic) and non-historical ('Synchronic') approaches to language study. The former sees language as a continually changing medium; the latter sees it as a living whole, existing as a 'state' at a particular moment in time. In his diagram, AB represents a synchronic 'axis of simultaneities' – a language state at some point in time; CD is a diachronic 'axis of successions' – the historical path the language has travelled.

See : **The Cambridge Encyclopedia of Language,** Ed. Devid Crystal, Cambridge Univ. Press, Reprint. 1992 (p. 407).

સાથે નિરૂપણ કરવાનું સ્વીકાર્યું છે ! સંસ્કૃત ભાષાના જે તે અંગ બાબતે લોકમાં કેવી સ્થિતિ જોવા–સાંભળવા મળે છે, અને તે જ મુદ્દે વેદમાં શી સ્થિતિ પ્રવર્તે છે તે પણ તેઓ સાથે સાથે કહેતા જાય છે. દા.ત. (૧) લોકમાં रामः – रामौ – रामाः । એવાં રૂપો બને છે; પણ વેદમાં रामाः । ની સાથે સાથે रामासः । એવું એક અધિક રૂપ પણ બને છે એમ आज्जसेरसुक् । ૭–૧–૫૦ એવા સૂત્રથી તેઓ કહેતા જાય છે. (૨) प्र–परा–अप–सम् વગેરે प्रादि નિપાતો (અવ્યયો) ક્રિયાના યોગમાં વપરાય ત્યારે તેમને 'ઉપસર્ગ' કહેવાય છે એમ प्रादयः उपसर्गाः क्रियायोगे । ૧–૪–૫૮ કહ્યા પછી, વાક્યમાં તેનો પ્રયોગ કેવી રીતે થાય છે, એને વર્ણવતાં તેમણે કહ્યું છે કે – ते प्राग् धातोः । ૧–૪–૭૯, छन्दसि परेऽपि । ૧–૪–૮૦ અને व्यवहिताश्च । ૧–૪–૮૧. અર્થાત્ આ प्रादि ઉપસર્ગો (લોકની ભાષામાં) ક્રિયાવાચક ધાતુની બરાબર પૂર્વમાં (જ) વપરાય છે; જેમ કે – अधिगच्छति । પણ છન્દની અર્થાત્ વેદની ભાષામાં તે ક્રિયાપદની પાછળ (પશ્ચાત્ ક્રમે) પણ વપરાય છે; તથા ક્રિયાપદની સાથે બંધાયા વિના, આગળ પાછળ છુટા છવાયા પણ વપરાય છે. જેમ કે, अ॒भि यो वि॒श्वा भुव॑नानि॒ च॒ष्टे स म॒न्युं म॒र्त्ये॑ष्वा चिके॑त । (ऋ. सं. ૭–૬૧–૧) અહીં अभि + चष्टे ની વચ્ચે બીજાં નામપદો પણ વપરાયાં છે. આમ સોસ્યુરની પરિભાષામાં કહીએ તો પાણિનીય વ્યાકરણ 'સીન્ક્રોનીક' અભિગમથી રચાયેલું વ્યાકરણ છે.

2.0 પાણિનિએ જે અભિગમ સ્વીકારીને સંસ્કૃત ભાષાનું વ્યાકરણ રચ્યું છે તેની વાત આપણે ઉપર કરી. પરંતુ તેમના આ વ્યાકરણને કયા પ્રકારનું વ્યાકરણ કહેવું ? એવો જ્યારે પ્રશ્ન ઊભો થાય છે ત્યારે તેને સામાન્ય રીતે ''પરંપરાગત વ્યાકરણ'' (Traditional Grammar) એવું નામ અપાય છે. પણ 'પાણિનીય વ્યાકરણ'ને માટે આ શબ્દપ્રયોગ પુનઃ વિચારણીય છે : અંગ્રેજીમાં જ્યારે Traditional Grammar એવો શબ્દ વપરાય છે ત્યારે તેમાં – આધુનિક ભાષાવિજ્ઞાનનો ઉદય થતાં પૂર્વે, ભાષાના વ્યાકરણિક અભ્યાસમાં જે વિભિન્ન અભિગમો અને પદ્ધતિઓ વપરાતી હતી તેનો સંગ્રહ કરતા વ્યાકરણને Traditional Grammar કહે છે. અંગ્રેજી ભાષાના આ પરંપરાગત વ્યાકરણમાં ૨૦૦૦ વર્ષનો ગાળો સમાવાયો છે અને તેમાં પ્રશિષ્ટ ગ્રીક અને રોમન વૈયાકરણોનાં લખાણ રેનેઝાના ગાળાના લેખકો તથા ૧૮મા શતકના પ્રીસ્ક્રીપ્ટીવ ગ્રામર (આદેશાત્મક વ્યાકરણો)નો સમાવેશ થાય છે. આ લખાણોમાં એટલા બધા વિભિન્ન અભિગમો અપનાવાયા છે કે તેમાંથી કશું સામાન્યતત્ત્વ તારવવું મુશ્કેલ છે. વળી, આ વ્યાકરણિક અભ્યાસોમાં ભાષાનું પૃથક્કરણ કરવા માટે લેટિન ભાષાના શબ્દો વપરાતા હતા. પરંતુ આજના ભાષાવૈજ્ઞાનિકો આ ગાળાના વ્યાકરણમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો અભાવ છે એમ કહીને કંઈક નિંદાત્મક જણાતા સૂરમાં આ 'Traditional Grammar' શબ્દ વાપરે છે. પણ આવા T.G. ભલે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણના અભાવવાળા હોય, કે તે 'પ્રીસ્ક્રીપ્ટીવ' પ્રકારના હોય અથવા તેમાં ભલે કોઈ શાસ્ત્રીય કે સૈદ્ધાન્તિક ચર્ચાઓ ન હોય, તો પણ તેમાંના લખાણો નિરીક્ષણ ઉપર આધાર રાખનારા હતા અને પ્રયોગમૂલક અનુભવનો આદર કરનારા હતા એની તેઓ (= આધુનિક ભાષાવૈજ્ઞાનિકો) ભાગ્યે જ વાત કરે છે. વળી, આજની વ્યાકરણિક ચર્ચાઓમાં વપરાતી ઘણી પરિભાષાઓનાં મૂળ આ

T.G.માં રહેલા છે એમ પણ જોઈ શકાય છે. આજકાલ ભાષાવિષયક વિચારોનો ઇતિહાસ તપાસવાની દૃષ્ટિએ, આ T.G. માં નવો રસ જાગ્યો છે.[૧૫]

ઉપર્યુક્ત સન્દર્ભમાં, અંગ્રેજી ભાષાના આવા ટ્રેડિશનલ ગ્રામરને માટે, વપરાતો આ 'ટ્રે. ગ્રા.' શબ્દ પાણિનિના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણને માટે વાપરવો ઉચિત જણાતો નથી. જો કે, મહદંશે એવી જે માન્યતા પ્રવર્તે છે કે – પાણિનિનું વ્યાકરણ એ પણ 'પ્રીસ્ક્રીપ્ટીવ' વ્યાકરણ છે અને માટે, તેને 'ટ્રે. ગ્રા.' કહી શકાય, તો તે પણ ઉચિત નથી. કેમ કે પાણિનિનું વ્યાકરણ એ ખરેખર 'પ્રીસ્ક્રીપ્ટીવ' છે કે કેમ તે પણ તપાસવું જોઈએ અને જો તે મૂળભૂત રીતે 'પ્રીસ્ક્રીપ્ટીવ' ન હોય (પણ પાછળથી એને એવા સ્વરૂપે જોવાયું હોય) તો એને ટ્રે. ગ્રા. કહેવું ન જોઈએ.

★ ★ ★

હવે જો પાણિનીય વ્યાકરણને, ઉપર્યુક્ત રૂઢ અર્થમાં ટ્રે. ગ્રા. કહેવું ઉચિત ન હોય તો, (તે મુદ્દાનું સમર્થન કરવા માટે) એ 'પ્રીસ્ક્રીપ્ટીવ ગ્રા.' નથી, પણ 'ડીસ્ક્રીપ્ટીવ ગ્રામર' છે એ હકીકતને વિગતે તપાસવી પડશે. પરંતુ એ વિગતોમાં ઉતરીએ તે પહેલાં 'પ્રીસ્ક્રીપ્ટીવ ગ્રામર' અને 'ડીસ્ક્રીપ્ટીવ ગ્રામર'ના વિભાવોથી અવગત થવું પડશે :

2.1 પ્રીસ્ક્રીપ્ટીવ અને ડીસ્ક્રીપ્ટીવ ગ્રામર : એક ટૂંકી નિયમાવલી કે જેમાં ભાષાની વિવિધ રચનાઓને પૃથક્કૃત કરીને શિષ્ટ સમાજમાં સ્વીકૃત–સાચી ગણાતી–રચનાઓના નિયમો રજૂ કરવામાં આવ્યા હોય છે.[૧૬] આવા વ્યાકરણોથી અમુક જ પ્રકારના ભાષા પ્રયોગની રૂઢિ બંધાતી હોય છે. પ્રાથમિક કક્ષાએ શાળાઓમાં વપરાતાં વ્યાકરણો લગભગ આ પ્રકારનાં હોય છે. આવા વ્યાકરણથી અમુક જ પ્રકારના ભાષાપ્રયોગને અનુલ્લંઘ્ય નિયમ તરીકે રજૂ કરવામાં આવે છે; અને તેવા પ્રયોગને જ શુદ્ધ જાહેર કરવામાં આવે છે. એટલે કે 'પ્રીસ્ક્રીપ્ટીવ ગ્રામર' સ્વરૂપે મતાગ્રહી કે આદેશાત્મક હોય છે. તેથી કોઈ એક ભાષાની પ્રાન્તીય બોલીઓના વિભિન્ન સ્વરૂપોની વિગતોને ધ્યાનમાં લીધા વિના, બલ્કે એની ઉપરવટ જઈને તે શિષ્ટમાન્ય ભાષાના 'નિયમો' રજૂ કરે છે. જ્યારે 'ડીસ્ક્રીપ્ટીવ ગ્રામર' (વર્ણનાત્મક વ્યાકરણ) પ્રકારના વ્યાકરણમાં જે તે સમયમાં કોઈ એક નિશ્ચિત ભાષકસમુદાયમાં કેવી

---

૧૫. Traditional grammar – A term often used to summarize the range of attitudes and methods found in the period of grammatical study before the advent of linguistic science. The 'tradition' in question is over 2,000 years old, and includes the work of classical Greek and Roman grammarians, ...but linguists generally use the term pejoratively, identifying an unscientific approach to grammatical study, in which languages were analysed in terms of 'Latin, with scant regard for empirical facts.....and there is now fresh interest in the study of traditional grammar, as part of the history of linguistic ideas. – Ibid. p. 88.

૧૬. Prescriptive grammar -- A manual that focusses on constructions where usage is divided and lays down rules governing the socially correct use of language. See : **The Cambridge Encyclopedia of Language,** (p. 88).

ભાષા (કેવાં વાક્યો અને કેવાં રૂપો) વપરાય છે તેની પરિસ્થિતિનું યથાવત્ કેવળ નિરૂપણ (વર્ણન) જ થાય છે. (તેમાં અમુક જ પ્રકારના ભાષાપ્રયોગના આગ્રહનું નિરૂપણ હોતું જ નથી.)[૧૭] હા, તે ભાષક સમુદાય દ્વારા વપરાતી ભાષામાં સર્વસ્વીકૃત બનેલી રચનાઓમાં જે અંતર્નિહિત નિયમો હોય તેનું પણ, તે કેવળ વર્ણન કરે છે.

આધુનિક ભાષાવૈજ્ઞાનિકો ડીસ્ક્રીપ્ટીવ ગ્રામર અને પ્રીસ્ક્રીપ્ટીવ ગ્રામર વચ્ચે તફાવત આંકવાનો જે આગ્રહ સેવે છે તેનું કારણ એ જ છે કે ટ્રેડીશનલ ગ્રામર સ્વરૂપે 'અમુક જ રૂપ/વાક્ય રચનાઓ' વિષે આગ્રહ સેવનારું હતું. તે ગાળાના વૈયાકરણો એમ સમજતાં કે ભાષાશુદ્ધિના માપદંડો નક્કી કરવા અને જરૂર પડે ભાષકો ઉપર તે ભાષાશુદ્ધિના નિયમો લાદવા એ એમનું કર્તવ્ય છે.[૧૮] અંગ્રેજી ભાષાના ટ્રે. ગ્રા.ના આવા આદેશાત્મક વાક્યોથી આપણે પરિચિત છીએ કે – "You should never use a double negative." (I didn't do nothing). વગેરે.

2.2 પાણિનીય વ્યાકરણના સ્વરૂપ બાબતે ભારતીય પરંપરાનો અભિગમ : પાણિનીય વ્યાકરણ પ્રીસ્ક્રીપ્ટીવ ગ્રામર છે કે ડીસ્ક્રીપ્ટીવ ગ્રામર છે તે નક્કી કરતાં પહેલાં કેટલીક હકીકતો તરફ ધ્યાન આપવું પડશે. જેમ કે, પાણિનિએ પોતાનાં વ્યાકરણમાં જે 'સૂત્રો' આપ્યાં છે તે પ્રાયઃ સુબન્ત પદો (નામપદો)નાં જ બનેલાં છે. તેમાં ક્રિયાપદો સહિતનાં પૂર્ણ વાક્યો જોવાં મળતાં નથી. આથી પાણિનિને પોતાને 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ 'વર્ણનાત્મક પ્રકાર'નું બનાવવું અભીષ્ટ છે કે 'આદેશાત્મક પ્રકાર'નું – તે પ્રથમ દષ્ટિએ નક્કી થઈ શકે એમ નથી.

જ્યારે બીજી તરફ, પાણિનિનાં સૂત્રો ઉપર જે 'કાશિકા' અને 'વૈયાકરણ-સિદ્ધાન્તકૌમુદી' નામના બે મુખ્ય વૃત્તિગ્રન્થો લખાયા છે, તેમનો દૃષ્ટિકોણ પરસ્પરથી

---

૧૭. (i) The most important distinction, however, is the one that holds between transcendent (i.e. prescriptive) and immanent (i.e. descriptive) rules. Prescriptive **dos** and **don'ts** are commands (Do/Don't Say X !); descriptive **dos** and **don'ts** are statements (People do/don't say X). – See : **Language and linguistics,** by John Lyons, Pub. Cambridge Univ. Press, reprint, 1984 (p. 35)

(ii) Descriptive grammar – An approach that describes the grammatical constructions that are used in a language, without making any evaluative judgments about their standing in society. These grammars are common place in linguistics, where it is standard practice to investigate a 'corpus' of spoken or written material, and to describe in detail the patterns it contains. – See : **The Cambridge Encyclopedia of Language** (p. 88).

૧૮. .....that traditional grammar was very strongly normative in character. The grammarian saw it as his task to formulate the standards of correctness and to impose these, if necessary, upon the speakers of the language. See : Language and linguistics, by John Lyons, 1984 (p. 48).

તદ્દન વિરુદ્ધ છે ! જેમ કે, કાશિકાકાર સૂત્રોનો અર્થ આપતી વખતે વૃત્તિમાં સતત भवति । भवतः । કે भवन्ति । એવાં ક્રિયાપદો પ્રયોજે છે. જ્યારે ભટ્ટોજિ દીક્ષિત સૂત્રાર્થ આપતી વખતે વૃત્તિમાં સર્વત્ર स्यात् । स्याताम् । કે स्युः । એવાં વિધ્યર્થનાં ક્રિયાપદો વાપરે છે.

દા.ત. (१) सहयुक्तेऽप्रधाने । २–३–१९ (काशिका) सहार्थेन युक्ते अप्रधाने तृतीया विभक्तिर्भवति । पुत्रेण सहागतः पिता ॥ (कौमुदी) सहार्थेन युक्तेऽप्रधाने तृतीया स्यात् । पुत्रेण सहागतः पिता ।

(२) स्त्रियां क्तिन् । ३–३–९४ (काशिका) स्त्रीलिङ्गे भावादौ धातोः क्तिन् प्रत्ययो भवति ॥ (कौमुदी) स्त्रीलिङ्गे भावादौ क्तिन् स्याद्, घञोऽपवादः । चितिः । स्तुतिः ।

(३) इको यणचि । ६–१–७७ (काशिका) अचि परतः इको यणादेशो भवति । दध्यत्र । मध्वत्र ॥ (कौमुदी) इकः स्थाने यण् स्याद्, अचि संहितायां विषये । सुद्ध्युपास्यः ॥

અહીં સૂત્રાર્થો દર્શાવતી વખતે 'કાશિકાવૃત્તિ'માં જે भवति ('આમ થાય છે')/ અને 'કૌમુદી'માં જે स्याद् (આમ થવું જોઈએ) એવાં ક્રિયાપદો વપરાયેલાં જોવાં મળે છે એથી સૂચિત થાય છે કે કાશિકાકારની દૃષ્ટિએ પાણિનિ (નિત્યપક્ષનું આશ્રયણ કરીને) ભાષાનું (= ભાષામાં વપરાતાં વાક્યોની, રૂપોની અને તદ્ધિતાદિ રૂપોની સંરચનાનું) વર્ણન કરે છે. પરંતુ કાશીની પરંપરાના ભટ્ટોજિ દીક્ષિતે स्याद् એવા વિધ્યર્થના ક્રિયાપદથી એમ સૂચવ્યું છે કે એમની દૃષ્ટિએ (શબ્દ કાર્ય = ઉત્પાદ્ય છે તે પક્ષ અનુસાર) પાણિનિનાં સૂત્રોમાં ઉપદેશાત્મક કે આજ્ઞાપક પ્રકારનાં વચનો છે; કે જેમના દ્વારા પાણિનિએ અમુક (જ) પ્રકારના ભાષાપ્રયોગ વિશેનો પોતાનો આગ્રહ વ્યક્ત કર્યો છે. આમ, કાશીની વૈયાકરણ પરંપરામાં ભટ્ટોજિથી આરંભીને એવો અભિગમ સ્વીકારવામાં આવ્યો છે કે પાણિનીય વ્યાકરણ એ 'પ્રીસ્ક્રીપ્ટીવ ગ્રામર' છે.

2.3 પાણિનીય વ્યાકરણનો 'પ્રીસ્ક્રીપ્ટીવ ગ્રામર' તરીકેનો પ્રભાવ : પાણિનીય વ્યાકરણને 'પ્રીસ્ક્રીપ્ટીવ ગ્રામર' તરીકે નિરૂપવાનો ભટ્ટોજિ દીક્ષિતનો આ દૃષ્ટિકોણ તદ્દન અપ્રકટ સ્વરૂપે 'સિદ્ધાન્તકૌમુદી'માં વ્યક્ત થયો છે. તથાપિ અનુવર્તી કાળમાં તે નિરતિશયપણે આદરપાત્ર બન્યો છે. વળી, ભટ્ટોજિ દીક્ષિતની પણ પૂર્વે, ભામહાદિ સાહિત્યશાસ્ત્રીઓએ પણ કાવ્યસાહિત્યમાં વપરાયેલ શબ્દો પાણિનીય વ્યાકરણથી સમ્મત હોવા જોઈએ, નહીં તો કાવ્યમાં 'ચ્યુતસંસ્કૃતિદોષ' આવે = એવાં નિયામક વિધાનો શરૂ કર્યાં હતાં. જેના પરિણામે કાવ્ય–નાટકાદિના વ્યાખ્યાકારોએ પાણિનીય વ્યાકરણને માનદંડ બનાવીને ભાષાના ચોકીદાર બનવાનું જાણે–અજાણે પસંદ કર્યું છે. આથી કાલિદાસ, ભવભૂતિ આદિ કવિઓના જે શબ્દપ્રયોગો પાણિનીય વ્યાકરણથી સિદ્ધ થઈ શકે એમ ન હોય તેમને માટે આ ટીકાકારો તરત જ – अपाणिनीयम् इदम् (रूपम्) । 'આ રૂપ તો અપાણિનીય છે.' इति महाकवेः प्रमादः । इति दयनीयोऽयं प्रयोगः ।

એમ કહીને 'પાણિનિથી અસંમત પ્રયોગ એટલે 'અસાધું = અપ્રયોગાર્હ પ્રયોગ' એવો મત ઉચ્ચારતા રહ્યા છે.

પાણિનિના अन्यारादितरर्तेदिक्शब्दाञ्चूत्तरपदाजाहियुक्ते । ૨–૩–૨૯ સૂત્ર ઉપર હરદત્ત એમની 'પદમંજરી' ટીકામાં લખે છે કે – न माम् ऋते राम रमेत वाली । કે क्व कर्म प्रध्वस्तं फलति पुरुषाराधनम् ऋते । (શિવમહિમ્નસ્તોત્ર) ઇત્યાદિ પ્રયોગોમાં પાણિનિના ઉપર્યુક્ત સૂત્ર મુજબ તો ऋते એવા અવ્યયના યોગે પંચમી વિભક્તિ જ (पुरुषाराधनाद् ऋते) થવી જોઈએ. પણ શિવમહિમ્ન, શ્રીમદ્‌ભાગવત (૨–૯–૧, ૩૩) વગેરેમાં ऋते ની સાથે દ્વિતીયા પણ ક્યાંક વપરાયેલી જોવા મળે છે. આવા પ્રયોગને કેવા ગણવા ? તો કહે છે કે – 'કવિઓ તો નિરંકુશ હોય છે !'[૧૯] તેઓ વ્યાકરણને વશ–વર્તતા નથી. માટે 'આ દયા ખાવા જેવો પ્રયોગ છે' એમ કહીને જતા કરવા ! એવી જ રીતે, મહાભારત કે રામાયણ જેવા ઇતિહાસ ગ્રન્થમાં જો કોઈ અપાણિનીય રૂપ દેખાય તો, દા.ત.,

मा निषाद ! प्रतिष्ठां त्वम् अगमः शाश्वती समाः ।
यत्क्रौञ्चमिथुनादेकमवधीः काममोहितम् ॥

વાલ્મીકિના આ પ્રથમ શ્લોકમાં જ નિષેધાર્થક 'मा' અવ્યયની સાથે 'अगमः' એવું लुङ् લકાર (અદ્યતન ભૂતકાળ)નું રૂપ પાણિનિ–સમ્મત નથી. પાણિનિએ न माङ् योगे । ૬–૪–૭૪ સૂત્રથી કહ્યું છે કે – "लुङ् લકારના રૂપની પૂર્વે ભૂતકાળનો વાચક अट् આગમ વપરાતો નથી, જો તે વાક્યમાં નિષેધાર્થક मा અવ્યયનો યોગ હોય તો." આ સૂત્ર મુજબ मा गमः । રૂપ જ સાચું ગણાય. તો આવાં રૂપોને માટે ટીકાકારો કહેતા હોય છે કે આ 'આર્ષપ્રયોગ' (ઋષિઓ કરેલો પ્રાચીનતમ સમયનો) છે, માટે તેને સામાન્ય વપરાશનો પ્રયોગ ગણવો નહીં.

અલબત્ત, કાલાન્તરે કવિઓના અપાણિનીય પ્રયોગોને માટે થોડીક અસહિષ્ણુતા ઘટી પણ જણાય છે. કેમ કે तन्त्रान्तरेण/व्याकरणान्तरेण साधुः । "પાણિનિના નહીં, તો બીજા કોઈના વ્યાકરણતન્ત્રથી અમુક પ્રયોગ સાધુ હશે" એમ કહીને, ટીકાકારો જે તે કવિને માફ કરે છે. અથવા પાણિનિનાં સૂત્રોમાંથી થોડીક ખેંચતાણ કરી, નવાં જ્ઞાપકવચનો ઊભા કરીને, મહાકવિઓના 'અપાણિનીય પ્રયોગો'નું તેઓ સાધુત્વ બોધન કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ ટીકા ગ્રન્થોમાં જોવાં મળતાં આ વાક્યો જ એવું સૂચવે છે કે પાણિનિના વ્યાકરણને એના રચનાકાળ પછી ક્રમશઃ 'પ્રીસ્ક્રીપ્ટીવ ગ્રામર' રૂપે જોવાનું અને એને એ રીતે પ્રતિષ્ઠિત કરવાનું વલણ રહ્યું છે. પરંતુ પાણિનિને પોતાને 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ કેવા પ્રકારનું–'ડીસ્ક્રીપ્ટીવ' કે 'પ્રીસ્ક્રીપ્ટીવ' પ્રકારનું–બનાવવું

૧૯. कथं 'न मामृते राम दमेत वाली' इति । 'क्व कर्म प्रध्वस्तं फलति पुरुषाराधनमृते' इति च । निरङ्कुशाः कवयः ॥ (काशिका, सं. द्वारिकाप्रसादशास्त्री, तारा पब्लीकेशन, वाराणसी, १९६७, भाग–२, पृ. १८७).

અભીષ્ટ હતું ? તે જ ખરી તપાસનો વિષય હોવો ઘટે. અગાઉ કહ્યું છે તેમ પાણિનિએ સૂત્રશૈલીનું આશ્રયણ કરીને, પ્રાયઃ સુબન્તપદોથી જ પોતાનું વ્યાકરણ રચ્યું છે. તેથી ક્રિયાપદોની ગેરહાજરીમાં આ વ્યાકરણ 'ડીસ્ક્રીપ્ટીવ' છે કે 'પ્રીસ્ક્રીપ્ટીવ' છે ? એ એકદમ નક્કી થઈ શકે એમ નથી. પરંતુ 'અષ્ટાધ્યાયી'માં બીજાં કેટલાંક સન્દર્ભો મળે છે, જેને તપાસવાથી એવું ચોક્કસ નક્કી થઈ શકશે કે પાણિનિને પોતાને તો 'ડીસ્ક્રીપ્ટીવ' પ્રકારનું વ્યાકરણ આપવું જ અભીષ્ટ હતું.

3.0 પાણિનીય વ્યાકરણ : એક વર્ણનાત્મક વ્યાકરણ : મહર્ષિ પાણિનિ જ્યારે પોતાનું 'અષ્ટાધ્યાયી' વ્યાકરણ રચે છે ત્યારે તે પોતાના વ્યાકરણ દ્વારા કોઈ અપૂર્વ (નવી) ભાષાનું ઘડતર કરી રહ્યા છે એવું તો નથી. કેમ કે, સંસ્કૃત ભાષા તો પાણિનિની પૂર્વેના કાળથી પ્રચલનમાં આવી ગયેલી ભાષા છે. જેમાં ઋગ્વેદ, મૈત્રાયણીસંહિતા, કાઠકસંહિતા, તૈત્તિરીયસંહિતા, અથર્વવેદ, સમ્ભવતઃ સામવેદ, ઋગ્વેદનો પદપાઠ, પૈપ્પલાદશાખા, બ્રાહ્મણ ઉપનિષદ્, મહાભારતનું મૂલ અને ઉપબૃંહિત સંસ્કરણ, નટસૂત્ર, શિશુક્રન્દીય, યમસભીય, ઈન્દ્રજનીય જેવા લૌકિક કાવ્યગ્રન્થો (જુઓ : પાણિનિકાલીન ભારતવર્ષ, વાસુદેવ શરણ અગ્રવાલ, મોતીલાલ બનારસી દાસ, વારાણસી, વિ. સં. ૨૦૧૨ પૃ. ૪૬૯) વગેરેનો સમાવેશ થાય એટલા સાહિત્યની રચના પણ થઈ ચૂકી હતી. તથા પ્રજાકીય દૈનંદિન વ્યવહારમાં પણ તે ભાષા વપરાશમાં આવી ચૂકેલી છે.[૨૦] આ દૃષ્ટિએ, પાણિનિપ્રણીત વ્યાકરણને માટે 'ભાષા પહેલી હોય અને પછી જ તેના વ્યાકરણની રચના થઈ હોય' એવી આવશ્યક શરત રૂપ પરિસ્થિતિ સ્વાભાવિક રીતે જ સિદ્ધ થયેલી છે.

3.1 શબ્દનું પ્રયોગક્ષેત્ર અને 'વર્ણનાત્મક' વ્યાકરણ રચવાની આદર્શ પદ્ધતિ : પતંજલિએ વ્યાકરણ રચનાની પદ્ધતિ અંગે પુરાતનકાળની એક કથા કહી છે : બૃહસ્પતિએ ઈન્દ્રને ભાષામાં વપરાતા તમામ શબ્દોને વારાફરતી લઈને સમજાવવા શરૂ કર્યા – પ્રતિપદનો પાઠ શરૂ કર્યો. દિવ્ય સહસ્ર વર્ષ જેટલો સ્વાધ્યાયકાળ પસાર થઈ ગયા પછી પણ સંસ્કૃત ભાષાના તમામ શબ્દોનું વ્યાખ્યાન પૂર્ણ ના થઈ શક્યું ! આમ કોઈ ભાષાનું વર્ણન કરવા માટે, તે ભાષાના પ્રત્યેક શબ્દનું અન્વાખ્યાન કરવું તે સમુચિત ઉપાય નથી. જ્યારે બીજી તરફ જોઈએ તો શબ્દનું પ્રયોગક્ષેત્ર પણ અત્યંત વિશાળ છે. જેમ કે, સાત દ્વીપવાળી પૃથ્વી, ત્રણ લોક, વેદાંગો અને રહસ્યો (ઉપનિષદો) સહિતના ચાર વેદ, તે દરેકની અનેક શાખાઓ. દા.ત. યજુર્વેદની ૧૦૦, સામવેદની ૧૦૦૦, ઋગ્વેદની ૨૧ અને અથર્વવેદની ૯ શાખાઓ પ્રચલિત છે. એ ઉપરાંત વાકો, વાક્ય,

---

૨૦. પાણિનિએ વેદોમાં વપરાયેલી ભાષા માટે छन्दसि, आर्षे જેવા શબ્દો વાપર્યા છે. તથા બ્રાહ્મણગ્રન્થો, સૂત્રગ્રન્થોમાં વપરાયેલી અને શિષ્ટનાગરિકોમાં બોલાતી લૌકિક સંસ્કૃત ભાષા માટે (કેવળ) 'भाषा' એવો શબ્દ વાપર્યો છે. (દા.ત. भाषायां सदवसश्रुवः । ३–२–१०८, णेश्छन्दसि । ३–२–१३७).

ઇતિહાસ (રામાયણ—મહાભારત), પુરાણ, વૈદ્યક શાસ્ત્ર વગેરે ગ્રન્થો—એ શબ્દનું પ્રયોગક્ષેત્ર છે. આ બધાને આવરી લે એવું વ્યાકરણ રચવા માટે પાણિનિએ ''ઉત્સર્ગાપવાદની પદ્ધતિ'' અજમાવી છે એમ પતંજલિ કહે છે.[૨૧] ઉદા.ત. સુબન્ત પદો (નામપદો)ની રૂપસિદ્ધિ વર્ણવતી વખતે પાણિનિએ જુદાં જુદાં શબ્દ સ્વરૂપોના સમૂહ બનાવીને, તેમને अजन्त, अदन्त, ह्रस्वान्त, हलन्त, एजन्त, झलन्त, घि संज्ञक, नदी संज्ञक, आबन्त એવાં વિશેષણોથી ઓળખાવ્યાં છે. આ વિશેષણોનો વિનિયોગ કરીને સામાન્યપણે એક સામટી अदन्त (= હ્રસ્વ अ કારાન્ત) શબ્દોની, કે हलन्त (= વ્યંજનાન્ત) શબ્દોની નિષ્પત્તિ સમજાવી છે. જેમ કે, अतो भिस ऐस् । ૭—૧—૯ ''હ્રસ્વ अ કારાન્ત શબ્દોની પરમાં આવેલા भिस् પ્રત્યયના સ્થાનમાં ऐस् આદેશ થાય છે.'' જેથી राम + भिस् → राम + ऐस् = रामैः । આ એક જ સૂત્રથી હ્રસ્વ अ કારની कृष्ण, मुकुन्दादि પુંલિંગ શબ્દો, वन, फलादि નપુંસકલિંગ શબ્દો, सर्व, विश्व જેવાં સર્વનામો અને चतुर, कुशल आदि જેવાં વિશેષણોની રૂપસિદ્ધિ આવરી લેવાય છે. આવાં સૂત્રોને 'ઉત્સર્ગશાસ્ત્ર' કહે છે. એવી જ રીતે બધા હ્રસ્વ इ કારાન્ત અને उ કારાન્ત શબ્દોની 'घि' સંજ્ઞા જાહેર કરીને, તેની મદદથી कवि, हरि, विष्णु, भानु વગેરે શબ્દોની રૂપસિદ્ધિ વર્ણવી છે. પણ सखि શબ્દ હ્રસ્વ इ કારાન્ત હોવા છતાંય તેની घि સંજ્ઞાનો તેમણે નિષેધ કર્યો છે. કેમ કે ભાષામાં આ શબ્દની રૂપસિદ્ધિ અનિયમિત છે.[૨૨] તેથી તેને માટે વિશેષસૂત્રો બનાવીને તેની રૂપસિદ્ધિ વર્ણવી છે. જેમ કે, सख्युरसम्बुद्धौ । ૭—૧—૯૨, अनङ् सौ । ૭—૧—૯૩ વગેરે. આવી જ રીતે, पति શબ્દ પણ હ્રસ્વ इ કારાન્ત છે. તથાપિ તેની કેવળ સામાસિક સ્થિતિમાં (गणपति, रमापति માં) જ कवि ની જેમ રૂપસિદ્ધિ થાય છે. આમ પાણિનિ ભાષામાં વપરાતાં અનિયમિત શબ્દોને માટે જુદી વ્યવસ્થા આપે છે, જેને 'અપવાદસૂત્ર' કહે છે. ટૂંકમાં, મહર્ષિ પાણિનિએ ભાષામાં વપરાતાં અસંખ્ય રૂપોની સિદ્ધિ અશેષપણે બતાવવા માટે જે 'ઉત્સર્ગાપવાદ'ની પદ્ધતિ અજમાવી છે તે એમ સૂચવે છે કે — એમણે એમના સમયમાં પ્રચલિત એવી ભાષાનું ઝીણી અને પૂરી વિગતો સાથે નિરીક્ષણ કરીને 'વર્ણન' (Description) કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે.

3.2 પાણિનિએ ભાષામાં જે શબ્દોની રૂપસિદ્ધિ એક સમાન રીતે થતી જોઈ, તેમનો પહેલાં સમૂહ—'ગણ'—બનાવી લીધો છે; અને એક તરફથી પોતાનાં સૂત્રોમાં લાઘવ લાવવા માટે તેમણે प्रादयः । ૧—૪—૫૮, राजदन्तादिषु परम् । ૨—૨—૩૧, सर्वादीनि सर्वनामानि । ૧—૧—૨૭ એવો (आदि શબ્દની સાથે બહુવ્રીહિ સમાસ કરીને, દા.ત.

---

૨૧. कथं तर्हि इमे शब्दाः प्रतिपत्तव्याः । किञ्चित्सामान्यविशेषवल्लक्षणं प्रवर्त्यं येनाल्पेन यत्नेन महतो महतः शब्दौघान्प्रतिपद्येरन् । किं पुनस्तत् । उत्सर्गापवादौ । कश्चिदुत्सर्गः कर्तव्यः, कश्चिदपवादः ॥ — व्याकरणमहाभाष्ये पस्पशाह्निकम् ।

૨૨. कविः — कवी — कवयः । ની સામે 'सखि' શબ્દનાં રૂપો જોઈએ તો सखा — सखायौ — सखायः । છે.

'सर्वादि' । અર્થાત્ સર્વ શબ્દ છે આદિમાં જેની એવા ગણમાં આવેલા શબ્દોની 'સર્વનામ' સંજ્ઞા થાય છે, એવો) નિર્દેશ કર્યો છે; (અને ભાષામાં વપરાતાં તમામ સર્વનામો વગેરેની પહેલાં યાદી તૈયાર કરી લીધી છે) તો બીજી તરફથી, આમાંના ઘણા ગણોને તેમણે (ગણપાઠમાં) 'આકૃતિગણ' રૂપે ઓળખાવ્યા છે. 'આકૃતિગણ'નો અર્થ થાય છે કે આ ગણમાં જે જે શબ્દો સંગૃહીત કર્યા છે, તે પ્રકારના—તેવા આકારવાળા—અન્ય શબ્દો પણ જો ભવિષ્યમાં ક્યાંક જોવા મળે તો તેમનો પણ આ ગણમાં સમાવેશ કરી લેવો. વર્ણનાત્મક પ્રકારનું વ્યાકરણ લખનાર વૈયાકરણને માટે, આવી યુક્તિ ઊભી કરવી અત્યંત આવકાર્ય છે. (જુઓ : ગણરત્નમહોદધિ, ૧—૧૯).

3.3 પાણિનિએ જે સામાસિક શબ્દોની નિયમિત રીતે વ્યુત્પત્તિ (નિષ્પત્તિ) દર્શાવી શકાય એમ નથી તેમને માટે पृषोदरादीनि यथोपदिष्टम् । ૬—૩—૧૦૯ જેવું સૂત્ર બનાવ્યું છે. આ સૂત્ર કહે છે કે "पृषोदर, बलाहक વગેરે સામાસિક શબ્દો શિષ્ટો વડે જેવી રીતે વાપરવામાં આવે છે, તેમને તેવાને તેવા જ સ્વરૂપે સ્વીકારી લેવા, પ્રયોગાર્હ ગણવા." જેમ કે, पृषत् + उदरम् માંથી पृषोदरम् શબ્દ બની શકે એમ નથી. કેમ કે વચ્ચે त् કાર પડેલો છે. આથી અહીં त् લોપ થયો છે એમ માની લેવું. તો જ આ पृषत् + उदरम् માંથી पृषोदर । શબ્દ બની શકે એમ છે. એ જ પ્રમાણે, वारि + वाहक (જળનું વહન કરનાર)માંથી बलाहक (= વાદળનો પર્યાય) શબ્દ બન્યો છે એમ સ્વીકારવું. આમાં પૂર્વપદના व કારનું ब કારમાં પરિવર્તન અને ઉત્તરપદના व કારનું ल કારમાં પરિવર્તન માની લેવાનું છે. આ કોઈ નિયમિત એવી વ્યાકરણિક પ્રક્રિયા નથી.

આવી જ રીતે, 'निपातनसूत्र' તરીકે ઓળખાતાં સૂત્રોમાં પણ જે શબ્દોની યાદી સંગૃહીત કરવામાં આવી હોય છે, તે શબ્દો પણ પાણિનિની દૃષ્ટિએ પ્રાયઃ અવ્યુત્પન્ન છે (અથવા તો નિયમિત એવી કોઈ વ્યાકરણિક પ્રક્રિયાથી સમજાવી શકાય એવા નથી.) આમ પાણિનિએ ભાષામાં નિયમિત રીતે વ્યુત્પન્ન થતાં શબ્દોને વર્ણવી દીધા પછી, જે શબ્દો રૂઢિથી જ ભાષામાં આવી પડેલા જોયા છે (निपतन्ति भाषायाम्) — તેમને પણ વર્ણનાત્મક વ્યાકરણની પરિધિમાં સમાવી લેવા 'निपातन' પ્રકારનાં સૂત્રો પણ આપ્યાં છે.[૨૩]

3.4 પાણિનિએ સમાસ, તદ્ધિત કે સન્ધિ વગેરે વિષયોનું નિરૂપણ કરતી વખતે અનેકવાર संज्ञायाम् । प्रशंसायाम् । गर्हायाम् । आक्रोशे । क्षेपे । જેવા શબ્દો મૂકીને, જે તે શબ્દની રૂપસિદ્ધિ માટે વ્યવહાર જગત્ નો કેવો સંભાષણ સન્દર્ભ હોય તો તે રૂપસિદ્ધિ કરવી એને પણ ઉલ્લેખ્યો છે. જેમ કે, (૧) नित्यं क्रीडाजीविकयोः ।

૨૩. દા.ત. अचतुर–विचतुर–सुचतुर–स्त्रीपुंस–धेन्वनडुह–र्कसाम–वाङ्मन–साक्षिभ्रुव–दारगवो–र्वष्ठीव–पदष्ठीव–नक्तन्दिव–रात्रिन्दिवा–र्हदिव–सरजस–निःश्रेयस–पुरुषायुष–द्वयायुष–त्र्यायुष–र्ग्यजुष–जातोक्ष–महोक्ष–वृद्धोक्षो–पशुन–गोष्ठश्वाः ॥ ૫–૪–૭૭.

૨—૨—૧૭ થી કહ્યું છે કે 'ક્રીડા' (કોઈક રમતનું નામ), કે 'આજીવિકા' એવો અર્થ દર્શાવવો હોય ત્યારે કર્ત્રર્થક अक પ્રત્યયાન્ત શબ્દની સાથે ષષ્ઠ્યન્ત પદનો નિત્ય (તત્પુરુષ) સમાસ થાય છે : દા.ત. उद्दालकस्य पुष्पाणि भज्यन्ते यस्यां क्रीडायाम् । એ અર્થ વ્યક્ત કરવા માટે 'उद्दालकपुष्पभञ्जिका' (= क्रीडा) । એવો સમાસ વપરાય છે. આવો સામાસિક શબ્દ એક ક્રીડાનું નામ (સંજ્ઞા) બને છે. પરંતુ જ્યારે 'કોઈ છોકરી ઉદ્દાલકના (બગીચાના) પુષ્પો તોડે છે' (उद्दालकस्य पुष्पाणाम् भञ्जिका = कन्या) એમ કોઈ છોકરીનો ઉલ્લેખ કરવો હોય ત્યારે, કેવળ વિગ્રહ વાક્ય જ વપરાય છે; (સમાસ થતો નથી). (૨) खट्वा क्षेपे । ૨—૧—૨૬ સૂત્રથી કહ્યું છે કે નિન્દાનો ભાવ વ્યક્ત કરવો હોય ત્યારે खट्वा છે પ્રકૃતિ જેની એવા દ્વિતીયાન્ત પદનો (= खट्वाम् નો) કર્મણિભૂતકૃદન્ત = त પ્રત્યયાન્ત શબ્દની સાથે 'દ્વિતીયા તત્પુરુષ' સમાસ થાય છે : खट्वाम् आरूढः इति = खट्वारूढः । (વડીલો આવ્યા તોય ખાટલે બેસી રહેલો વ્યક્તિ). (૩) क्षेपे । ૨—૧—૪૭, पात्रेसमितादयश्च । ૨—૧—૪૮ સૂત્રથી કહે છે કે 'पात्रेसमिता' શબ્દ છે આદિમાં જેની એવા पात्रेसमितादि ગણમાં આવેલા સામાસિક શબ્દો નિન્દા વ્યક્ત કરવા માટે સમાજમાં રૂઢ થઈ ગયેલા છે. દા.ત. पात्रेसमिताः । (કેવળ ભોજન સમયે ભેગા થનારા, ખરા કામના પ્રસંગે નાસી જનાર); गेहेशूरः । गेहे नर्दी । 'ઘરમાં શૂરવીર', 'ઘરમાં ગાજનારો (બાયલો) વગેરે. અહીં સપ્તમી અલુક્ સમાસો થયેલા છે. આ પ્રકારનાં અન્ય સૂત્રો પણ ઉદ્ધૃત' કરી શકાય : द्विषोऽमित्रे। ૩—૨—૧૩૧, नादिन्याक्रोशे पुत्रस्य । ૮—૪—૪૮, यज्ञकर्मण्यजपन्यूंखसामसु । ૧—૨—૩૪, કે प्रत्यभिवादे चाशूद्रे । ૮—૨—૮૩. અહીં યજ્ઞકર્મમાં કે જપાદિ કર્મોમાં વેદમન્ત્રો સ્વર સાથે બોલવા કે નહીં, અથવા શૂદ્રભિન્નને પ્રત્યભિવાદન કરવાના સન્દર્ભમાં પ્લુતિકરણ કરવું કે નહીં ? ઈત્યાદિનું નિરૂપણ કર્યું છે.

3.5 પાણિનિએ કેટલાંક સૂત્રોમાં प्राक् અને उदक् શબ્દો દ્વારા 'પૂર્વ ભાગના પ્રાન્તોમાં' અને 'ઉત્તરભાગના પ્રાન્તો'માં કેવા શબ્દો વપરાય છે તેની અલગ અલગ નોંધો કરી છે. જેમ કે, एङ् प्राचां देशे । ૧—૧—૭૫ તથા उदीचां वृद्धादगोत्रात् । ૪—૧—૧૫૭. દા.ત. આ ૪—૧—૧૫૭ થી કહ્યું છે કે ઉત્તરના પ્રાન્તોમાં आम्रगुप्त નો દીકરો आम्रगुप्तायनिः । (તદ્ધિત) કહેવાય છે અને પૂર્વના દેશોમાં તેને आम्रगुप्तिः । કહેવાય છે. આ સન્દર્ભમાં કાશિકાકારે એક શ્લોક પણ ઉદ્ધૃત કર્યો છે, જે ઘણો સૂચક છે :—

प्रागुदञ्चौ विभजते हंसः क्षीरोदके यथा ।
विदूषां शब्दसिध्यर्थं सा नः पातु शरावती ॥ (૧-૧-૭૫ इत्यत्र काशिका).

"વિદ્વાનોને શબ્દસિદ્ધિ કરવાનો પ્રશ્ન ઊભો થાય ત્યારે હંસ જેવી રીતે દૂધ—પાણીને છુટા પાડે, તેવી રીતે શરાવતી નદી પણ પૂર્વના દેશોને અને ઉત્તરના દેશોને અલગ પાડી આપે છે, આવી શરાવતી નદી અમારું (વૈયાકરણોનું) રક્ષણ કરો." પદમંજરીકાર હરદત્ત આને સમજાવતાં લખે છે કે શરાવતી નામની નદી ઉત્તરપૂર્વાભિમુખ

વહે છે, તેની દક્ષિણ–પૂર્વે જે પ્રાન્ત આવેલો છે તેને 'પ્રાગ્દેશ' કહે છે અને ઉત્તરપશ્ચિમનો ભાગ તે 'ઉદગ્દેશ' ગણાય છે.[૨૪] આમ પાણિનિએ ભૌગોલિક મર્યાદાઓના પરિપ્રેક્ષ્યમાં પણ શબ્દસિદ્ધિ વર્ણવી છે.

3.6 પાણિનિએ તદ્ધિતપ્રત્યયોનું વિધાન કરતી વખતે કહ્યું છે કે – उदक् च विपाशः । ૪–૨–૭૪. "વિપાશ નદીના ઉત્તર કિનારે જે કૂવાઓ આવેલા છે તેમનું તદ્ધિતપ્રત્યયથી નામાભિધાન કરવું હોય ત્યારે अञ् (ञित्) પ્રત્યય લગાડવો." જેથી दत्तेन निर्वृतः कूपः । (દત્તે બનાવેલો કૂવો) તે दात्तः । (कूपः) કહેવાય છે. અહીં अञ् એવો ञित् પ્રત્યય લાગ્યો હોવાથી ञ्नित्यादिर्नित्यम् । ૬–૧–૧૯૭ સૂત્રથી 'ञिदन्त અને निदन्त શબ્દોમાંથી આદ્યુદાત્ત સ્વર થાય છે. એ નિયમાનુસાર दात्तः । શબ્દ આદ્યુદાત્ત રૂપે બોલાશે. પરંતુ આનો ફલિતાર્થ એવો છે કે (સૂત્રકાર એમ કહેવા માંગે છે કે વિપાશ્ નદીના દક્ષિણ કિનારે આવેલા કૂવાઓને માટે જ્યારે તદ્ધિતાન્ત શબ્દ બનાવાય ત્યારે તેને (अञ् પ્રત્યય નહીં લાગતાં), अण् પ્રત્યય લાગે છે. જેથી दत्तेन निर्वृतः इति दात्त (कूपः) એવો શબ્દ બને છે. અહીં आद्युदात्तश्च । ૩–૧–૩ સૂત્ર દ્વારા 'પ્રત્યય પોતે આદ્યુદાત્ત થાય છે' – એ નિયમથી दात्त । માં त् કારોત્તરવર્તી अ(ण्) કાર રૂપ પ્રત્યયમાં ઉદાત્તત્વ રહેશે. આમ એક નદીના ઉત્તર કિનારે અમુક શબ્દ કેવા સ્વર સાથે બોલાય છે. તથા તે જ શબ્દ નદીના દક્ષિણ કિનારે કયા સ્વર સાથે બોલાય છે એની ઝીણી વિગતોનું સર્વેક્ષણ સૂત્રકારે કર્યું છે અને તેનું યથાર્થ વર્ણન કર્યું છે.[૨૫]

3.7 પાણિનિએ ભાષામાં સમાનાર્થક બે પ્રકારના શબ્દો પણ વપરાતાં જોયા છે. હવે આવા વૈકલ્પિક શબ્દરૂપોની નોંધ લેવા માટે તેમણે પોતાનાં સૂત્રોમાં वा, विभाषा કે अन्यतरस्याम् જેવા શબ્દો વાપર્યા છે. જો કે કાત્યાયન અને પતંજલિ સહિતના અનુગામી તમામ વૈયાકરણોએ, આ વિકલ્પવાચક શબ્દોને અવિશેષપણે વિકલ્પાર્થક જ લીધા છે. સૂત્રકારે वा શબ્દ વાપર્યો હોય કે विभाषा અથવા अन्यतरस्याम् – પણ આ શબ્દોથી રજૂ થતાં બન્ને વૈકલ્પિક રૂપોમાં અર્થની દૃષ્ટિએ કશો તફાવત નથી, બન્ને સમાનાર્થક જ છે એમ પરંપરા સમજે છે. પરંતુ પરંપરા, એ વિચારવાનું માંડી વાળે છે કે જો પાણિનિને ભાષામાં વપરાતાં બે વૈકલ્પિક રૂપોની નોંધ જ લેવી છે તો પછી, આ લાઘવમૂલક વ્યાકરણમાં કેવળ वा એવા ટૂંકામાં ટૂંકા વિકલ્પાર્થક અવ્યયથી જ તેની નોંધ કેમ નથી લીધી; અને विभाषा કે अन्यतरस्याम् જેવા વધુ અક્ષરોવાળા ગૌરવગ્રસ્ત શબ્દો

---

૨૪. शरावती नाम नदी उत्तरपूर्वाभिमुखी, तस्या दक्षिणपूर्वस्यां दिशि व्यवस्थितो देशः प्राग्देशः, उत्तरपरस्यामुदग्देशः । तौ शरावती विभजते । तथा मर्यादया तयोर्विभागो ज्ञायते । (काशिका – पदमञ्जरी – पृ. २५९–६० प्रथमो भागः)

૨૫. दत्तेन निर्वृतः कूपो दात्तः । गौप्तः ॥ 'उदक्' इति किम् ? दक्षिणतो विपाशः । कूपेष्वणेव । – दात्तः । गौप्तः । स्वरे विशेषः । महती सूक्ष्मेक्षिका वर्तते सूत्रकारस्य ॥ ४–२–७४ इत्यत्र काशिका, (तृतीयो भागः) पृ. ५६८.

વાપરીને કેમ તે વિકલ્પોની નોંધ લીધી છે ?[૨૬] જ્યારે પોલ કિપાર્સ્કી જેવા એક અમેરિકન ભાષા વૈજ્ઞાનિકે આ પ્રશ્ન હાથ ધરીને 'PĀṆINI – As a Variationist' એ નામના શકવર્તી ગ્રન્થમાં[૨૭] જણાવ્યું છે કે પાણિનિએ એમના સમયમાં પ્રચલિત એવી ભાષાનું 'વર્ણનાત્મક વ્યાકરણ' રચતી વખતે લોકમાં વપરાતી ભાષામાં જ્યારે સમાનાર્થક બે રૂપો પ્રવર્તમાન હોય ત્યારે વક્તાઓને માટે, તે બે રૂપોમાંથી કોઈ એકને માટે પસંદગીની માત્રા પણ જુદી જુદી હોય છે, અને એક સૂક્ષ્મદર્શી વૈયાકરણને માટે એ પસંદગીની માત્રાને પણ કોઈક રીતે નોંધવી જરૂરી બને છે ! જેમ કે, પોલ કિપાર્સ્કીએ ઉપર્યુક્ત ગ્રન્થમાં જણાવ્યું છે કે – પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં – (૧) જ્યાં 'वा' શબ્દ વાપરીને નવા વૈકલ્પિક રૂપનો નિર્દેશ કર્યો હોય ત્યાં તે નવું વૈકલ્પિક રૂપ વધુ આવકાર્ય છે – વધુ પ્રયોગાર્હ છે એમ જાણવું. (૨) જ્યાં विभाषा એવા શબ્દનો ઉપયોગ કરીને, જે વૈકલ્પિક રૂપનો પ્રસવ કર્યો હોય તે નવું વૈકલ્પિક રૂપ વધુ પસંદ કરવા યોગ્ય હોતું નથી, તથા ભાષામાં પણ તે ઓછું વપરાતું જોવા મળે છે એમ જાણવું. તથા (૩) જ્યાં अन्यतरस्याम् શબ્દ દ્વારા બે વૈકલ્પિક રૂપોની નોંધ લેવાઈ હોય ત્યાં તે બન્ને રૂપો અવિશેષપણે એકસરખા પસંદ કરવા યોગ્ય છે એમ જાણવું. આમ પાણિનિએ એક જીવંત–લોકમાં પ્રચલિત–એવી સંસ્કૃત ભાષાના અનેકવિધ વૈકલ્પિક રૂપોમાંથી વક્તાને માટે કયું રૂપ કેટલે અંશે વરણીય કે પ્રાયઃ ત્યાજ્ય કે કાદાચિત્ક ગણાતું હશે તેની નોંધ લીધી છે.[૨૮] ઉદાહરણ તરીકે જોઈએ તો –

(૧) બે પ્રકારનાં વૈકલ્પિક રૂપોમાંથી वा શબ્દ દ્વારા જ્યાં વરણીય રૂપનો–અવતાર કરવામાં આવ્યો છે તે આમ છે : (क) आत्मनेपदम् । १–३–१२, क्रमः ।

---

૨૬. નાગેશ ભટ્ટે તો पर्यायशब्दानां गौरवलाघवचर्चा नाद्रियते । (પરિભાષેન્દુશેખર) 'वा, विभाषा વગેરે પર્યાયવાચી શબ્દોના ગૌરવલાઘવની ચર્ચાનો આદર કરવામાં આવતો નથી' એવી એક પરિભાષા પણ રજૂ કરી છે ! અને આ પ્રશ્ન પ્રત્યે આંખમીંચામણાં કર્યાં છે.

૨૭. Pāṇini As a Variationist – by Paul Kiparsky; Ed. S. D. Joshi, Pub. University of Poona, PUNE. 1980.

૨૮. Contrary to tradition, the three words are not synonymous, but are used to denote different preferences among optional variants. They are to be translated as follows :

Vā – 'or rather', 'usually', 'preferably'.

Vibhāṣā – 'or rather not', 'rarely', 'preferably not', 'marginally'.

Anyatarasyām – 'either way', 'sometimes', 'optionally', 'alternatively'.

This three–way distinction enables Pāṇini's rules to register the stylistic preferences among variants which are characteristic of any living language in its natural state. – Pāṇini As a Variationist, by Paul Kiparsky, University of Poona, Pune, 1980, (p. 1).

१–३–३९ અને પછી अनुपसर्गाद्वा । १–३–४३ એવી સૂત્રશ્રેણી દ્વારા '√क्रम ધાતુનો આત્મનેપદ અને પરસ્મૈપદમાં પણ પ્રયોગ થઈ શકે છે' એમ કહ્યું છે. પણ અહીં આ વિકલ્પ 'वा' શબ્દના પ્રયોગ દ્વારા નોંધાયો હોવાથી; પોલ કિપાર્સ્કીના મતે, ० + क्रमते । એવું આત્મનેપદવાળું રૂપ જ વધુ વરણીય છે; જ્યારે ० + क्रमति । એવું પરસ્મૈપદવાળું રૂપ ઓછું ગ્રાહ્ય છે. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના સર્વેક્ષણ દ્વારા આ મુદ્દાનું સમર્થન થાય છે. (ख) વેદની ભાષામાં દીર્ઘ ઈ કારાન્ત સ્ત્રીલિંગ શબ્દનાં રૂપો कुमारी + औ । માંથી कुमार्यौ અને कुमारी । એમ બે પ્રકારે થતાં જોવાં મળે છે. હવે, આ બે પ્રકારના વૈકલ્પિક રૂપોમાંથી 'कुमारी' એવું (પ્રથમા/દ્વિતીયા વિભક્તિ દ્વિવચન) રૂપ વેદમાં વધુ પ્રમાણમાં વપરાયેલું જોવા મળે છે. તેથી પાણિનિએ તેની રજૂઆત નીચે મુજબના સૂત્રથી કરી છે : प्रथमयोः पूर्वसवर्णः । ६–१–१०२, नादिचि । ६–१–१०४, दीर्घाज्जसि च । ६–१–१०५ तथा वा छन्दसि । ६–१–१०६. અહીં वा શબ્દના પ્રયોગ દ્વારા સૂચવ્યું છે કે – વેદમાં તો कुमारी + औ । માંથી વિકલ્પે પૂર્વસવર્ણ દીર્ઘ થઈને कुमारी (દ્વિવચનમાં) (અને कुमारीः એવું બહુવચનમાં) જેવું રૂપ જ મહદંશે વપરાતું હોય છે. વેદમાં આ શબ્દના રૂપોનું સાંખ્યિક પરિગણન આ મુદ્દાનું સમર્થન કરે છે.

(૨) બે પ્રકારનાં વૈકલ્પિક રૂપોની સાધનિકા વર્ણવતાં જ્યારે विभाषा શબ્દ દ્વારા કોઈ વિકલ્પ દર્શાવવામાં આવે છે ત્યારે તે વિભાષા શબ્દજનિત રૂપ ભાગ્યે જ વપરાતું હોય છે, તે આવકાર્ય કે વધુ પ્રયોગાર્હ નહીં ગણાતું રૂપ હોય છે એમ પોલ કિપાર્સ્કી માને છે. જેમ કે, (क) बहुव्रीहौ सक्थ्यक्ष्णोः स्वाङ्गात् षच् । ५–४–११३, उरःप्रभृतिभ्यः कप् । ५–४–१५१, પછી शेषाद् विभाषा । ५–४–१५४ સૂત્રો દ્વારા બહુવ્રીહિ સમાસના અન્તે (સમાસાન્ત પ્રત્યય તરીકે), कप् પ્રત્યયનું વિધાન કર્યું છે. 'શેષ' અર્થાત્ અગાઉનાં સૂત્રોથી જ્યાં/જેમને સમાસાન્ત પ્રત્યયનું વિધાન નથી થયું એવા બધાં–અવશિષ્ટ–સન્દર્ભોમાં क(प्) પ્રત્યય વિકલ્પે લાગી શકે છે. દા.ત. बहुखट्वकः અથવા बहुखट्वः । પરંતુ અહીં ५–४–१५४ થી જે સમાસાન્ત क પ્રત્યયનું વિધાન છે તે विभाषा શબ્દથી કરવામાં આવેલ છે. તેથી તે क પ્રત્યયવાળું – बहुखट्वकः રૂપ ભાષામાં ઘણું ઓછું વપરાતું રૂપ છે એમ સૂચવાય છે. આમ, બહુવ્રીહિ સમાસમાં જે જે શબ્દોની પ્રકટ ગણતરી અગાઉનાં સૂત્રોથી નથી કરી, તેવા સન્દર્ભોમાં क પ્રત્યયાન્ત રૂપ, પાણિનિનાં મતે બહુ પસંદ કરવા જેવું નથી એમ જાણવું. આનું સમર્થન સ્વયં પાણિનિએ પોતાનાં સૂત્રોમાં જ્યાં બહુવ્રીહિ સમાસવાળા શબ્દો વાપર્યા છે તેનું અધ્યયન કરવાથી થાય છે. દા.ત. (१) शर्परे विसर्जनीयः । ८–३–३५. અહીં પાણિનિએ शर्परके એવું क પ્રત્યયાન્ત રૂપ વાપર્યું નથી. (२) क्रीतात् करणपूर्वात् । ४–१–५. અહીં करणपूर्वकात् એવું રૂપ વાપર્યું નથી. (३) ष्णान्ता षट् । १–१–२४. અહીં ष्णान्तका એવું રૂપ વાપર્યું નથી. (४) असंयोगात् लिट् कित् । १–२–५. અહીં कित्कः એવો क પ્રત્યયાન્ત બહુવ્રીહિ વાપર્યો નથી.

(ख) એ જ પ્રમાણે, अन्यस्य दुक् । ६–३–९६ અને अर्थे विभाषा । ६–३–१०० સૂત્ર દ્વારા, अर्थ શબ્દ પરમાં રહેતાં, अन्य શબ્દને दुक् (= द्) આગમનું વિધાન કર્યું છે; પણ તે આગમવિધાન विभाषा શબ્દ દ્વારા કર્યું હોવાથી, જે अन्यदर्थ અને अन्यार्थ એવાં બે રૂપો જન્મી શકે છે, તેમાંથી दुक् આગમવાળું – એટલે કે अन्यदर्थे – રૂપ સાહિત્યમાં ક્યારેક જ/ક્યાંક જ વપરાયેલું જોવા મળે છે. જ્યારે अन्यार्थे રૂપ જ વધુ પ્રચલિત છે.

આમ સંસ્કૃત ભાષાનું વર્ણનાત્મક વ્યાકરણ રચતી વખતે, પાણિનિએ તેમના સમયની ભાષામાં વપરાતાં તે તે વૈકલ્પિક રૂપોની નોંધ લેવાની સાથે સાથે તેમાંનું કયું રૂપ શિષ્ટોને માટે વધુ વરણીય છે, કે કયું રૂપ ક્યારેક જ વપરાય છે, અથવા બન્ને રૂપો એકસરખાં પ્રચારમાં છે તેની वा, विभाषा, अन्यतरस्याम् જેવા જુદા જુદા વિકલ્પવાચક શબ્દોથી ઝીણવટભરી નોંધ લીધી છે.

3.8 પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં એક સન્દર્ભ એવો પણ મળે છે કે જેમાં પાણિનિએ પોતાના પૂર્વાચાર્યોએ કરેલાં લિંગ અને સંખ્યા વિષયક વિધાનો (prescription) નું ખંડન કર્યું છે ! જેમ કે, जनपदे लुप् । ४–२–८१ સૂત્રથી કહ્યું છે કે – '(અમુક લોકોનું) જનપદ (= નિવાસ સ્થાન)' એવું દર્શાવતા ચાતુરર્થિક તદ્ધિત પ્રત્યયનો લુપ્ (લોપ = અદર્શન) થાય છે. આવા સન્દર્ભો માટે પૂર્વાચાર્યોએ જે એક સૂત્ર રચ્યું હતું તે પાણિનિએ આ પ્રમાણે ઉદ્ધૃત કર્યું છે : लुपि युक्तवद्व्यक्तिवचने । १–२–५१ ''(ચાતુરર્થિક પ્રત્યયનો) લુપ્ થયો હોય ત્યારે ('જનપદ' અર્થમાં પણ) પ્રકૃતિના જેવા જ લિંગ અને સંખ્યા (બોધકત્વ)નું વિધાન થાય છે – એમ જાણવું.'' દા.ત. पञ्चालानां जनपदः (निवासः) इति पञ्चालाः । (પંચાલોનું નિવાસસ્થાન તે પણ 'પંચાલ' જ કહેવાય છે.) અહીં पञ्चालाः – એ નિવાસકર્તા પંચાલ ક્ષત્રિયોનો પણ વાચક છે અને તેમાં જે પુંલિંગત્વ અને બહુવચનત્વ છે; તે જ 'પંચાલો જ્યાં રહે છે તે સ્થાન (જનપદ)' વાચક શબ્દમાં પણ ચાલુ રહે છે : पञ्चालाः जनपदः ॥ હવે, અહીં પાણિનિ આ પૂર્વાચાર્યોના વિધાનનું ખંડન કરતાં કહે છે કે तदशिष्यं संज्ञाप्रमाणत्वात् । १–२–५३ ''યુક્તવદ્ભાવનું અનુશાસન (prescription) કરવાની જરૂર નથી; કારણ કે આવા જનપદોને માટે નામ રૂપે જે સંજ્ઞાઓ વપરાતી હોય છે તે કયા લિંગમાં અને કયા વચનમાં વાપરવી એ તો લોકતઃ જ સિદ્ધ હોય છે; (એને માટે વ્યાકરણકારોએ કોઈ વિધાનો કરવાની જરૂર નથી.)[२९]

---

२९. व्यक्तिवचने इति च लिङ्गसंख्ययोः पूर्वाचार्यनिर्देशः, तदीयम् एवेदं सूत्रम् । तथा चास्य प्रत्याख्यानं भविष्यति–तदशिष्यं संज्ञाप्रमाणत्वात् इति । .....तेषां निवासो जनपदः । यथा तेषु क्षत्रियेषु व्यक्तिवचने, तद्वज्जनपदे भवतः – पञ्चालाः, मगधाः ॥ – काशिका (प्रथमो भागः) पृ. ३५४.

એવી જ રીતે, તેમણે प्रधानप्रत्ययार्थवचनम् अर्थस्य अन्यप्रमाणत्वात् । ૧–૨–૫૬ સૂત્ર દ્વારા કહ્યું છે કે – "(ભાષામાં જ્યારે કોઈ પદ સાંભળીએ ત્યારે આપણને) પ્રકૃત્યર્થ અને પ્રત્યયાર્થ–એ બન્ને સમજમાં આવે છે, પણ તેમાંથી પ્રત્યયના અર્થનું (જ) પ્રાધાન્ય હોય છે–એમ જાણવું" – એવાં વિધાનોનું અનુશાસન કરવાની પણ જરૂર નથી. કારણ કે એ અનુભવ પણ લોકતઃ સિદ્ધ છે.

3.9 પાણિનિએ જે વાક્યસંઘટના નિરૂપી છે તેમાં तद्, एतद्, इदम्, यद् વગેરે સર્વનામથી વાચ્ય વ્યક્તિ, युष्मद् વાચ્ય શ્રોતા અને अस्मद् વાચ્ય વક્તાને માટે ક્રમશઃ 'પ્રથમ પુરુષ' (Third person), 'મધ્યમ પુરુષ' (Second person) અને 'ઉત્તમ પુરુષ' (First person) સંજ્ઞાવાળા तिङ् પ્રત્યયોથી બનેલાં ક્રિયાપદો વપરાય છે એમ કહ્યું છે. પરંતુ "જો કોઈની મજાક મશ્કરી કરવાનો સન્દર્ભ હોય તો √मन् ધાતુ છે ઉપપદમાં જેની, એવા (અન્ય) ક્રિયાવાચક ધાતુને મધ્યમ પુરુષના પ્રત્યય લાગે છે અને √मन् ધાતુને પોતાને ઉત્તમ પુરુષનો એકવચનનો પ્રત્યય લાગે છે" એવું प्रहासे च मन्योपपदे मन्यतेरुत्तम एकवच्च । ૧–૪–૧૦૬ સૂત્રથી કહ્યું છે. દા.ત. "તું તો માનતો હોઈશ કે હું રથમાં બેસીને જઈશ (પણ તે રથ તો ભાંગી ગયો છે)" – એવું પરિહાસ માટે આપણે કોઈને કહેવું હોય તો – त्वं (युवां કે यूयम्) मन्ये, अहं रथेन यास्यसि । એવી ઉદ્દેશ્ય અને ક્રિયાપદની સંગતિ (agreement) વિનાની (अहं ની સાથે यास्यसि; અને त्वं ની સાથે मन्ये વાળી) વાક્યરચના થાય છે એમ પાણિનિએ નોંધ્યું છે. અહીં પાણિનિએ વાક્યરચનાના સન્દર્ભમાં ઉદ્દેશ્ય અને તદનુરૂપ (ક્રિયાપદમાં) 'પુરુષ'ની સંગતિ–સામાનાધિકરણ્ય– agreement – સામાન્ય રીતે તો સર્વત્ર જળવાય છે એમ કહ્યા પછી, પરિહાસના સન્દર્ભમાં શું થાય છે એનું પણ નિરૂપણ કરતું જે સૂત્ર આપ્યું છે તેથી પણ એમ પ્રસ્થાપિત થાય છે કે પાણિનિને પોતાનું વ્યાકરણ વર્ણનાત્મક પ્રકારનું (Descriptive grammar) બનાવવું અભીષ્ટ છે.

4.0 ફ્રેઝ સ્ટ્રક્ચર ગ્રામર અને ટ્રાન્સફરમેશનલ ગ્રામર : નોમ ચોમસ્કી (Noam Chomsky) એ ઈ.સ. ૧૯૫૭માં તેમના 'Syntactic Structures' નામના ગ્રન્થમાં, એક (જ) વાક્યનું પૃથક્કરણ કરવાના લક્ષ્યથી આગળ વધીને એવા નિયમોનો સમૂહ આપવાનું શરૂ કર્યું કે જેના થકી ભાષામાં વપરાતાં તમામ વાક્યોમાં અન્તઃસ્તરીય પદબંધોની (phrases) દૃષ્ટિએ કેવી રીતે રચનાઓ જન્મી (generate) શકી હોય છે તેને સમજાવી શકાય છે. જેમ કે, जनकपुत्री सीता रामेण सह वनं गच्छति । અહીં વાક્યસંઘટના નીચેના નિયમથી થઈ છે :

S → Sub. + Pre.

Sub. → DET + NP_1

Pre. → NP_2 + NP_3 + VP

VP. → Root + Tense, Person એટલે કે –

(૧) વાક્ય → ઉદ્દેશ્ય + વિધેયાંશ

(૨) ઉદ્દેશ્ય → વિશેષણ + નામ (સુબન્ત–પ્રથમાન્ત પદ)

(૩) વિધેયાંશ → (i) સુબન્ત + ઉપપદ

(ii) કર્મકારક (લક્ષ્યસ્થાન) + ઉપપદ

(iii) ક્રિયાપદ

(૪) ક્રિયાપદ → ક્રિયાવાચક ધાતુ + કાળ, પુરુષ, સંખ્યા દર્શક (તિ) પ્રત્યય.

આ વાક્યની સંઘટનાનો ક્રમ દર્શાવવો હોય તો, નીચે મુજબ પૃથક્કરણ કરી શકાય :





(Determiner
or adjective – વિશેષણ)



અહીં પહેલો નિયમ એમ વર્ણવે છે કે વાક્ય કુલ બે ભાગનું બનેલું છે : ઉદ્દેશ્ય અને વિધેય. બીજો નિયમ કહે છે કે ઉદ્દેશ્યાંશમાં કુલ બે નામપદો છે, જેમાંનું એક વિશેષણભૂત છે અને બીજું (વિશેષ્યભૂત) નામપદ–પ્રથમાન્ત પદ–છે. ત્રીજા નિયમ દ્વારા તે સ્પષ્ટ કરવામાં આવે છે કે વાક્યના વિધેયાંશમાં કેટલાં પદો છે, અને તે દરેક કયા કયા વિભિન્ન કારકોને અને પ્રધાન ક્રિયાને કહેનારાં છે. ચોથો નિયમ ક્રિયાપદમાંના પહેલા રૂપઘટક રૂપ ધાતુને અને બીજા રૂપઘટક રૂપ પ્રત્યયની સંયોજના તરફ ધ્યાન દોરે છે.

આધુનિક ભાષાવિજ્ઞાનમાં વાક્યની અન્તઃસ્તરીય સંરચનાને સ્પષ્ટ કરવા માટે એક immediate constituent (IC) analysis ની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જેમાં એક વાક્યની અંદર જુદા જુદા સ્તરે જે સંયોજનાઓ થતી આવે છે તેનું નિરૂપણ કરવામાં આવે છે. દરેક સ્તરનું એના મુખ્ય ઘટકોમાં વિભાજન કરવામાં આવે છે અને આવું વિભાજન ત્યાં સુધી કરતા રહેવામાં આવે છે કે જ્યાંથી આગળ વધારે નાનું વિભાજન ન થઈ શકે. દા.ત. ઉપર વાક્યને વૃક્ષાકૃતિથી નીચે મુજબ દર્શાવી શકાયં :–



આવું 'જનરેટીવ' વ્યાકરણ, કે જે અવ્યવહિત પદબંધોની રચનાઓને સમજાવીને, વાક્યની નિષ્પત્તિને દર્શાવતું હોય તેને ફ્રેઝ સ્ટ્રક્ચર ગ્રામર (phrase structure grammar) (P S G s) પણ કહે છે.

4.1 પરંતુ 'જનરેટીવ ગ્રામર'ના આવા નિયમોમાં રૂપાંતરના નિયમો (transformational rules) પણ સમાવિષ્ટ કરવામાં આવે છે. આવા નિયમો દ્વારા, ભાષામાં વપરાતાં અમુક વાક્યો કે જેઓ અર્થની દૃષ્ટિએ સમાન હોય, પણ વ્યાકરણિક રચનાની દૃષ્ટિએ જુદા પ્રકારના જણાતાં હોય – તેમની વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરી આપતા હોય છે. જેમ કે,

(૧) रामः रावणं बाणेन हन्ति । (કર્તરિ પ્રયોગ)

(૨) रामेण रावणः बाणेन हन्यते । (કર્મણિ પ્રયોગ)

અહીં અર્થની દૃષ્ટિએ જોઈએ તો બન્ને પ્રકારનાં વાક્યો દ્વારા એક જ વાત–ઘટનાનું નિરૂપણ છે. એટલે કે આ બન્ને પ્રકારનાં વાક્યોનું Deep Structure (અન્તઃસ્તરીય રચના) એક જ છે પણ ધ્વનિશ્રેણીના સ્તર ઉપર તે જુદી રીતે રજૂ થયાં છે. એટલે

કે તેમનું Surface Structure જુદું જુદું છે. હવે ભાષામાં વપરાતાં, આવાં કર્તરિ પ્રયોગવાળાં વાક્યોનું કર્મણિ પ્રયોગવાળાં વાક્યોમાં રૂપાંતર દર્શાવતો નિયમ આમ વર્ણવી શકાય :

(અભિહિત) (અનભિહિત)

(૧) કર્તરિ પ્રથમાન્તપદ + કર્મણિ દ્વિતીયાન્તપદ + કરણાર્થક તૃતીયાન્તપદ + (કર્તરિ) ક્રિયાપદ (= ધાતુ + વિકરણપ્રત્યય + પરસ્મૈપદના तिङ् પ્રત્યય).

(અનભિહિત) (અભિહિત)

(૨) કર્તરિ તૃતીયાન્તપદ + કર્મણિ પ્રથમાન્તપદ + કરણાર્થક તૃતીયાન્તપદ + (કર્મણિ) ક્રિયાપદ (= ધાતુ + य + આત્મનેપદના तङ् પ્રત્યય).

આવા નિયમ દ્વારા, પહેલા પ્રકારનું કર્તરિ પ્રયોગવાળું વાક્ય કેવી રીતે બીજા પ્રકારના કર્મણિ પ્રયોગવાળા વાક્યમાં રૂપાંતરિત કરી શકાય છે તે ટૂંકમાં રજૂ કરી શકાય છે. જેમ કે, અહીં પહેલે તબક્કે – (કર્તરિ) ક્રિયાપદના વિકરણ પ્રત્યયથી 'કર્તા' રૂપી અર્થ ઉક્ત (= અભિહિત) છે; આથી કર્તૃકાકને પ્રથમા–વિભક્તિથી વ્યક્ત કરવામાં આવે છે એમ જાહેર થાય છે. જ્યારે કર્મણિ પ્રયોગમાં (કર્મણિ) ક્રિયાપદના य એવા વિકરણ પ્રત્યયથી કર્મ રૂપી અર્થ વ્યક્ત થઈ ચૂક્યો હોઈને કર્મકારક વાચક શબ્દને પ્રથમા વિભક્તિ લગાડવામાં આવે છે એમ જાહેર થાય છે. બીજા તબક્કે, પહેલા પ્રકારના વાક્યમાં ક્રિયાપદથી કર્મકારક ઉક્ત નથી, તેથી તેને દ્વિતીયા વિભક્તિ દ્વારા વ્યક્ત થાય છે. તો બીજા પ્રકારના વાક્યમાં ક્રિયાપદના પ્રત્યયથી કર્તા રૂપી અર્થ વ્યક્ત નથી થતો. તેથી કર્તૃકારકને તૃતીયા વિભક્તિથી વ્યક્ત કરવામાં આવે છે. ત્રીજા તબક્કે, એ સ્પષ્ટ થાય છે કે કર્તરિ પ્રયોગ હોય કે કર્મણિ પ્રયોગ હોય, પણ (કર્તૃકારક અને કર્મકારક સિવાયનાં) અન્ય કરણકારકાદિ વાચક પદો અપરિવર્ત્ય રહેતાં હોય છે. (ચોથા તબક્કે, કર્તરિ ક્રિયાપદની રૂપરચનામાં અને કર્મણિ રૂપરચનામાં જુદા જુદા પ્રકારના વિકરણ પ્રત્યયો અને કાળ, પુરુષવાચક પ્રત્યયો વપરાય છે) – એવા નિયમથી, એકમાંથી બીજા પ્રકારનું વાક્ય રૂપાંતર થઈને જન્મે છે એમ સમજાવી શકાય છે. તથા આવો નિયમ, સંસ્કૃત ભાષામાં વપરાતાં તમામ સકર્મક ધાતુઓવાળા વાક્યોને એકસરખો લાગુ પાડી શકાય છે.[30] જેની મદદથી એક પ્રકારના વાક્યમાંથી બીજા પ્રકારનું વાક્ય કેવી રીતે જન્મે છે તે વર્ણવી શકાય છે.

---

૩૦. Trasnformations : This tiny fragment of a generative grammar suffices only to illustrate the general conception underlying the approach. 'Real' grammar of this kind contain many rules of considerable complexity and of different types. One special type of rule that was proposed in the first formulations became known as a transformational rule. These rules enabled the grammar to show the relationship between sentences that had the same meaning but were of different grammatical form. The link between active and passive sentences.

કર્તરિ – કર્મણિ પ્રયોગ સિવાયના, ભાષામાં વપરાતાં બીજાં અનેક પ્રકારનાં વાક્યો માટે આવા રૂપાંતરના નિયમો પ્રસ્તુત કરવામાં આવ્યાં છે. અલબત્ત, સમય જતાં આ બધા નિયમો વિવાદાસ્પદ બનતા ગયા છે. તથા આધુનિક સમયના આવાં જનરેટીવ ગ્રામરો તો, નોમ ચોમસ્કીના 'Syntactic Structure' માં રજૂ થયેલા 'ટ્રાન્સફરમેશનલ જનરેટીવ ગ્રામર'ના નમૂનાઓ કરતાં ઘણાં જુદાં પડે છે. પરંતુ આમાં 'વાક્યનું સંઘટન કોઈક ચોક્કસ ક્રમે/પ્રક્રિયાથી થતું હોય છે' એ વર્ણવવાનો/સમજાવવાનો જે ઉપક્રમ છે તે ધ્યાનાસ્પદ છે. બીજું, અહીં 'રૂપાંતરના નિયમ' એવો જે શબ્દ વાપર્યો છે તે 'પ્રિસ્ક્રીપ્ટિવ ગ્રામર'ના ''નિયમ'' કરતાં જુદા અર્થમાં પ્રયોજ્યો છે એ પણ યાદ રાખવું. 'પ્રિસ્ક્રીપ્ટિવ ગ્રામર'ના નિયમ તે તો આજ્ઞાપક (Command) સ્વરૂપના હોય છે; અને તમે કરેલો અમુક ભાષાકીય પ્રયોગ શુદ્ધ ગણાય કે અશુદ્ધ ગણાય એ કહી આપે છે. જ્યારે આ જનરેટીવ ગ્રામરના નિયમ તો આવા ભાષાકીય પ્રયોગની શુદ્ધિ કે અશુદ્ધિની વાત કરતા નથી. તે જે તે વાસ્તવિકતાના નિરીક્ષણ રૂપે જ સમાજમાં પ્રવર્તમાન જે તે ભાષાકીય પ્રયોગોનું વર્ણન કરે છે.[૩૧]

4.2 પાણિનીય વ્યાકરણમાં રૂપાંતર વિધિ (transformation) નાં સૂત્રો : પાણિનીય વ્યાકરણમાં મુખ્યત્વે વાક્યની નિષ્પત્તિનું જ તન્ત્ર (machine) વર્ણવવામાં આવ્યું છે. તથાપિ વાક્યાન્તર્ગત એકમો રૂપે જે કૃદન્ત નામો (Primary derivatives), તદ્ધિતાન્ત નામો (Secondary derivatives) અને સામાસિક નામો (Compounds) વપરાતાં હોય છે, તેની નિષ્પત્તિ વર્ણવવા માટે, પાણિનિએ જ પહેલ વહેલા આવાં રૂપાંતરના નિયમો (transformational rules) રજૂ કર્યા છે. આ બધાનાં એક એક ઉદાહરણને જોવાથી આ મુદ્દો સ્પષ્ટ થશે :

(क) कुम्भं करोति । એવા વાક્યનું कुम्भकार એવા કૃદન્ત–નામમાં (= કૃત્ પ્રાતિપદિકમાં) રૂપાંતર કરવું હોય તો પાણિનિ કહે છે કે – (૧) कर्मण्यण् । ३–२–१ ''કર્મકારક વાચક પદ ઉપપદમાં (= નજીકમાં રહેલું પદ) હોય ત્યારે ધાતુ

---

for example, could be shown – such as 'the horse chased the man' (active) and 'the man was chased by the horse' (passive). The kind of formulation needed to show this is –

$NP_1 + V + NP_2 \rightarrow NP_2 + Aux + Ven + by + NP_1$

Which is an economical way of summarizing all the changes you would have to introduce, in order to turn the first sentence into the second..... This rule will generate all regular active – passive sentences.

– See : **The Cambridge Encyclopedia of Language,** (p. 97).

૩૧. Generative rules have no such implication of social correctness. They are objective descriptions of the grammatical patterns that occur. See : The Cambridge Encyclopedia of Language; (p. 97).

(= क्रियापद)ની પરમાં 'अण्' એવો 'कृत्' સંજ્ઞક પ્રત્યય લગાડવો : कुम्भम् + कृ + अ(ण्) । → (૨) હવે कृत् પ્રત્યયાન્ત તરીકે આ ત્રણેય અંશના સમૂહની कृत्तद्धितसमासाश्च । ૧–૨–૪૬ સૂત્રથી 'પ્રાતિપદિક' સંજ્ઞા થશે. પછી → (૩) सुपो धातुप्रातिपदिकयोः । ૨–૪–૭૧ થી કહેવામાં આવે છે કે – "આ વિગ્રહ વાક્યમાંના सुप् વિભક્તિ પ્રત્યયનો લોપ કરો." જેથી कुम्भ ० + कृ + अ(ण्) । બને છે. (૪) પછી अण् પ્રત્યયમાંના ण् કારની इत् સંજ્ઞા અને લોપ થશે. જેથી अचो ञ्णिति । ૭–૨–૧૧૫ થી णित् પ્રત્યય પરમાં રહેતાં અજન્ત અંગને વૃદ્ધિ થશે (ऋ → आर्). તો कुम्भ ० + क् आर् + अ = कुम्भकार । બને છે. આવી જ રીતે, आतोऽनुपसर्गे कः । ૩–૨–૨ થી कम्बलं ददाति इति कम्बलदः । वरं ददाति इति वरदः । गाम् ददाति इति गोदः વગેરેનું રૂપાંતરણ થતું હોય છે.

(ख) कुन्तायाः अपत्यं पुमान् (કુંતાનું પુરુષ સંતાન) → (= अर्जुनः) । એવા વાક્યનું રૂપાંતર કરીને कौन्तेयः । એવું પદ જન્માવવું હોય તો પાણિનિએ એની પણ નિયમાવલી આપી છે. જેમ કે, (૧) स्त्रीभ्यो ढक् । ૪–૧–૧૨૦ સૂત્રથી कुन्ता + ङस् (ષષ્ઠીનો પ્રત્યય) + (તેની પરમાં) 'પુરુષ સંતાન' એવા અર્થનો વાચક ढक् तद्धित પ્રત્યય લગાડવો. (૨) હવે कृत्तद्धितसमासाश्च । ૧–૨–૪૬ થી तद्धित પ્રત્યયાન્ત कुन्ता + ङस् + ढ(क्) એટલા અંશની 'પ્રાતિપદિક' સંજ્ઞા થાય છે. જેના પરિણામે, (૩) सुपो धातुप्रातिपदिकयोः । ૨–૪–૭૧ થી વિગ્રહ વાક્યાન્તર્ગત વિભક્તિ પ્રત્યયોનો લોપ થાય છે. જેમ કે, कुन्ता + ० + ढ (क्) । (૪) હવે ૭–૧–૨ થી ढ ના સ્થાનમાં एय આદેશ, ૭–૨–૧૧૮ થી પ્રકૃતિના આદિ સ્વરમાં વૃદ્ધિ અને ૬–૪–૧૪૮ થી પ્રકૃતિના અંતિમ आ કારનો લોપ થતાં कौन्त् ० + एय । થયા પછી कौन्तेय । એવું तद्धितान्त નામ જન્મે છે.

(ग) पीतम् अम्बरं यस्य सः (हरिः) । એવા વાક્યનું સામાસિક નામમાં રૂપાંતર કરવા માટે (૧) अनेकम् अन्यपदार्थे । ૨–૨–૨૪ એવા સૂત્રથી જણાવવામાં આવે છે કે અનેક પ્રથમાન્ત પદો (જેમ કે, અહીં पीतम् અને अम्बरम्) જો અન્ય પદાર્થના વાચક હોય (જેમ કે, અહીં આ બે પદો 'પીળા વસ્ત્રવાળા કૃષ્ણ'ના વાચક છે) તો તેમનો 'સમાસ' કરો (= બે પદમાંથી એકપદમાં રૂપાંતર કરો). અહીં (૨) આવા 'સમાસ'ની નિષ્પત્તિ કરવા માટેની પ્રક્રિયા પૂર્વવત્ છે. એટલે કે प्राक् कडारात्समासः । ૨–૧–૩ ના અધિકારમાં આવેલા ૨–૨–૨૪ થી 'पीतम् + अम्बरम् (यस्य सः)' ની બહુવ્રીહિ સમાસ એવી સંજ્ઞા થાય છે. જેના પરિણામે, ૧–૨–૪૬ થી પ્રાતિપાદિક સંજ્ઞા, પછી ૨–૪–૭૧ થી વિગ્રહ વાક્યાન્તર્ગત વિભક્તિ પ્રત્યયોનો લોપ થાય છે. જેથી पीत० + अम्बर० ।ની સ્થિતિ ઊભી થાય છે. પછી સ્વરસન્ધિ થતાં पीताम्बर એવો સામાસિક શબ્દ જન્મે છે.

(घ) भ्राता च स्वसा च इति भ्रातरौ । અને पुत्रश्च दुहिता च इति पुत्रौ । અહીં भ्रातृपुत्रौ स्वसृदुहितृभ्याम् । ૧–૨–૬૮ સૂત્રથી 'એકશેષ द्वन्द्व' સમાસ થાય છે. એ જ પ્રમાણે, वृक्षश्च वृक्षश्च इति वृक्षौ । (સરૂપ) એકશેષ થાય છે.

(ङ) कर्तुम् इच्छति (देवदत्तः) । એવા વાક્યમાંથી धातोः कर्मणः समानकर्तृकादिच्छायां वा । ૩–૧–૭ સૂત્રથી ઇચ્છા ક્રિયાના કર્મ રૂપ कृ ધાતુની પરમાં ઇચ્છાર્થક सन् प्रत्यय લગાડીને चिकीर्षति । એવું રૂપ બનાવાય છે.

અહીં પાણિનિએ કૃદન્ત, તદ્ધિતાન્ત કે સમાસાદિ શબ્દોની નિષ્પત્તિમાં 'અર્થ'ને આરંભબિન્દુએ (in-put તરીકે) મૂકેલ છે. જેમ કે कर्तरि कृत् । ૩–૪–૬૭, तेन रक्तं रागात् । ૪–૨–૧, तस्यापत्यम् । ૪–૧–૯૨, खट्वा क्षेपे । ૨–૧–૨૬, चार्थे द्वन्द्वः । ૨–૨–૨૯ વગેરે. શબ્દનિષ્પતિના આરંભબિન્દુએ મૂકેલા 'અર્થ'નું, તે ધ્વનિશ્રેણીમાં કેવી રીતે રૂપાંતર કરે છે તેનું એક વધારે ઉદાહરણ જોઈએ તો – सुप्यजातौ णिनिस्ताच्छील्ये । ૩–૨–૭૮ સૂત્રથી કહ્યું છે કે – 'અમુક ક્રિયા કરવાનો સ્વભાવ છે' એવો અર્થ દર્શાવવો હોય ત્યારે ધાતુને णिनि > इन् પ્રત્યય લાગે છે. જેમ કે, उष्णं भोक्तुं शीलम् अस्ति यस्य । અહીં उष्ण + भुज् ધાતુને इन् પ્રત્યય લાગીને उष्णभोजिन् શબ્દ બને છે. અહીં 'તાચ્છીલ્ય' રૂપી અર્થ વ્યક્ત કરવા માટે इन् પ્રત્યય વાપરવો એમ કહીને 'અમુક અર્થ'નું રૂપાંતર અમુક પ્રત્યય રૂપ ધ્વનિશ્રેણીથી થાય છે – એમ 'ટ્રાન્સફરમેશનલ ગ્રામર'નો જ નિયમ આપ્યો છે એવું કહી શકાય. અહીં વક્તાના મનમાં રહેલા વિગ્રહ વાક્યને મૂળભૂત રચના રૂપે સ્વીકારીને, તેમાંથી કૃદન્તાદિ શબ્દોનું નિર્માણ થાય છે એમ બતાવ્યું છે. બીજું, અહીં ટૂંકામાં ટૂંકા સૂત્રો દ્વારા એક વિગ્રહવાક્યનું અન્ય પ્રકારની શબ્દ રચનામાં કેવી રીતે રૂપાંતર થાય છે તેનું વર્ણન છે. આમ, જે આધુનિક ટ્રાન્સફરમેશનલ ગ્રામરના નિયમો 'ટૂંકા' પણ હોય તેવી આવશ્યક શરત સ્વીકારવામાં આવી છે.[32] તે અહીં પાણિનીય વ્યાકરણમાં તો સહજસિદ્ધ છે એ સુવિદિત છે.

* * *

વળી, 'ટ્રાન્સફરમેશનલ જનરેટીવ ગ્રામર'માં જે પાયાની વાત છે તે વાક્યના deep structure નું Surface structure માં રૂપાંતર વર્ણવતા નિયમો આપવાની છે. અહીં પાણિનીય વ્યાકરણમાં આ કૃત્, તદ્ધિત કે સમાસાદિ શબ્દોની નિષ્પત્તિ વર્ણવતી પ્રક્રિયા તપાસીએ તો પાણિનિએ deep structure રૂપે વક્તાના મનમાં રહેલા અર્થનું – વિગ્રહ વાક્યનું – ક્રમશઃ રૂપાંતર કરીને ધ્વનિશ્રેણી રૂપ Surface structure નો અવતાર શીખવતું એક શબ્દનિષ્પાદક તન્ત્ર જ રચ્યું છે એ નિર્વિવાદ છે. અલબત્ત, પાણિનીય પરંપરાના વૈયાકરણોએ તો વિગ્રહ વાક્યની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે – वृत्त्यर्थावबोधकं

---

૩૨. A major feature of generative grammar is the way speical notations have been devised to enable rules to be expressed in an **economical** way. In particular, different types of brackets, such as ( ), [ ], and { } are given different meanings. .....The rule NP $\rightarrow$ DET (ADJ) N means that a noun pharse can consist of either a determiner, adjective, and noun or simply a determiner and noun ('the old man', or 'the man'). See : The Cambridge Encyclopedia of Language (p. 97).

वाक्यं विग्रहः ।[33] અર્થાત્ ''(કૃત્, તદ્ધિત, સમાસ, એકશેષ અને સનાદ્યન્ત ધાતુરૂપ) 'વૃત્તિ'ના અર્થનો અવબોધ કરાવતું ''વાક્ય, તેને 'વિગ્રહ' કહે છે.'' પરંતુ ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ વિચારીએ તો कम्बलं ददाति । उष्णं भोक्तुं शीलमस्य । કે कुन्तायाः अपत्यं पुमान् । કે राज्ञः पुरुषः । એવું વિગ્રહવાક્ય એ તો પાણિનિની દૃષ્ટિએ વક્તાનો વિવક્ષિતાર્થ છે; અથવા તો ભાષાનું deep structure છે, જેનું તેઓ 'વૃત્તિ' રૂપ कम्बलदः । उष्णभोजी । कौन्तेयः । અને राजपुरुषः । એવા એક એક પદમાં રૂપાંતર થતું વર્ણવે છે. આવા વૃત્તિજન્ય પદો તે ભાષાનું Surface structure છે. પાણિનીય પરંપરામાં આવી તદ્ધિતાદિ વૃત્તિઓની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે – परार्थाभिधानं वृत्तिः । (व्याकरणमहाभाष्यम् २–१–१) ''પરાર્થનું જે અભિધાન કરે તે વૃત્તિ છે.'' અહીં પરાર્થનું (પરના = પારકાના અર્થનું) એટલે કે વિગ્રહ વાક્યના અર્થનું જે કથન કરે તે 'વૃત્તિ' છે. આ વ્યાખ્યા જ વક્તાના મનમાં રહેલા વિગ્રહવાક્ય રૂપ Deep structure નું એક પદવાળા Surface structure માં – એક જુદા પ્રકારની ધ્વનિશ્રેણીમાં – રૂપાંતર કરવું એને 'વૃત્તિ' કહે છે એમ કહે છે. આમ પાણિનીય વ્યાકરણ મુખ્યત્વે વાક્યનિષ્પત્તિનું જ તન્ત્ર છે. તથાપિ તેણે વાક્યના એક (વિશેષણ રૂપ) એકમ રૂપે જે કૃદન્ત, તદ્ધિતાન્ત કે સામાસિક નામ વપરાતાં હોય છે.[34] તેની નિષ્પત્તિ માટે ટ્રાન્સફરમેશનલ જનરેટીવ ગ્રામર પ્રકારની કહી શકાય એવી પદ્ધતિ આપી છે.

★ ★ ★

પાણિનિએ કૃદન્તાદિ શબ્દોની નિષ્પત્તિમાં વિગ્રહ વાક્યને પાયાના વાક્ય તરીકે સ્થાપીને (Deep structure રૂપે સ્વીકારીને) તેનું વૃત્તિજન્ય એકપદમાં (Surface structure ઉપર જુદા પ્રકારની ધ્વનિશ્રેણીમાં) રૂપાંતરિત કરવાના નિયમ– Transformational rules (TG rules) – આપ્યા છે. પરંતુ વૃત્તિજન્ય પદોનું વિઘટન કરીને તેને વિગ્રહવાક્યમાં રૂપાંતરિત કરવા માટેના કોઈ નિયમ તેમણે આપ્યા નથી. અર્થાત્ વિગ્રહમાંથી વૃત્તિજન્ય પદ બની શકે છે, પણ વૃત્તિમાંથી વિગ્રહનું નિર્માણ કરવા માટેનાં સૂત્રો તેમણે આપ્યાં નથી. પરંતુ વૃત્તિજન્ય પદ એ વિગ્રહવાક્યના વિકલ્પે બને છે એમ તેમણે બે જગ્યાએ કહ્યું છે. જેમ કે, સમાસ પ્રક્રિયાના આરંભે विभाषा । ૨–૧–૧૧ એવું અધિકારસૂત્ર છે ! (આને પરંપરામાં 'મહાવિભાષા' રૂપે ઓળખવામાં આવે છે.) જે, સમાસ વિધાન કરનારાં ઉત્તરવર્તી તમામ સૂત્રોમાં અનુવૃત્ત થાય છે. એ જ પ્રમાણે, समर्थानां प्रथमाद्वा । ૪–૧–૮૨ એ પણ અધિકારસૂત્ર છે; અને તેને તદ્ધિત પ્રક્રિયાના આરંભે મૂક્યું છે. આ બન્ને સૂત્રો એમ જણાવે છે કે વિગ્રહ–વાક્યના

---

૩૩. જુઓ : ભટ્ટોજિ દીક્ષિતકૃત 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી'નું સર્વસમાસશેષ પ્રકરણ.'

૩૪. कृत्तद्धितसमासाश्च । ૧–૨–૪૬ થી કૃદન્તનામ, તદ્ધિતાન્ત નામો અને સમાસોની 'પ્રાતિપદિક' સંજ્ઞા થાય છે. પછી તેઓ વિવિધ કારક સંજ્ઞાઓ પામીને, सुप् વિભક્તિઓ લે છે. આ રીતે આ શબ્દો જે તે વાક્યના એકમ બની જાય છે.

વિકલ્પે (ભાષામાં વિગ્રહવાક્ય વાપરવું ના હોય તો, તેનું રૂપાંતર કરીને) અમુક પ્રકારનું વૃત્તિજન્યપદ—એટલે કે સામાસિક નામ કે તદ્ધિતાન્ત નામ—ભાષામાં વપરાય છે.

4.3 સાદા કર્તરિ વાક્યમાંથી પ્રેરક વાક્યનું રૂપાંતર : પાણિનિએ પ્રેરક વાક્ય રચના માટે પણ રૂપાંતરના બે મુખ્ય નિયમો આપ્યા છે. જેમ કે, (૧) रामः वनं गच्छति। અહીં પાયામાં (deep st.) રહેલા સાદા કર્તરિ વાક્યની અંદર 'रामः' ની स्वतन्त्रः कर्ता। ૧—૪—૫૪ થી 'કર્તૃકારક' એવી સંજ્ઞા થયેલી જ છે. ત્યાર પછી वनं गच्छन्तं रामं दशरथः प्रेरयति। એ અર્થ વ્યક્ત કરવા માટે तत्प्रयोजको हेतुश्च। ૧—૪—૫૫ સૂત્રથી (પૂર્વવાક્યના) राम જેવા કર્તૃકારકના પ્રયોજક એવા दशरथ ની 'હેતુ' સંજ્ઞા જાહેર કરવામાં આવેલ છે. જેના પરિણામે, हेतुमति च। ૩—૧—૨૬ સૂત્રથી, વાક્યમાં હેતુસંજ્ઞક (= પ્રેરક) કારક રહેતાં √गम् ધાતુની પરમાં 'પ્રેષણા' એવો અર્થ વ્યક્ત કરનારો णिच् પ્રત્યય લાગે છે : दशरथः [रामः वनं] गम् + णिच्। અહીં वर्तमाने लट्। ૩—૨—૧૨૩, लस्य (तिबादयः)। ૩—૪—૭૭, અને પછી कर्तरि शप्। ૩—૧—૬૮, सार्वधातुकार्धधातुकयोः (गुणः)। ૭—૩—૮૪ વગેરે વિધિઓ થતાં गम् + णिच् + शप् + लट्। → गम् + इ + अ + तिप्। → गम् + ए + अ + ति। → गम् + अय् + अ + ति। → गमयति॥ એવું પ્રેરક ક્રિયાપદ તૈયાર થાય છે. ત્યાર પછી, (૨) સાદા કર્તરિ વાક્યમાંના અન્ય સુબન્તપદોમાં આવશ્યક પરિવર્તન—રૂપાંતર કરાવનારું એક સૂત્ર આપ્યું છે : गतिबुद्धिप्रत्यवसानार्थशब्दकर्माकर्मकाणाम् अणि कर्ता स णौ। ૧—૪—૫૨. આનાથી "સાદા કર્તરિ વાક્ય (अणिजन्त) નો જે 'કર્તા' (राम) હોય, તેની પ્રેરક (णिजन्त) માં કર્મસંજ્ઞા થાય છે." એમ જાહેર કર્યું છે. જેના પરિણામે, रामः એવા પ્રથમાન્ત પદને દ્વિતીયાન્તમાં ફેરવવું પડે છે : તો दशरथः [रामः वनं] गमयति। માંથી दशरथः रामं वनं गमयति। એવું પ્રેરકવાક્ય રૂપાંતરિત વાક્ય તૈયાર થાય છે. આમ પાણિનીય વ્યાકરણમાં જે કૃત્, તદ્ધિત, સમાસ, એકશેષ અને સનાદ્યન્ત ધાતુ રૂપો,[૩૫] (કે જેમાં ઇચ્છાદર્શક, પૌનઃપુન્યાર્થક, નામધાતુઓ અને પ્રેરક રચનાઓનો સમાવેશ થાય) છે તેમની નિષ્પત્તિ રૂપાંતરના નિયમોથી (ટ્રાન્સફરમેશનલ ગ્રામરના નિયમો)થી દર્શાવવામાં આવી છે.

5.0 પાણિનીય વ્યાકરણમાં વાક્યસંસ્કાર પક્ષનો પુરસ્કાર : પ્રાચીન સમયમાં એવું મનાતું હતું કે પાણિનિનું વ્યાકરણ સંસ્કૃત ભાષાનું માત્ર રૂપતન્ત્ર (Morphology) જ વર્ણવે છે. જેમ કે, 'पदवाक्यप्रमाणज्ञ' એવા બિરુદમાં 'પદ' = વ્યાકરણશાસ્ત્ર, 'વાક્ય' = પૂર્વમીમાંસા અને 'પ્રમાણ' = ન્યાયશાસ્ત્ર એમ સમજવામાં આવે છે. પતંજલિના 'વ્યાકરણ—મહાભાષ્ય'ના પહેલા વાક્ય 'अथ शब्दानुशासनम्।' માં વપરાયેલા 'शब्द'

---

૩૫. આ કૃત્, તદ્ધિતાદિ પાંચ પ્રકારની શબ્દ નિષ્પત્તિને પરંપરાગત વ્યાકરણમાં 'વૃત્તિ' કહેવામાં આવેલ છે. वर्तनं वृत्तिः। "વિગ્રહવાક્યના અર્થમાં પ્રવર્તવું તેને 'વૃત્તિ' કહે છે."

શબ્દનો અર્થ વાક્ય/ઉક્તિ થાય છે, પરંતુ ઘણા લોકો 'શબ્દ' એટલે રૂપ (= પદ) એવો સીમિત કરે છે. આમ પાણિનીય વ્યાકરણ સંસ્કૃત ભાષાનાં પદો (= નામનાં રૂપો અને ક્રિયાપદનાં રૂપો)ની સિદ્ધિ કેવી રીતે થાય છે એનું જ વર્ણન કરે છે (એમાં 'વાક્ય'ની કોઈ ચર્ચા નથી) એમ મનાય છે. પરંતુ આધુનિક સમયમાં એવું પુરવાર કરવામાં આવ્યું છે કે આ મત ભ્રાન્તિપૂર્ણ અને ખોટો છે.[૩૬] પાણિનિનું વ્યાકરણ, ડૉ. એસ. ડી. જોશીએ દર્શાવ્યું છે તેમ, સ્પષ્ટ રૂપે સંસ્કૃતભાષાની વાક્યરચના વર્ણવતું વ્યાકરણ છે. વધારે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો – પાણિનિના વ્યાકરણ દ્વારા એકાકિ સુબન્ત પદોની, કે તિઙન્ત પદની સિદ્ધિ શક્ય જ નથી; દરેક પદની સિદ્ધિ કોઈક વાક્યના ઉપલક્ષ્યમાં જ શક્ય બને છે. પારિભાષિક શબ્દોમાં કહીએ તો પાણિનિને પદસંસ્કારપક્ષ માન્ય જ નથી; કેવળ વાક્યસંસ્કાર પક્ષ જ માન્ય છે.

એ સર્વવિદિત છે કે પાણિનિએ પોતાના 'અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં 'વાક્ય'ની વ્યાખ્યા આપી નથી. અલબત્ત, वचोऽशब्दसंज्ञायाम् । ૭–૩–૬૭ સૂત્ર દ્વારા તેમણે वाच्यम् आह । (કહેવા યોગ્ય કહે છે) અને वाक्यम् आह । (ઉક્તિ/વાક્ય બોલે છે) વચ્ચેનો ભેદ નોંધ્યો છે. તેના ઉપરથી સૂચવાય છે કે 'વાક્ય'ના સ્વરૂપ વિશે – 'વાક્ય'ના ખ્યાલ– Concept વિશે – તેઓ અનભિજ્ઞ નથી. તેમણે ૬–૧–૧૩૯, ૮–૧–૮ અને ૮–૧–૮૨ જેવાં સૂત્રોમાં 'વાક્ય' શબ્દનો પ્રયોગ પણ કર્યો છે. આ ઉપરાંત, ૮–૧–૩૫, ૫૧–૫૩, ૫૯ અને ૬૦ જેવાં સૂત્રો દ્વારા એ પણ સૂચવાય છે કે પાણિનિના મતે 'વાક્ય અનેક ક્રિયાપદોવાળું હોઈ શકે છે' અને ૮–૧–૩૬, ૫૦, ૬૮, ૬૯, ૯૩–૯૪, ૮–૨–૯૬, ૯૯ સૂત્રો દ્વારા એ પણ સૂચિત થાય છે કે 'વાક્ય એક (જ) ક્રિયાપદવાળું પણ હોય છે.' આમ પાણિનિ 'વાક્ય' સંજ્ઞાથી કે વાક્યના ખ્યાલથી અનભિજ્ઞ ન હતા. છતાંય એ હકીકત છે કે તેમણે 'વાક્ય'ને કોઈ પારિભાષિક શબ્દ તરીકે કોઈપણ સંજ્ઞાસૂત્રમાં રજૂ કરેલ નથી. લાઘવપ્રિય આ વૈયાકરણશ્રેષ્ઠે 'વાક્ય'ની વ્યાખ્યા આપ્યા વિના જ પદો પરસ્પર સંકલિત હોય એ રીતે જ વ્યાકરણની પ્રક્રિયા વર્ણવી છે. જેમ કે, પાણિનિએ એક તરફથી कारके । ૧–૪–૨૩ સૂત્રથી ''ક્રિયામાં અન્વિત હોય ત્યારે'' (એને 'કારક' કહેવાય) – એવી શરત (= નિમિત્તાધિકાર) રજૂ કરી છે. તો બીજી તરફથી अनभिहिते । ૨–૩–૧ ''(ક્રિયાપદના પ્રત્યયથી કર્તા/કર્મ) અભિહિત ના હોય ત્યારે'' એવો અધિકાર રચીને ક્રિયાપદના ઉપલક્ષ્યમાં જ કારકસંજ્ઞાઓનું અને વિભક્તિપ્રત્યયોનું વિધાન કર્યું છે.

★ ★ ★

'અષ્ટાધ્યાયી'ના આઠેય અધ્યાયોનું ક્રમશઃ અધ્યયન કરીએ તો, તેમાં વાક્ય–ઉક્તિ–ની રચના વર્ણવવા માટે સૂત્રોનો ક્રમ નીચે મુજબનો છે એમ માલૂમ પડે છે :–

૩૬. See : Joshi S. D. and Roodbergen JAF; Introduction to Vibhaktyāhnika (P. 2–3–18 to 45); (pp. i–xxi) University of Poona, 1980.

(૧) કૃત્રિમ–પારિભાષિક–સંજ્ઞાઓ અને પરિભાષાસૂત્રો (meta-rules).

(૨) વાક્યના એકમને મનમાં રાખીને, અર્થોને વ્યાકરણિક સંજ્ઞાઓ આપવી.

(૩) સંજ્ઞાઓનું સુબન્ત–તિઙન્ત રૂપો (પદો)માં પરિવર્તન.

(૪) પદવિષયક ધ્વનિતન્ત્રના (સન્ધિ) નિયમો.

આ વિષયવિભાજનને એક ઉદાહરણથી સમજીશું : 'રામ લાકડાંથી રાંધે છે.' આ ઉક્તિની સંસ્કૃતમાં રચના કરવા માટે, નમુના રૂપે આપણે એક પદ–''લાકડાંથી''–ની પ્રક્રિયા તપાસીશું : પાણિનિ પહેલા અધ્યાયના कारके । ૧–૪–૨૩ સૂત્રથી કહે છે કે – ''અમુક પદાર્થ ક્રિયામાં ભાગ લેનાર હોય ત્યારે = ક્રિયામાં અન્વિત હોય ત્યારે (= ક્રિયાપદની સાથે જોડાયેલ હોય ત્યારે)'', તે પદાર્થ (= લાકડાં) જો ક્રિયાસિદ્ધિમાં સાધકતમ (= પ્રકૃષ્ટોપકારક) હોય તો તેની करणकारक સંજ્ઞા કરવી (साधकतमं करणम् । ૧–૪–૪૨). (રાંધવાની ક્રિયામાં લાકડાં = ઈંધણાં પ્રકૃષ્ટોપકારક છે, કેમ કે એમના વ્યાપાર પછી(જ) તરત ચોખો ઢીલો પડીને નરમ બનતો હોય છે.) આમ પહેલા 'સાધકતમ' એવા અર્થ (Semantic category) ને એક પારિભાષિક (करण) સંજ્ઞા આપવામાં આવી. ત્યાર પછી, બીજા અધ્યાયના कर्तृकरणयोस्तृतीया । ૨–૩–૧૮ સૂત્રથી તે કરણકારકને અભિવ્યક્ત કરનાર તૃતીયા વિભક્તિનું વિધાન કરવામાં આવ્યું છે. આ તૃતીયા વિભક્તિના પ્રત્યયો ક્યાં લગાડવા એનું સ્પષ્ટીકરણ ત્રીજા અધ્યાયના प्रत्ययः । परश्च । ૩–૧–૧, ૨ (= પ્રકૃતિની પાછળ પ્રત્યય લગાડવા) સૂત્રોથી કરવામાં આવ્યું છે. તથા એ તૃતીયા વિભક્તિના પ્રત્યયો કયા કયા છે એ ચોથા અધ્યાયના (स्वौजसमौट्० । ૪–૨–૧) સૂત્રથી બતાવ્યું છે. આમ 'લાકડાંથી' → સાધકતમ → કરણ + તૃતીયા વિભક્તિ → टा–भ्याम्–भिस् ॥ काष्ठ + भिस् એવી સ્થિતિ પ્રાપ્ત થાય છે. (પાંચમા અધ્યાયમાં મહદંશે तद्धितના પ્રત્યયો છે.) હવે છઠ્ઠા અધ્યાયના अङ्गस्य । ૬–૪–૧ સૂત્રથી શરૂ કરીને, સાતમા અધ્યાયના અંત સુધીમાં રજૂ કરેલાં સૂત્રોથી આ भिस् પ્રત્યયમાં કેવા ફેરફાર કરવા એનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમ કે, अतो भिसः ऐस् । ૭–૧–૯ થી 'अ કારાન્ત પ્રકૃતિ–અંગની પાછળ આવતા भिस् પ્રત્યયને સ્થાને ऐस् પ્રત્યય થાય છે' काष्ठ + ऐस् – काष्ठैस् । હવે આઠમા અધ્યાયના ससजुषो रुः । ૮–૨–૬૬ સૂત્રથી सु પ્રત્યયના स् કારનું રેફમાં પરિવર્તન થાય છે અને ત્યાર પછી खरवसानयोर्विसर्जनीयः । ૮–૩–૧૫ સૂત્રથી રેફનું વિસર્ગ (:)માં પરિવર્તન થાય છે એ દર્શાવવામાં આવ્યું છે :– काष्ठैः ।

આમ 'અષ્ટાધ્યાયી'ના આઠેય અધ્યાયોનો આનુક્રમિક પ્રતિપાદ્ય વિષય જોઈએ તો અર્થ → કારકસંજ્ઞા → વિભક્તિવિધાન → પ્રકૃતિ + પ્રત્યયના સંયોજન દ્વારા 'પદ' સિદ્ધિ → પદાન્તીય અને પદાદિ ધ્વનિઓમાં સન્ધિજન્ય વિકારો → વાક્યની નિષ્પત્તિ થાય છે. વળી, એ પણ જોઈ શકાય છે કે काष्ठैः પદની એકાકિ સ્વતન્ત્ર પદ તરીકે સિદ્ધિ શક્ય જ નથી. કેમ કે कारके । (૧–૪–૨૩ સૂત્રથી કહ્યું છે કે 'ક્રિયાપદ જોડે

અન્વિત હોય ત્યારે') – આવી શરત સંતોષાય તો જ, એટલે કે पचति જેવા કોઈક ક્રિયાપદ (= વાક્ય)ના ઉપલક્ષ્યમાં જ કોઈપણ પદની સિદ્ધિ થઈ શકે છે.

★ ★ ★

સૂત્રાત્મક વ્યાકરણ રૂપી તન્ત્ર (machine) થી સંસ્કૃત વાક્યની નિષ્પત્તિ કેવી રીતે થાય છે ? એ વર્ણવવા માટે પાણિનિએ જે યુક્તિ પ્રયોજી છે તે કોઈ પણ આધુનિક ભાષાવૈજ્ઞાનિકને માટે માર્ગદર્શન બની શકે એમ છે :

(૧) 'રામ લાકડાંથી ચોખા રાંધે છે' (પ્રકૃષ્ટોપકારક) } Semantic representation

↓

(૨) કરણકારક (૧–૪–૪૨) } Deep structure

↓ ↓

અભિહિત — અનભિહિત

↓ ↓

(૩) પ્રથમા વિભક્તિ (૨–૩–૪૬) (ક્રિયાપદના પ્રત્યયથી કરણાર્થ અભિહિત કરવો શક્ય નથી.) — તૃતીયા વિભક્તિ /–टा/,/–भ्याम्/,/भिस्/ (૨–૩–૨૮) } Surface structure

↓

(૪) – — काष्ठ + भिस् → ऐस् काष्ठैस् → काष्ठैः } Phonological representation

આમ પાણિનિએ વક્તાના મનમાં રહેલા અર્થો (Semantic categories) નું પહેલાં પૃથક્કરણ કર્યું છે. પછી આ અર્થોની કર્તૃ–કર્માદિ કારકવિશેષ સંજ્ઞાઓ પાડી છે. એટલે કે વાક્યનું Deep Structure વર્ણવ્યું છે. ત્યાર પછી, આ કારકવિશેષ સંજ્ઞાઓને જુદી જુદી વિભક્તિઓ સાથે જોડી છે. એટલે કે વાક્યના Deep structure નું Surface structure માં કેવી રીતે રૂપાન્તર થાય છે એનું વર્ણન કર્યું છે.

5.1 કર્તરિપ્રયોગ અને કર્મણિ પ્રયોગવાળાં વાક્યોની નિષ્પત્તિ : એક કાળે ભાષાવૈજ્ઞાનિકોએ કર્તરિ પ્રયોગ અને કર્મણિ પ્રયોગવાળાં વાક્યો ધ્વનિ શ્રેણીના સ્તરે (Surface st.) જુદા પડતાં હોવા છતાંય અર્થની દૃષ્ટિએ (એટલે કે deep st. ઉપર) એકરૂપ જણાય છે એમ માનીને કર્તરિ પ્રયોગમાંથી કર્મણિપ્રયોગમાં વાક્યને રૂપાંતરિત કરવાના (Trans. G.) નિયમો આપ્યા. આવા રૂપાંતરના નિયમો આપતી વખતે એમણે કર્તરિ પ્રયોગને પાયાની–મૂળભૂત–રચના માની લીધી હતી. પરંતુ જરા સૂક્ષ્મતાથી વિવિધ સન્દર્ભોમાં વપરાતાં કર્તરિ/કર્મણિ વાક્યોનો અભ્યાસ કરતાં જણાયું કે ભાષકોના મનમાં હંમેશા અનિવાર્યપણે કર્તરિરચના જ હોય એવું નથી. ક્યારેક ક્યાંક કર્મણિરચના જ પાયાની રચના તરીકે અભીષ્ટ હોઈ શકે. આથી હંમેશા કર્તરિ વાક્યને પાયાની રચના

તરીકે લઈને, રૂપાંતરના નિયમોની મદદથી તેનું કર્મણિ–રૂપાંતર નિષ્પન્ન થતું વર્ણવવું તે સર્વથા ઉચિત નથી. તથા 'હંમેશા કર્તરિ અને કર્મણિ રચનાઓનો વિવક્ષિતાર્થ સર્વથા એકરૂપ જ હોય' એવું પણ નિર્વિવાદપણે કોણ કહી શકે ? પરિણામે આધુનિક ભાષાવૈજ્ઞાનિકોમાં, થોડોક સમય જતાં આ રૂપાંતરના (Trans. G.) નિયમો વિવાદાસ્પદ પણ બન્યા છે.[૩૭] આ સન્દર્ભમાં, પાણિનિએ સંસ્કૃત ભાષાની કર્તરિ–કર્મણિ રચનાઓ કેવી રીતે નિષ્પન્ન (generate) થતી વર્ણવી છે એ જાણવું રસપ્રદ બની રહેશે.

અગાઉ કહ્યું છે તેમ, પાણિનિ વિવક્ષિતાર્થ રૂપે એક ઉક્તિ/વાક્યને જ એકમ રૂપે લઈને તેની નિષ્પત્તિ વર્ણવે છે. આથી 'રામ વેદ ભણે છે' એવા વક્તાના મનમાં રહેલા અર્થનું ધ્વનિશ્રેણીમાં રૂપાંતર કરવા માટે જે પ્રક્રિયા હાથ ધરવી પડશે તે નીચે મુજબ દર્શાવી શકાય :–

(૧) રામ | વેદ | ભણે છે.

(૨) રામ (ક્રિયાજનક) | વેદ (ક્રિયા જેની ઉપર થાય છે તે પદાર્થ) | 'ભણવું' + વર્તમાન ક્રિયા કાળ

(ક્રિયામાં બન્નેનો અન્વય)

(૩) રામ (ક્રિયાજનક) કારક | વેદ (ક્રિયાથી મેળવવા ઇપ્સિતતમ) કારક | ક્રિયા + વર્તમાન કાળ

(૪) રામ + સ્વતન્ત્ર | વેદ + ઇપ્સિતતમ | પઠ્ + લટ્

સ્વતન્ત્રઃ કર્તા । થી 'રામ'ની કર્તૃકારક સંજ્ઞા | કર્તુરીપ્સિततमं કર્મ । થી 'વેદ'ની કર્મસંજ્ઞા | સકર્મક ? ✓ / અકર્મક ? | કર્તાનો વાચક ? / કર્મનો વાચક ? — વિવક્ષા

(લઃ कर्मणि च भावे चाकर्मकेभ्यः । ૩–૪–૬૯) લ્ કાર 'કર્તા'નો વાચક બને–એવી વિવક્ષા પ્રકટ કરવામાં આવે છે.

---

૩૭. In our earlier discussion of the passive transformation, no real justification for the passive transformation was given other than an appeal to one's intuition that active and passive versions of the same sentence have the same meaning. .....In some cases, such as the passive, something is known about deep structure and how transformations work on them. In other instances, some of which have been discussed in this chapter, considerably less is known.

See : **English Transformational Grammar**, by Roderick A. Jacobs & Peter Rosenbaum, Pub. Wiley Eastern Limited, New Delhi, 1976, (pp. 224–233).

(૫) રામ + કર્તૃકારક વેદ + કર્મકારક પઠ્ + तिप्

પછી 'કર્તરિ પ્રયોગ'–વિવક્ષાનો અનુવાદ कर्तरि शप् । સૂત્રોક્ત शप् વિકરણ પ્રત્યયથી થાય છે.

(૬) કર્તૃકારક કર્મકારક पठ् + शप् + तिप्

અભિહિત છે. અનભિહિત છે. पठ् + अ + ति०

માટે માટે

(૭) प्रातिपदिकार्थलिङ्ग (अनभिहिते)

कर्मणि द्वितीया । पठ् + अति

परिमाणवचनमात्रे प्रथमा । वेद + अम्

राम + सु > रु > र् > उ

(૮) रामो वेदम् > वेदं पठति ॥

અહીં સૌથી પહેલાં 'ભણવું' ક્રિયા વિશે વાત કરવી છે એમ જોઈને પાણિનિના 'ધાતુપાઠ'માંથી भ्वादि પ્રથમ ગણના ૨૨૨ पठ व्यक्तायां वाचि । એવા ધાતુને પસંદ કરવો પડશે. (અહીં પણ અમુક અર્થ વ્યક્ત કરવા માટે અમુક ધ્વનિશ્રેણીવાળી ધાતુ રૂપા પ્રકૃતિ વાપરવી એવો meaning in–put જાહેર કરેલો જ છે – એ ધ્યાનાસ્પદ છે.) આથી ''રામ + વેદ + પઠ્ + વર્તમાનકાળ'' એવા તબક્કે પહોંચ્યા પછી 'આ ક્રિયા વર્તમાનકાળમાં થઈ રહી છે' એની અવધારણા કરીને, પાણિનિના वर्तमाने लट् । ૩–૨–૧૨૩ સૂત્રથી 'વર્તમાનકાળ' રૂપી અર્થને વ્યક્ત કરવા लट् એવો સંકેત સ્વીકારવામાં આવે છે. જેથી રામ + વેદ + पठ् + लट् । એવી સ્થિતિ તૈયાર થાય છે.

હવે, ભણવાની ક્રિયાને જન્માવનાર તરીકે 'રામ' વ્યક્તિનો ભણવાની ક્રિયામાં સીધો અન્વય (જોડાણ) છે. વળી, ભણવાની ક્રિયા કરવાને કે નહીં કરવાને વિશે રામ સ્વતન્ત્ર છે. (રામનો પઠન વ્યાપાર અન્ય કોઈ પદાર્થને/વ્યક્તિને અધીન નથી) એમ નક્કી થતાં, સ્વતંત્ર કારક તરીકે રામ (स्वतन्त्रः कर्ता । ૧–૪–૫૪ સૂત્રથી) 'કર્તૃકારક' છે એમ જાહેર થાય છે. તથા એ રામને ભણવાની ક્રિયા દ્વારા મેળવવા માટે જે ઈપ્સિતતમ પદાર્થ છે તે 'વેદ' છે એમ જોઈને 'વેદ'ને (कर्तुरीप्सिततमं कर्म । ૧–૪–૪૯ થી) 'કર્મકારક' જાહેર કરવામાં આવે છે. આમ राम + કર્તા–કારક + વેદ + કર્મકારક + पठ् + लट् । એવી સ્થિતિ તૈયાર થાય છે.

હવે, पठ् ધાતુવાચક ક્રિયા સકર્મક છે કે અકર્મક છે ? એ વિચારીને[૩૮] પહેલેથી જ નક્કી કરવું પડશે કે આપણો જે વિવક્ષિતાર્થ છે. તેને કર્મણિ રચના દ્વારા વ્યક્ત કરવો છે કે કર્તરિ રચના દ્વારા ? – આને માટે लः कर्मणि च भावे चाकर्मकेभ्यः । ૩–૪–૬૯ સૂત્ર બનાવાયું છે. (આ સૂત્ર કહે છે કે (સકર્મક) ધાતુની પરમાં મૂકેલા ल(ट्) કારને 'કર્તા' અર્થનો વાચક માનવો છે કે 'કર્મ' અર્થનો વાચક માનવો છે ? તથા જો આ વાક્યમાં અકર્મક ધાતુ લીધો હોય તો તે અકર્મક ધાતુની પરમાં મૂકેલા ल કારને 'કર્તા' અર્થનો વાચક બનાવવો છે કે ભાવ અર્થનો વાચક બનાવવો છે ?) – આમ પાણિનીય તન્ત્રમાં કર્તરિ વાક્યમાંથી કર્મણિવાક્ય, કે કર્મણિ વાક્યમાંથી કર્તરિવાક્યનું રૂપાંતર કરવાની વાત છે જ નહીં ! અહીં તો ધાતુ સકર્મક છે કે અકર્મક છે એ જોઈને, लः कर्मणि च० । ૩–૪–૬૯ સૂત્ર દ્વારા વક્તાની પહેલેથી જ વિવક્ષા પૂછી લેવામાં આવે છે કે એણે કર્તરિવાક્યને જન્માવવું છે કે કર્મણિ/ભાવે પ્રયોગવાળું વાક્ય જન્માવવું છે.

હવે માની લો કે તમે पठ् ની પાછળ આવેલા ल् દ્વારા કર્તા અર્થનું અભિધાન કરવાની (–એટલે કર્તરિ પ્રયોગ કરવાની) વિવક્ષા જાહેર કરી છે. તો પાણિનીય તન્ત્ર એવા નિયમોની હારમાળા આપશે કે જેના થકી સમગ્ર વાક્યનું કર્તરિ પ્રયોગપરક જ નિષ્પાદન થાય. જેમ કે, लस्य । ૩–૪–૭૭ થી ल् ના સ્થાનમાં આત્મનેપદ પ્રત્યય આવવાને બદલે પરસ્મૈપદના પ્રત્યયો જન્મશે અને कर्तरि शप् । ૩–૧–૬૮ સૂત્રથી ધાતુની પરમાં કર્તરિ પ્રયોગનો વાચક (= અનુવાદક) शप् (अ) વિકરણ પ્રત્યય જન્મશે. જેથી पठ् + शप् > अ + ति । અને પછી पठति । ક્રિયાપદ તૈયાર થશે.

બીજી તરફથી, 'રામ + કર્તૃકારક' અને 'વેદ + કર્મકારક (રૂપી અર્થ)'ને વિભક્તિ વિધાન કરવાની પળ આવી પહોંચશે. પાણિનિએ 'વિભક્તિપાદ' (૨–૩–૧ થી ૭૩)માં આરંભે अनभिहिते । ૨–૩–૧ એવું એક અધિકારસૂત્ર મૂક્યું છે. તે આપણને પૂછશે કે ક્રિયાપદમાંના પ્રત્યયથી 'કર્તા' અર્થ કહેવાયો છે કે 'કર્મ'રૂપ અર્થ કહેવાયો છે ? (ધાત્વર્થ વ્યાપારનો જે આશ્રય છે – કર્તૃકારક છે – તેની ઉપર Focus છે ? = એટલે કે તેને 'ઉદ્દેશ્ય' – subject – બનાવવો છે ? કે ધાત્વર્થ ફળનો જે આશ્રય – કર્મકારક – છે તેની ઉપર Focus છે ? = એટલે કે તેને 'ઉદ્દેશ્ય' – Subject બનાવવો છે ?)

---

૩૮. આનો નિર્ણય કરવા માટે ધાતુ(માત્ર)ના બે અર્થો : (૧) વ્યાપાર (= ચેષ્ટા) અને (૨) ફળ સમાનાધિકરણમાં રહે છે કે વ્યધિકરણમાં તે તપાસવું પડે છે. દા.ત. रामः शेते । અહીં શયનક્રિયાનો 'જમીન ઉપર સૂવું, આંખો મીંચવી' વગેરે વ્યાપાર રામ વ્યક્તિમાં રહે છે અને શ્રમનિવૃત્તિ રૂપી ફળ પણ રામ વ્યક્તિમાં જ રહે છે. તો –शीङ् शयने (શયન) ધાતુ અકર્મક છે. પરંતુ रामः ओदनं पचति । માં રાંધવું ક્રિયાનો વ્યાપાર (રસોડામાંની પ્રવૃત્તિઓ) રામમાં રહે છે અને પચન ક્રિયાનું ફળ = ઢીલાશ આવવી તે ચોખામાં રહે છે. તેથી पच् ધાતુ સકર્મક કહેવાશે.

જો તમે पठति । ક્રિયાપદમાંના/ —अति/ પ્રત્યયથી 'કર્તા' અર્થનું અભિધાન થાય છે એમ જાહેર કરેલું હોય તો, હવે 'राम + કર્તૃકારક' અંશનું ધ્વનિશ્રેણીમાં રૂપાંતર કરવા માટે 'રામ'ની પરમાં 'કર્તા' અર્થનો વાચક કોઈ પ્રત્યય લગાવવાનો રહેતો નથી. (કેમ કે उक्तार्थानाम् अप्रयोगः । "કોઈ એક પ્રત્યયથી અમુક અર્થ કહેવાઈ ગયા પછી, તે જ અર્થ કહેવા માટે બીજો પ્રત્યય વપરાતો નથી" – એવો નિયમ છે. અહીં 'કર્તા' એવો અર્થ તો ક્રિયાપદમાંના/ —अति / અંશથી (Morphime) કહેવાઈ ગયો છે.) હવે તો કેવળ 'રામ' શબ્દનો પ્રાતિપદિકાર્થ (કોશગત અર્થ) કહેનારી (બીજા શબ્દોમાં કહીએ તો સાધુત્વબોધિકા) પ્રથમા વિભક્તિ જ લગાડવાની રહેશે. પાણિનીય તન્ત્રમાં कर्तरि प्रथमा । એવું સૂત્ર ક્યાંય આવેલું જ નથી. પાણિનિના મતે તો પ્રથમા વિભક્તિ (૧) પ્રાતિપદિકાર્થ (કોશગત શબ્દાર્થ), (૨) લિંગ, (૩) પરિમાણ (= લક્ષણાર્થો) અને (૪) સંખ્યા રૂપ અર્થો જ વ્યક્ત કરે છે (प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा । २–३–४६). આમ राम + सु (પ્ર. વિ. એ. વ.નો પ્રત્યય) વેદ + કર્મકારક + पठति। એવી સ્થિતિ તૈયાર થાય છે.

પછી ત્રીજા તબક્કે, 'વેદ' રૂપ કર્મકારકને વ્યક્ત કરવા કઈ વિભક્તિ લગાડવી ? એવો પ્રશ્ન હાથ ધરાશે. તો अनभिहिते । २–३–१ સૂત્ર ફરી પૂછશે કે पठति । એવા ક્રિયાપદમાંના/ —अति / પ્રત્યયથી શું 'કર્મકારક' અર્થ થઈ ગયો છે કે હજી અનભિહિત છે ? – જો/ —अति / પ્રત્યયથી કર્મકારક રૂપ અર્થ અનભિહિત (= અનુક્ત) હોય તો कर्मणि द्वितीया । २–३–२ સૂત્રથી वेद શબ્દને દ્વિતીયા વિભક્તિ એકવચનનો अम् પ્રત્યય લગાડો. આમ राम + सु + वेद + अम् + पठति । જેની ઉપર स्वादि सन्धि સૂત્રો (Morphophonemics rules) પ્રવૃત્ત કરીશું તો रामो वेदं पठति । એવી ધ્વનિશ્રેણી તૈયાર થશે.

★ ★ ★

જો આપણે 'રામ + કર્તૃકારક + વેદ + કર્મકારક + पठ् + लट् ની સ્થિતિમાં, लः कर्मणि च भावे चाकर्मकेभ्यः । ३–४–६९ સૂત્ર દ્વારા જ્યારે એમ પૂછવામાં આવે કે ल કોનો વાચક બનાવવો ? ત્યારે એવી વિવક્ષા જાહેર કરી હોત કે ધાતુની પરમાં આવેલો ल કર્મનો વાચક બનાવવો છે. (એટલે કે કર્મણિ–પ્રયોગ કરવો છે તો, ક્રિયાપદની રૂપરચનામાં पठ् ની પરમાં भावकर्मणोः । ३–१–१३ અને सार्वधातुके यक् । ३–१–६७ સૂત્રોક્ત આત્મનેપદના પ્રત્યયો અને વિકરણ પ્રત્યય તરીકે यक् પ્રત્યય લાગીને पठ्यते । ક્રિયાપદ બન્યું હોત.

હવે ક્રિયાપદમાંના/—यते / એવા પ્રત્યયથી 'કર્મ' અર્થ ઉક્ત = અભિહિત થઈ ગયા પછી તેને अनभिहिते । २–३–१ ના અધિકારમાં આવેલા कर्मणि द्वितीया । २–३–२ થી દ્વિતીયા વિભક્તિના પ્રત્યય નહીં લાગે. હવે તો તે 'वेद' ના કેવળ પ્રાતિપદિકાર્થને કહેવા માટે પ્રથમા વિભક્તિ જ લાગશે. બીજી તરફ, (કર્મણિ)

ક્રિયાપદના/ –यते / પ્રત્યયથી કર્તૃકારક એવો અર્થ વ્યક્ત થયો નથી. માટે राम શબ્દની પરમાં (अनभिहितयोः) कर्तृकरणयोस्तृतीया । २–३–१८ સૂત્રથી તૃતીયા વિ.ના પ્રત્યય લાગશે. જેમ કે, (કર્તા) राम + टा > इन (તૃતીયા) + (કર્મ) वेद + सु (પ્રથમા) > : + पठ्यते । એવી સ્થિતિ ઊભી થશે. ત્યાર પછી स्वादि સન્ધિનાં સૂત્રો (નિયમો) લાગીને, रामेण वेदः पठ्यते । એવું કર્મણિ પ્રયોગવાળું વાક્ય નિષ્પન્ન થાય છે.

આમ પાણિનીય તન્ત્રમાં કર્તરિ પ્રયોગ, કર્મણિ પ્રયોગ કે ભાવે પ્રયોગની નિષ્પત્તિ એકમાંથી બીજા પ્રકારમાં રૂપાંતર/પરિવર્તન રૂપે થતી નથી; પણ પરસ્પરથી તદ્દન નિરપેક્ષ/સ્વતન્ત્ર રીતે જ થાય છે. એટલે કે કર્તરિ/કર્મણિ/ભાવે પ્રયોગની રચના માટે પાણિનિએ (Transformational rules) રૂપાંતરના નિયમો આપ્યા નથી. અહીં તો અર્થ (Semantic representation) → કારકસંજ્ઞા (arguments or deep structure) → વિભક્તિ વિધાન (Surface structure) → પ્રત્યયાન્ત પદોની ધ્વનિશ્રેણી (વાક્યનું phonological representation) એવા ક્રમે 'વાક્ય'ની નિષ્પત્તિ થતી વર્ણવાઈ છે. આમ પાણિનીય વ્યાકરણ એ સ્પષ્ટપણે Descriptive Generative Grammar છે. ચક્રાકારે ફરતું રહેતું હોય તેમ આ તન્ત્ર (machine) જે રીતે વાક્ય નિષ્પત્તિ વર્ણવે છે તે નીચેનું ચિત્ર જોવાથી સ્પષ્ટ થશે :–



અહીં નામપદ (સુબન્ત) + ક્રિયાપદ (તિઙન્ત)થી બનેલા વાક્યની નિષ્પત્તિ કેવી રીતે થાય છે તે પૂર્વગોલાર્ધથી સ્પષ્ટ થશે. આમાં કર્તરિપ્રયોગ અને કર્મણિ/ભાવે પ્રયોગવાળા વાક્યની નિષ્પત્તિ 'ટ્રાન્સફરમેશનલ ગ્રામર'ના (TG rules) નિયમોથી કરી નથી; ત્યાં સુધીનો ભાગ 'જનરેટીવ ગ્રામર'ના રૂપે પ્રવર્તે છે. હવે આ જ વાક્યના એકમ રૂપે વપરાતાં નામપદોમાં ક્યારેક જો કોઈ કૃદન્ત, તદ્ધિતાન્ત કે સામાસિક શબ્દોનો વિશેષણ રૂપે પ્રવેશ કરાવવાનો હોય તો તે તે શબ્દોની નિષ્પત્તિ પહેલાં TG rules થી કામ લેવામાં આવે છે; અને તેમાં deep structure રૂપે, ઉપરની પ્રક્રિયાથી જન્મેલું

વાક્ય જ લેવાનું હોય છે) અને તે રીતે જન્મેલા આ (કૃદન્તાદિ) શબ્દો ફરી પાછા સાદા વાક્યમાં જ પ્રવેશે છે. આમ એક ચક્રાકારે ફરતું રહેતું આ તન્ત્ર અસંખ્ય શબ્દો અને અસંખ્ય વાક્યોની નિષ્પત્તિ કરતું રહે છે !

5.2 વાક્યમાં 'ઉદ્દેશ્ય' (Subject) ને બદલે 'અભિહિતકારક'નો ખ્યાલ : પાણિનિએ 'વાક્ય'નું વિભાજન 'ઉદ્દેશ્ય' (Subject) અને વિધેય (Predicate) એવા બે ભાગોમાં કર્યું નથી. (તથા ત્રિમુનિએ આ બે શબ્દોનો વિનિયોગ પણ કર્યો નથી.) અહીં 'ઉદ્દેશ્ય'ને બદલે 'અભિહિતકારક'નો ખ્યાલ સ્વીકારવામાં આવ્યો છે. કર્તરિપ્રયોગમાં કર્તાકારક 'ઉદ્દેશ્ય' હોય છે, તો તેને અહીં 'અભિહિત (કર્તૃ)કારક' ગણીને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે. (અહીં कर्तरि प्रथमा । એવું સૂત્ર જ નથી.) (અને કર્મને દ્વિતીયા વિભક્તિમાં મૂકવામાં આવે છે.) જેમ કે,



આથી વિપરીત, કર્મણિ પ્રયોગમાં કર્મકારક 'ઉદ્દેશ્ય' હોય છે, તો તેને અહીં 'અભિહિત (કર્મ)કારક' ગણીને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે અને કર્તૃકારક ક્રિયાપદના પ્રત્યયથી અનભિહિત રહેવાથી તે કર્તાને તૃતીયા વિભક્તિમાં મૂકાશે. કેમ કે,





આમ પાણિનીય તન્ત્રમાં પ્રથમા વિભક્તિ ઉદ્દેશ્યવાચિકા (જ) છે; પણ તેને 'અભિહિત કારક વાચિકા (= પ્રાતિપદિકાર્થે) પ્રથમા વિભક્તિ'ના નામે ઓળખાવવામાં આવે છે. વળી, વૈયાકરણોનો એવો સિદ્ધાન્ત છે કે ભાષામાં न केवला प्रकृतिः प्रयोक्तव्या, नापि केवलः प्रत्ययः । (व्याकरण–महाभाष्यम् १–२–६४) આ નિયમ મુજબ શબ્દો, કોશમાં આપેલા હોય તેમ, નિર્વિભક્તિક વાપરી જ ન શકાય. આ કોશગત શબ્દો (પ્રકૃતિઓ) ત્યારે જ અર્થ આપી શકે કે જ્યારે તેમને પ્રાતિપદિકાર્થે પ્રથમા વિભક્તિ લાગી/લગાડી હોય. વળી આવું 'વિભક્ત્યન્ત પદ' જ પ્રયોગાર્હ ગણાય, સાધુ ગણાય ! આમ પાણિનીય તન્ત્રમાં પ્રથમા વિભક્તિ સાધુત્વ બોધિકા પણ ગણાઈ છે. તથા આવું પ્રથમાન્ત પદ ક્રિયાપદથી નિરપેક્ષ રીતે પણ જન્માવી શકાય છે. જ્યારે બીજી કોઈ પણ વિભક્તિવાળું પદ ક્રિયાપદથી નિરપેક્ષ રીતે જન્માવી શકાતું નથી.

5.3 ઉદ્દેશ્ય (= અભિહિતકારક)ની સાથે ક્રિયાપદની સંગતિ : ધાતુની પરમાં આવેલો 'ल' કાર 'કર્તૃ' અર્થનો વાચક છે કે કર્મ અર્થનો વાચક છે – એવી વિવક્ષા જાહેર કર્યા પછી, "ल કારથી કર્તૃકારક અભિહિત છે" એમ નક્કી થતાં તે કર્તૃવાચક શબ્દ અભિહિતકારકભૂત/રૂપ 'ઉદ્દેશ્ય' છે એવો નિર્ણય હાથ લાગે છે. આ ઉદ્દેશ્યની સાથે 'પુરુષ' અને 'સંખ્યા'ની બાબતમાં સંગતિ (agreement) માં હોય ["ल કારથી કર્મકારક અભિહિત છે" એમ નક્કી કર્યું હોય તો કર્મકારકવાચક શબ્દ અભિહિતકારક ભૂત 'ઉદ્દેશ્ય' છે એમ મનાશે. હવે આ 'કર્મ'રૂપ ઉદ્દેશ્યની સાથે 'પુરુષ' અને 'સંખ્યા'ની બાબતમાં સુસંગત હોય] એવા ક્રિયાપદની રચના કેવી રીતે થાય છે તે જોઈશું :

लस्य । ३–४–७७ સૂત્રથી ल् ના સ્થાનમાં तिङ् પ્રત્યયો આદેશ રૂપે સ્થાપવામાં આવે છે :

पच् + लट्
↓

(પરસ્મૈપદ)	(આત્મનેપદ)	
तिप् – तस् – झि	त – आताम् – झ	પ્રથમ પુરુષ
सिप् – थस् – थ	थास् – आथाम् – ध्वम्	મધ્યમ પુરુષ
मिप् – वस् – मस्	इड् – वहि – महिङ्	ઉત્તમ પુરુષ

અહીં ત્રણ–ત્રણ પ્રત્યયોના ત્રણ ત્રિક છે. જેમની तिङस्त्रीणि त्रीणि प्रथम–मध्यमो–त्तमाः । १–४–१०१ સૂત્રથી અનુક્રમે 'પ્રથમ પુરુષ', 'મધ્યમ પુરુષ' અને 'ઉત્તમ પુરુષ' એવી સંજ્ઞાઓ જાહેર કરવામાં આવે છે. હવે, ધાતુ + પ્રત્યયથી ક્રિયાપદની રચના કરવા માટે આ નવ પરસ્મૈપદના (કે નવ આત્મનેપદના) પ્રત્યયોમાંથી કયા એકને પસંદ કરીશું ? એવો પ્રશ્ન થવાનો. કેમ કે ल् ના સ્થાનમાં આ નવેય (तिबादि) પ્રત્યયોની યુગપત્ પ્રવૃત્તિ તો શક્ય નથી. તેથી તે નવ પ્રત્યયોમાંથી કોઈ એકની પસંદગી કરવાનો આધાર બતાવતાં પાણિનિએ જણાવ્યું છે કે –

(क) युष्मद्युपपदे समानाधिकरणे स्थानिन्यपि मध्यमः । ૧–૪–૧૦૫ तिङ् પ્રત્યયથી વાચ્ય જે કારક (માની લોકે કર્તાકારક/અથવા કર્મકારક) તે કારકનો વાચક युष्मद् શબ્દ (पच् ધાતુની) ઉપપદમાં હોય, (કે ન હોય = અર્થાત્ અધ્યાહૃત હોય) ત્યારે જે તે ધાતુની પરમાં 'મધ્યમ પુરુષ' સંજ્ઞક પ્રત્યયો (એટલે કે सिप् – थस् – थ) પ્રવૃત્ત/પસંદ કરવા.

(ख) अस्मद्युत्तमः । ૧–૪–૧૦૭ तिङ् પ્રત્યયથી વાચ્ય જે કારક, (કર્તા કે કર્મ) તે કારકનો વાચક अस्मद् શબ્દ (पच् ધાતુની) ઉપપદમાં હોય (કે ન હોય = અર્થાત્ અધ્યાહૃત હોય) ત્યારે જે તે ધાતુની પરમાં 'ઉત્તમ પુરુષ' સંજ્ઞક (मिप् – वस् – मस्) પ્રત્યયો પ્રવૃત્ત/પસંદ કરવા.

(ग) शेषे प्रथमः । ૧–૪–૧૦૮ तिङ् પ્રત્યયથી વાચ્ય જે કારક (કર્તાકારક કે કર્મકારક), તે કારકનો વાચક શબ્દ अस्मद् અને युष्मद् થી ભિન્ન (तद्, यद्, इदम् વગેરે) એવો ત્રીજો જ કોઈ (દા.ત. રસોઈઓ), (पच् ધાતુની) ઉપપદમાં હોય (કે ન હોય = અર્થાત્ અધ્યાહન હોય) ત્યારે જે તે ધાતુની પરમાં 'પ્રથમ પુરુષ' સંજ્ઞક પ્રત્યયો (એટલે કે तिप् – तस् – झि) પ્રવૃત્ત/પસંદ કરવા.

આ સૂત્રોની હારમાળાનો અર્થ ધ્યાનથી તપાસશો તો તે એવું કહે છે કે 'રાંધે છે' એવો અર્થ કહેવા માટે જે ક્રિયાપદની રચના કરવી છે, તે રચના કરતાં પહેલાં 'કોણ રાંધે છે ?' – એ જાણવું/કહેવું અનિવાર્ય છે.



જ્યારે 'રસોઈઓ રાંધે છે' કે 'સીતા રાંધે છે' એમ નક્કી થાય ત્યારે જ, 'પ્રથમ પુરુષ' સંજ્ઞક तिप्–तस्–झि એવા પ્રત્યયોની હારમાળા તમારાથી પસંદ થઈ શકશે. એટલે કે लट् સ્થાનિક तिङ् પ્રત્યયોથી જે કર્તાને વાચ્ય બનાવવો છે, તેનો વાચક શબ્દ (अस्मद्/युष्मद् કે તદુભયભિન્ન વ્યક્તિવાચક નામ) ઉપપદમાં સાક્ષાત્ નિર્દિષ્ટ કે

અધ્યાહૃત સ્વરૂપે હોવો જોઈએ. અહીં स्थानिनि પદથી એમ કહ્યું છે કે આ अस्मद्/युष्मदादि નો પ્રકટ ઉલ્લેખ ન હોય તો પણ ચાલે; પણ અધ્યાહૃત સ્વરૂપે વક્તાના મનમાં તો, તેની સ્પષ્ટતા હોવી જ જોઈએ, (કે આ ક્રિયા કોણે કરી ? અથવા કર્મણિપ્રયોગ કરવા માંગતા હોઈએ તો, કોની ઉપર ક્રિયા થઈ ?). તો જ तिबादि નવમાંથી કોઈ એક ત્રિક પ્રત્યયની હારમાળા પસંદ થઈ શકે. તે પછી એ ક્રિયા કરનાર વ્યક્તિ સંખ્યામાં એક છે, બે છે કે બહુ છે ? તે જોઈને, ત્રણમાંથી કોઈ એક પ્રત્યયની પસંદગી થાય છે.

આમ ल् સ્થાનિક નવ तिबादि પ્રત્યયોમાંથી જે એક હારમાળા પસંદ કરીએ તે, કર્તરિ વાક્યના અભિહિત કર્તૃકારકની સાથે ((અથવા જો કર્મણિ વાક્ય કરવાના હોઈએ તો અભિહિત કર્મકારકની સાથે)) સુસંગત હોય – agreement માં હોય – એમ ઉપર્યુક્ત ૧–૪–૧૦૫, ૧૦૭, ૧૦૮ એ ત્રણ સૂત્રોએ અપેક્ષા વ્યક્ત કરી છે. તથા તે અભિહિત કર્તાની સંખ્યા અને ક્રિયાપદમાં વપરાનારા એકવચનાદિના પ્રત્યયો પણ પરસ્પરની સંગતિ (agreement) માં હોય તેમ बहुषु बहुवचनम् । ૧–૪–૨૧, द्व्येकयोर्द्विवचनैकवचने। ૧–૪–૨૨ સૂત્રોથી કહેવાયું છે. આ રીતે 'અભિહિતકારક = ઉદ્દેશ્ય' અને તિઙન્ત = ક્રિયાપદ 'પુરુષ અને સંખ્યા'ની બાબતમાં સંગતિ જાળવે એમ જાહેર થયેલું છે.

5.4.1 પાણિનીય વ્યાકરણમાં વર્ણિત સાદા વાક્યનાં સ્વરૂપો : પાણિનિએ वचोऽशब्दसंज्ञायाम् । ૭–૩–૬૭ થી ''બોલવા/કહેવા યોગ્ય'' અર્થમાં 'वाच्य' શબ્દ બને છે અને વ્યાકરણ શાસ્ત્રની એક પારિભાષિક સંજ્ઞા તે 'વાક્ય' (= જે બોલી શકાય, તે ઉક્તિને 'વાક્ય' કહે) છે – એવી નોંધ લીધી છે. આમ તેમના મનમાં 'વાક્ય'નો કોઈક વ્યાકરણિક વિભાવ તો જરૂર છે, પણ એમણે પોતે એનું કોઈ લક્ષણ (સંજ્ઞાસૂત્ર) આપ્યું નથી. કાલાન્તરે વાર્તિકકાર કાત્યાયને 'વાક્ય'નાં બે લક્ષણો આપ્યાં છે : (૧) एकतिङ् वाक्यम् । 'વાક્ય કેવળ એક ક્રિયાપદનું બનેલું પણ હોઈ શકે છે.' દા.ત. गच्छ । एहि । અહીં કેવળ એક એક ક્રિયાપદ દ્વારા જ અનુક્રમે त्वं गच्छ । 'તું જા' અને हे कृष्ण ! त्वं एहि । 'હે કૃષ્ણ ! તું અહીં આવ.' – એવા વાક્યાર્થનું જ્ઞાન થાય છે. આમ (કેવળ) એક ક્રિયાપદનું બનેલું પણ વાક્ય હોય છે. (૨) બીજા લક્ષણ મુજબ : आख्यातं साव्ययकारकविशेषणं वाक्यम् । ''અવ્યયો, કારકો અને વિશેષણો સહિતનું જે ક્રિયાપદ હોય તેને 'વાક્ય' કહે છે.'' આમ બીજા લક્ષણ દ્વારા સંસ્કૃત ભાષાના મોટામાં મોટા (સાદા) વાક્યનું સ્વરૂપ કહેવાયું છે. તો પહેલાં એ જોઈશું કે પાણિનિ આ પ્રકારનાં દ્વિવિધ સાદાં વાક્યોની નિષ્પત્તિ કેવી રીતે વર્ણવે છે :

વાર્તિકકારના પહેલા લક્ષણ મુજબ બે પ્રકારનાં વાક્યો બની શકે છે : (૧) ० + पचति । અને (૨) सः + पचति । એટલે કે ઉદ્દેશ્યના નિર્દેશ વિના કેવળ ક્રિયાપદથી બનેલું વાક્ય. તથા બીજા પ્રકારમાં ઉદ્દેશ્ય સહિતના ક્રિયાપદવાળું વાક્ય. આ વિષે પાણિનિએ युष्मद्युपपदे समानाधिकरणे स्थानिन्यपि मध्यमः । ૧–૪–૧૦૫ સૂત્રમાં 'स्थानिनि अपि' એવા શબ્દો મૂકીને એમ સૂચવ્યું છે કે – ''तिङ् પ્રત્યયથી વાચ્ય કારક

(જેમ કે, કર્તરિપ્રયોગમાં 'કર્તા' અને કર્મણિપ્રયોગમાં 'કર્મ'), તે કારકનો વાચક युष्मद् શબ્દ (पच् ધાતુની) ઉપપદમાં હોય કે ન હોય, (અર્થાત્ અધ્યાહૃત હોય) ત્યારે જે તે ધાતુની પરમાં 'મધ્યમ પુરુષ' સંજ્ઞક પ્રત્યયો વપરાય છે." આમ 'ધાતુ + ल કાર'ની સ્થિતિમાં ल થી જે કર્તાને કે કર્મને વાચ્ય બનાવવાની વિવક્ષા જાહેર કરી હોય, તદ્ વાચક युष्मद्/अस्मद् કે તદુભયભિન્ન નામ (કે સર્વનામ) પ્રકટપણે ઉપપદમાં નિર્દેશ્યું હોય કે ન નિર્દેશ્યું હોય (પણ વક્તાના મનમાં પડેલું હોય, એટલે કે અધ્યાહૃત રાખ્યું હોય) ત્યારે અમુક પુરુષ સંજ્ઞક નિશ્ચિત तिबादि પ્રત્યયોની પ્રવૃત્તિ થઈને ક્રિયાપદની રચના થતી હોય છે. આવું ઉદ્દેશ્યના નિર્દેશ વિનાનું એકલું ક્રિયાપદ જ 'વાક્ય' સંજ્ઞાને પાત્ર છે, કેમ કે તેમાં વપરાયેલો પ્રત્યય અધ્યાહૃત પુરુષને—ઉદ્દેશ્યને—સૂચવવા સક્ષમ હોય છે. જેમ કે, पचति । સાંભળીએ તો, તે પચન ક્રિયાનો કર્તા युष्मद् – अस्मद् થી ભિન્ન વ્યક્તિ છે – (सः) पचति । છે, એમ નિશ્ચિતપણે સૂચવે જ છે. पचसि । સાંભળીએ ત્યારે त्वं पचसि । એવું સમજાય જ છે.

વાર્ત્તિકકારે આપેલા બીજા લક્ષણ મુજબ – બીજા બે પ્રકારનાં સાદાં વાક્યો બની શકતા હોય છે. જેમ કે,

(૩) सः । काष्ठैर् ओदनं स्थाल्यां । पचति ।

(૪) स रामः । शुष्कैः काष्ठैः स्थाल्यां घटे च । तत्र शीघ्रं पचति ।

આમાંથી જે ત્રીજું વાક્ય છે, તેમાં એક અભિહિત કર્તૃકારક (ઉદ્દેશ્ય) ઉપરાંત, અન્ય કારકસમૂહ (કે જે અનભિહિત કારકો છે, તેમના) સહિતનું આખ્યાતપદ (ક્રિયાપદ) પ્રયોજાયું છે. જ્યારે ચોથા વાક્યમાં સર્વનામ (सः), વિશેષણો (शुष्कैः) અને અવ્યયો (च, तत्र, शीघ्रम्) સહિત કારકસમૂહ અને આખ્યાત (ક્રિયાપદ)વાળું વાક્ય રચવામાં આવ્યું છે.

5.4.2 કારક ઉપરાંત અન્ય પ્રકારના શબ્દોને વિભક્તિવિધાન : અગાઉ (૫.૦)માં દર્શાવ્યું છે કે જુદી જુદી કારકસંજ્ઞાને માધ્યમ બનાવીને, વાક્યાન્તર્ગત અનભિહિત–કારકોને અને અભિહિતકારકોને વિભક્તિપાદનાં (૨–૩–૧ થી ૭૩ સુધીનાં) સૂત્રોથી પ્રથમાદિ વિભક્તિઓનું વિધાન કેવી રીતે થાય છે તેનું નિરૂપણ કર્યું છે. પરંતુ આ કારકોને અને તદુપરાંત, અન્ય સન્દર્ભોમાં પણ આ દ્વિતીયાદિ વિભક્તિઓ પ્રવૃત્ત થતી હોય છે તેનું પાણિનિએ કેવી રીતે વર્ણન કર્યું છે તે જોઈશું :

(૧) મહદંશે એક અર્થને એક કારકસંજ્ઞા આપીને વિભક્તિવિધાન થયેલું જોવા મળે છે. દા.ત. ध्रुवम् अपाये अपादानम् । १–४–२४ 'વિશ્લેષની ક્રિયામાં જે અવધિભૂત પદાર્થ હોય (= જે વિભાગનો આશ્રય હોય) તેની અપાદાન સંજ્ઞા થાય છે. તથા આવા અપાદાન કારકને પંચમી વિભક્તિ દ્વારા વ્યક્ત કરવામાં આવે છે.

(૨) બે વિભિન્ન અર્થને એક જ કારકસંજ્ઞા આપીને વિભક્તિવિધાન થયેલું જોવા મળે છે : દા.ત. 'આધાર' અને 'ઈપ્સિતતમ' એવા બે અર્થોને માટે એક 'કર્મકારક' સંજ્ઞાનું વિધાન જોવા મળે છે. જેમ કે, कर्तुरीप्सिततमं कर्म । ૧–૪–૪૯ તથા अधिशीङ्स्थासां कर्म । ૧–૪–૪૬. જેથી रामः फलं भक्षयति । અને रामः वैकुण्ठम् अधितिष्ठति ।

(૩) એક જ અર્થને બે કારકસંજ્ઞાઓ આપીને, વિભક્તિવિધાન થયેલું જોવા મળે છે. દા.ત. दिवः कर्म च । ૧–૪–૪૩ સૂત્રથી √दिवु क्रीडायाम् ધાતુના સન્દર્ભમાં 'સાધકતમ' અર્થ (= પદાર્થ)ની કરણકારક સંજ્ઞા અને કર્મકારક સંજ્ઞા થાય છે. જેથી अक्षैः दीव्यति । અને अक्षान् दीव्यति । એવા ઉભયવિધ પ્રયોગ શક્ય બને છે.

(૪) ક્યારેક કોઈ અર્થને, કારકસંજ્ઞા આપ્યા વિના જ, સીધું જ વિભક્તિવિધાન થયેલું જોવા મળે છે. દા.ત. कालाध्वनोरत्यन्तसंयोगे । ૨–૩–૫. 'અત્યંત સંયોગ' એવો અર્થ સૂચવવા, કાળવાચક અને માર્ગવાચક શબ્દોને દ્વિતીયા વિભક્તિ લાગે છે. क्रोशं कुटिला नदी । (એક માઈલ સુધી નદી કુટિલ છે.) તથા रामः मासम् अधीते । (રામ એક મહિના સુધી સળંગ ભણે છે.) (આને અકારકવિભક્તિ કહે છે.)

(૫) ભાષામાં અમુક અમુક અવ્યયોની સાથે અમુક નિશ્ચિત વિભક્તિ જ રૂઢિથી વપરાતી જોવા મળે છે. તેનું વર્ણન કરવા માટે પાણિનિએ 'ઉપપદ વિભક્તિ'ઓનું વિધાન કર્યું છે.[૩૯] દા.ત. अन्य–आरात्–इतर–ऋते–दिक्शब्द–अञ्चूत्तरपद–आच्–आहि युक्ते । ૨–૩–૨૯ સૂત્રથી કહે છે કે अन्य, आरात्, ऋते વગેરે શબ્દોના યોગે પંચમી વિભક્તિ વપરાય છે. જેમ કે, कृष्णाद् अन्यः । धर्माद् ऋते न सुखम् । વગેરે.

(૬) આ ઉપરાંત, પ્રાચીન સંસ્કૃતમાં એક 'કર્મપ્રવચનીય' પ્રકારનાં प्रति, अधि, अनु વગેરે (ઉપસર્ગ પ્રકારના) અવ્યયો પણ સ્વતંત્ર રીતે (અલબત્ત, નામની પાછળ post position રૂપે) વપરાતાં જોવા મળે છે; જે નિશ્ચિત અર્થ દર્શાવનારાં હોય છે અને તેમની સાથે સમ્બદ્ધ શબ્દને રૂઢિથી અમુક નિશ્ચિત વિભક્તિ લગાડવામાં આવતી હોય છે.[૪૦] દા.ત. अनुर्लक्षणे । ૧–૪–૮૪, लक्षणेत्थंभूताख्यानभागवीप्सासु प्रतिपर्यनवः । ૧–૪–૯૦ વગેરે. जपम् अनु प्रावर्षत् । वृक्षं प्रति विद्योतते विद्युत् । વગેરે.

(૭) અહીં વિશેષણવાચક શબ્દોને થતા વિભક્તિવિધાન વિશે પણ એક મહત્ત્વનો મુદ્દો જાણવા જેવો છે. સંસ્કૃત ભાષા પ્રત્યયપ્રધાન ભાષા હોઈને, નામપદના વિશેષણ

---

૩૯. વધુ વિગત માટે જુઓ : कारकप्रकरणम्, सं. વસન્તકુમાર ભટ્ટ, પ્રકા. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, ૧૯૯૩.

૪૦. See : SANSKRIT SYNTAX; by J. S. Speijer. Motilal Banarasidas, Delhi. 1980 (pp. 114–117).

રૂપે જે શબ્દો વપરાય છે તેમને પણ વિભક્તિપ્રત્યયો તો લાગે જ છે. જેમ કે, चतुरः रामः । चतुरेण रामेण । चतुरस्य रामस्य । વગેરે. પણ પાણિનિ 'અષ્ટાધ્યાયી'માં ક્યાંય વિશેષણોને કેવી રીતે (કયા નિયમને વશવર્તીને) વિભક્તિવિધાન કરવું ? એની વાત કરી નથી. આનું કારણ એ છે કે गुणगुणिनोः समवायसम्बन्धः । 'ગુણ અને ગુણિન્ (= ગુણવાળો) વચ્ચે સમવાય સંબંધ હોય છે.' એ સર્વસ્વીકૃત સિદ્ધાન્ત છે. એટલે चतुर નામનો ગુણ અને राम એવી વ્યક્તિ ગુણિન્ છે. તેમની વચ્ચે અભેદ સંબંધ છે. આથી પાણિનિના દર્શન મુજબ राम ના વિશેષણ રૂપે વપરાતો चतुर જેવો ગુણવાચક શબ્દ પણ જે તે કારકસંજ્ઞાને પાત્ર બને છે, (એટલે કે પાણિનિનાં મતે અભેદમૂલક વિશેષણો પણ કારક જ છે તેથી વિશેષણોને વિભક્તિ વિધાન કરવા માટે કોઈ જુદાં સૂત્ર બનાવવાની જરૂર રહેતી નથી) અને राम જેવાં વિશેષ્યનાં જે લિંગ, વચન અને વિભક્તિ હશે તે એના ગુણવાચક વિશેષણને પણ લાગુ પાડવામાં આવે છે. આ સામાન્ય બુદ્ધિનો પ્રશ્ન છે, તેને માટે વ્યાકરણકારે સૂત્ર બનાવવાની જરૂર નથી.

5.4.3 વાક્યાન્તર્ગત પદોનું પરિગણન (Parts of Speech) : ભાષામાં વપરાતાં શબ્દોનું વિભાજન કરતી વખતે, 'નિરુક્ત' નામના વેદાંગમાં યાસ્કે ચાર પ્રકારના શબ્દો ગણાવ્યા છે : (૧) નામ, (૨) આખ્યાત, (૩) ઉપસર્ગ અને (૪) નિપાત.[૪૧] પરંતુ લાઘવપ્રિય પાણિનિએ વાક્યને બે પ્રકારનાં પદોમાં જ વિભક્ત કર્યું છે : (૧) સુબન્ત (નામપદ) અને (૨) તિઙન્ત (ક્રિયાપદ). એટલે કે તેમણે 'ઉપસર્ગો'ને અને 'અવ્યયો'ને અલગ પ્રકારનાં પદો તરીકે ગણાવ્યાં જ નથી. પાણિનિનાં મતે ઉપસર્ગો અને નિપાતો (= અવ્યયો) પણ એક પ્રકારનાં સુબન્ત પદો જ છે ! એટલે કે પાણિનિના મતે આ અવ્યયોની પરમાં પણ વિભક્તિ વિધાન કરવામાં આવ્યું હોય છે અને પછી તેનો લોપ થયો હોય છે. (अव्ययादाप्सुपः । २–४–८२) આને વિશદ કરવા માટે તેમના મતે નામ રૂપા પ્રકૃતિમાં કોનો કોનો સમાવેશ થાય છે તે જોવું જોઈએ :

પાણિનિએ નામ રૂપા પ્રકૃતિને 'પ્રાતિપદિક' સંજ્ઞાથી ઓળખાવેલ છે. આવા પ્રાતિપદિકસંજ્ઞા રૂપે ઓળખાતાં નામોમાં કોનો કોનો સમાવેશ થાય છે તે કહેવા તેમણે બે સૂત્રો આપ્યાં છે :

(क) अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । १–२–४५ ''ધાતુભિન્ન, પ્રત્યયભિન્ન, પ્રત્યયાન્તભિન્ન એવા અર્થવાન્ શબ્દસ્વરૂપની પ્રાતિપદિકસંજ્ઞા થાય છે.'' – આનાથી (૧) રૂઢ નામો (= અવ્યુત્પન્ન નામો, દા.ત. वृक्ष, गज, लता), (૨) રૂઢ વિશેષણો, દા.ત. शठ, चतुर, (૩) સંખ્યાવાચક શબ્દો एक, द्वि, त्रि, पञ्चन् વગેરે, (૪) સર્વનામો, દા.ત. इदम्, एतद्, अस्मद्, (૫) અવ્યયો, દા.ત. च, वै, नूनम्, खलु, किल ((આમાં સમુચ્ચયાદિ અર્થવાળા, ક્રિયાવિશેષણો અને કર્મપ્રવચનીયાદિ રૂપ અવ્યયોનો સમાવેશ

૪૧. चत्वारि पदजातानि – नामाख्यातोपसर्गनिपाताश्च । – निरुक्तम् (अध्याय–१).

થાય છે.) અને (૬) પ્રાદિ ગણના શબ્દો, કે જે ક્રિયાપદની પૂર્વે 'ઉપસર્ગ' રૂપે વપરાય છે, તેમનો સમાવેશ થઈ જાય છે.

જ્યારે (ख) कृत् तद्धितसमासाश्च । ૧–૨–૪૬ સૂત્રથી, (૭) કૃદન્ત શબ્દો (દા.ત. नायक, नेतृ, नीति, नयन), (૮) તદ્ધિત પ્રત્યયાન્ત શબ્દો (દા.ત. कौन्तेय, औपगव, वार्षिक, राष्ट्रिय) અને (૯) સામાસિક શબ્દો (દા.ત. राजपुरुष, लम्बकर्ण, रामलक्ष्मणौ, प्रतिदिनम् વગેરે)નો સમાવેશ થાય છે.

આ મુજબ, જે પ્રાતિપદિકસંજ્ઞાવાળા નામોની પાછળ વિભક્તિ પ્રત્યયો લાગીને પાણિનિનાં 'સુબન્તપદો' બને છે, તે 'પ્રાતિપદિક' સંજ્ઞકના શીર્ષકની નીચે ઉપર્યુક્ત નવ પ્રકારના શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તથા દશમા પ્રકાર તરીકે તિઙન્ત પદ = ક્રિયાપદોનો સમાવેશ થઈ જાય છે.

હવે સંરચના (Structure) ની દૃષ્ટિએ બધા જ શબ્દોને 'પ્રત્યયાન્ત' બનાવવા માટે જ च, खलु, वै, किल વગેરે અવ્યયોને અને प्र, प्रति, अनु, अभि વગેરે ઉપસર્ગોને પણ 'પ્રાતિપદિક' કહ્યા એનું ફળ એવું આવે છે કે તેમની પરમાં વિભક્તિપ્રત્યયો જન્મે છે. તે પછી अव्ययादाप्सुपः । ૨–૪–૮૨ સૂત્રથી તે चादि અવ્યયોની પરમાં આવેલા સુપ્ પ્રત્યયોનો લોપ થાય છે. આમ તેમને કૃત્રિમ રીતે = તાન્ત્રિક રીતે 'સુબન્ત પદ' કહી શકાય છે. આમ, વાક્યમાં કેવળ સુબન્ત અને તિઙન્ત—એવા બે પ્રકારના જ પદો હોય છે એવું વિધાન થઈ શકે છે.

અલબત્ત, આ પાણિનીય તન્ત્રમાં અવ્યયોના અર્થોનું; કે વાક્યમાં તેમની શી કામગીરી છે ? તેનું વિગતે નિરૂપણ કરવામાં આવ્યું નથી—તે બીજો એક નોંધપાત્ર મુદ્દો છે.

5.4.4 પદક્રમ (Syntax) ના નિયમોની ગેરહાજરી : પાણિનીય વ્યાકરણમાં વાક્યની અંદર વપરાતાં પદોને કયા ક્રમે ગોઠવવા એ વિષે કોઈ ચર્ચા કરવામાં આવી નથી. આનું મુખ્ય કારણ તો એ છે કે સંસ્કૃત ભાષા પોતે વિભક્તિપ્રત્યય પ્રધાન ભાષા છે. આથી વાક્યની અંદર પદોને ગમે તે ક્રમે ગોઠવી શકાય છે. વિભક્તિ પ્રત્યયો પોતે જ પરસ્પરનો અન્વય ક્યાં છે, કયા ક્રમે પદો અન્વય પામે છે તે દર્શાવી શકે છે. આથી रामो वनं गच्छति । જેવા વાક્યને वनं गच्छति रामः । કે वनं रामो गच्छति । અથવા गच्छति वनं रामः । એવા વિવિધ પદક્રમે બોલી શકાય છે, તેમ કરવાથી અર્થબોધમાં કશો તફાવત પડતો નથી. આમ સંસ્કૃત ભાષા વિભક્તિપ્રધાન હોવાથી પદક્રમની ચર્ચા અનાવશ્યક છે.

પરંતુ प्रादि ગણમાં આવેલા प्र, प्रति, अभि, अनु વગેરે શબ્દો ક્રિયાપદના યોગમાં વપરાય ત્યારે 'ઉપસર્ગ' કહેવાય છે, એમ કહ્યા પછી પાણિનિએ તેમને તે प्राग् धातोः । ૧–૪–૮૦ સૂત્રથી કહ્યું છે કે તેમને ક્રિયાપદની પૂર્વમાં જ વાપરવા. આમ ક્યાંક પદક્રમને લગતાં પ્રકીર્ણ નિયમો નોંધાયેલાં જોવા મળે પણ છે. પરંતુ સમગ્ર વાક્યની પદાવલીના ક્રમની અહીં કોઈ વાત કરવામાં આવી નથી. દા.ત. વાક્યસંયોજક અવ્યય તરીકે यत्

કે इति એવા અવ્યયોનો; અથવા તો વાક્યસંયોજક એવા च અવ્યયનો પ્રયોગ ક્યાં કરવો/કયા ક્રમે કરવો તે વિશે સૂત્રકારે કશું જ વિધાન કર્યું નથી. વળી, 'વાક્યના આરંભે अपि અવ્યયનો પ્રયોગ હોય તો, તેવા પદક્રમથી વાક્ય પ્રશ્નાર્થક બને છે' એવા કોઈ નિરીક્ષણો પણ અહીં નથી. એવી જ રીતે, વિશેષણોને કારકોથી અભિન્ન માનીને ભલે જુદું વિભક્તિવિધાન કર્યું નથી, પણ વાક્યમાં તેમના પદક્રમ વિશે અને તેમની કામગીરી વિશે પાણિનિએ કોઈક નિરીક્ષણ આપવું જોઈતું હતું. જેમ કે, વિશેષ્યની પૂર્વમાં જો વિશેષણ વપરાયું હોય તો તે સિદ્ધસ્થિતિ (= સિદ્ધ ગુણ)નું કથન કરે છે અને જો પરમાં તેમનો પ્રયોગ હોય તો તે વિધેયાંશ રૂપે ઉપસ્થિત થાય છે. દા.ત. चतुरः रामो वेदं पठति । (અહીં 'ચતુર એવા રામ વેદ ભણે છે.') रामो वेदं पठित्वा चतुरो भवति । 'રામ વેદ ભણીને ચતુર થાય છે'માં 'ચતુર' એ વિધેયાંશમાં છે.

5.5.0 'જનરેટીવ ગ્રામર'ની વ્યાખ્યા : લાઘવપ્રિય પાણિનિએ તો આશ્ચર્યકારક રીતે 'વાક્ય' એવી સંજ્ઞા ઉચ્ચાર્યા વિના જ, વાક્યનિષ્પત્તિનું વ્યાકરણ રજૂ કર્યું છે. પરંતુ હવે આપણા અભ્યાસનો વિષય એ છે કે કોઈ પણ વ્યાકરણમાં "ભાષાનો વર્ણ્યવિષય શબ્દનિષ્પાદક તન્ત્ર રૂપે – generative grammar રૂપે – રજૂ થયો છે." એમ કહેવું હોય તો તેમાં નીચેના મુદ્દાઓનું પ્રકટ એવું પરિગણન અને નિરૂપણ હોવું જોઈએ. જેમ કે, વ્યાકરણકારના મતે 'વાક્ય' શું છે ?, તેઓ કેટલા પ્રકારના વાક્યો વર્ણવે છે ? તે પ્રત્યેક વાક્યની અન્તઃસ્તરીય રચના કેવી રીતે થયેલી હોય છે ? તથા વક્તાનો વિવક્ષિતાર્થ વાક્ય રૂપે ધ્વનિશ્રેણીના સ્તરે કેવી રીતે રૂપાંતરિત થઈને આવે છે ? વિભિન્ન કે એકરૂપ ધ્વનિશ્રેણીવાળા વાક્યોનું 'અર્થ'ની દૃષ્ટિએ વાક્યનું અર્થઘટન કેવી રીતે થાય ? વગેરે. આવા વિષયોનું નિરૂપણ વક્તાઓને પ્રાપ્ય અને વ્યવહાર માટે સમજવી જરૂરી એવી વાક્યવિષયક વિસ્તૃત માહિતી ઉપર આધાર રાખનાર હોય– એ જરૂરી છે.[૪૨]

આ વ્યાખ્યામાં દર્શાવ્યા મુજબ, આપણે 'વાક્ય એટલે શું ? તથા વક્તાના વિવક્ષિતાર્થને વાક્યના સ્તરે ધ્વનિ શ્રેણીમાં કેવી રીતે નિષ્પન્ન કરવામાં આવે છે ?

---

૪૨. To say that a descriptive account of the grammar of a language is "generative", therefore, is really to say no more about it than that it provides an explicit enumeration of its own claims about the structure of that language – such claims as what the sentences of the language are, what the internal structure of each sentence is how each sentence is realized phonetically, how each sentence is interpreted semantically, which sentencs are interpreted similarly, which one are interpreted differently in spite of surface similarity, and so on through a wide range of information about sentences that is clearly available to speakers and necessary for their understanding of the language. See : Linguistics, Ed. by Archibald A. Hill, Voice of America Forum Series, Washington, 1978, p. 294.

તેવા મુદ્દાઓની, ઉપર વિસ્તારથી રજૂઆત કરી દીધી છે. પરંતુ હવે એ જોવાનું રહે છે કે પાણિનિએ સંસ્કૃત ભાષાના બીજા કયા કયા અને કેટલા પ્રકારનાં વાક્યોનું નિરૂપણ કર્યું છે.

5.5.1 સુવાક્યો અને દુષ્ટ વાક્યો : 'જનરેટીવ ગ્રામર'ની ઓળખ આપતાં એમ પણ કહેવાયું છે કે – જનરેટીવ ગ્રામર એવા નિયમોની યાદી/સમૂહ આપે છે કે જે પ્રત્યયાન્ત શબ્દોની ઉપર લગાડવામાં આવતાં વ્યાકરણે વર્ણવેલા/પ્રમાણિત કરેલાં અને ભાષામાં સર્વમાન્ય બને એવાં સુઘટિત (Well formed) વાક્યાંશો (Syntagms) તે જન્માવી શકે.[૪૩] દા.ત. 'રામની સાથે' એવો અર્થ કહેવા માટે, સહ યોગે તૃતીયા વિભક્તિ જન્માવવામાં આવે તો તે 'रामेण सह' – એ સુવાક્યાંશ (Well formed) ગણાય છે. પણ જો *रामस्य सह એવો सह અવ્યયના યોગે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ કરે તો તે દુષ્ટ વાક્યાંશ (ill–formed) ગણાય છે. એ જ પ્રમાણે, रामो जलेन वृक्षान् सिञ्चति। એ સુવાક્ય છે, પણ *रामोऽग्निना वृक्षान् सिञ्चति । એ દુષ્ટવાક્ય (ill–formed sentence) છે. આમ સમ્યક્ વિભક્તિ પ્રયોગ કે 'યોગ્યતા' સંબંધ જેમાં જળવાયો હોય એવાં વાક્યો જ જનરેટીવ ગ્રામરે નિષ્પાદિત કરી આપવાં જોઈએ એવી આધુનિક ભાષાવિજ્ઞાનની અપેક્ષા છે.

પરંતુ પાણિનીય વ્યાકરણમાં દષ્ટિપાત કરીએ તો તે કયા અવ્યયની સાથે કઈ નિશ્ચિત વિભક્તિવાળું રૂપ જ વપરાય તેનું વર્ણન કરે છે (દા.ત. नमःस्वस्तिस्वाहास्वधाऽलंवषड्योगाच्च । २–३–१६ सहयुक्तेऽप्रधाने । २–३–१९) પરિણામે रामेण सह । गणेशाय नमः । જેવાં સુવાક્યાંશો જ જન્મી શકે છે. પણ *रामस्य सह । કે *गणेशं नमः । જેવાં દુષ્ટવાક્યાંશો જન્મી શકતાં જ નથી.

પરંતુ જ્યારે વાક્યમાં 'યોગ્યતા' સંબંધ (= તર્કમાન્ય રજૂઆત)ની અપેક્ષા રાખવામાં આવે છે ત્યારે પાણિનીય વ્યાકરણ रामो जलेन वृक्षान् सिञ्चति । જેવું (યોગ્યતા સંબંધવાળું) વાક્ય તો નિષ્પન્ન કરે જ છે, પણ *रामोऽग्निना वृक्षान् सिञ्चति । જેવું (યોગ્યતા વિનાનું) વાક્ય પણ બનાવી આપે છે ! કારણ કે ભારતીય વૈયાકરણોએ કાલ્પનિક/તર્કથી અપ્રતિષ્ઠિત એવા પદાર્થોની બૌદ્ધસત્તા (= માનસિક અસ્તિત્વ) સ્વીકારેલ છે. તેથી एष वन्ध्यासुतो याति खपुष्पकृतशेखरः । ''આકાશપુષ્પનો મુકુટ પહેરીને આ વન્ધ્યાનો પુત્ર જઈ રહ્યો છે.'' જેવું (યોગ્યતા સંબંધ વિનાનું = તર્કથી વિરુદ્ધ) વાક્ય પણ વ્યાકરણ તન્ત્ર જન્માવી આપે છે.

---

૪૩. A generative grammar is a set of rules which, operating upon a finite vocabulary of units, generate a set (finite or infinite) of syntagms (each syntagm being composed of a finite number of units) and thereby defines each syntagm to be well–formed in the language that is characterized by the grammar.

See : Language and Linguistics, by John Lyons, p. 125.

5.5.2 સંયુક્ત વાક્યની રચના વિષે મૌન : પાણિનીય વ્યાકરણમાં સાદાં વાક્યોની નિષ્પત્તિ વર્ણવાઈ છે, પણ यदा—तदा, यावत्—तावत्, यथा—तथा, यदि—तर्हि, કે च, इति અથવા यत् થી જોડાઈને જે 'સંયુક્તવાક્ય'ની રચના થાય તેનું વર્ણન કરવામાં આવ્યું નથી. જેમ કે,

(૧) परिणेष्यति पार्वतीं यदा तपसा तत्प्रवणीकृतो हरः ।
उपलब्धसुखस्तदा स्मरं वपुषा स्वेन नियोजयिष्यति ॥ (કુમાર૦ ૪—૪૨)

આ શ્લોકમાં यदा—तदा અવ્યયોની મદદથી એક સંયુક્ત વાક્ય રચાયું છે.

(૨) वरं मौनं कार्यं, न च वचनमुक्तं यदनृतम् ।
वरं भिक्षाशित्वं, न च परधनास्वादनसुखम् ॥

અહીં 'च' ના યોગ દ્વારા, પૂર્વવાક્યની સાથે ઉત્તર વાક્યનો સંયોગ કર્યો છે. એવી જ રીતે, यत्—तत् થી પણ બે વાક્યને જોડી શકાય છે. જેમ કે, यद् वचनम् अनृतम् उक्तम् (तत्) न [वरम्] ।

(૩) क्रोधं, प्रभो ! संहर संहरेति यावद्गिरः खे मरुतां चरन्ति ।

અહીં "हे प्रभो ! क्रोधं संहर, संहर" એવા એક વાક્યને इति થી मरुतां गिरः खे चरन्ति । એવા બીજા વાક્યની સાથે જોડ્યું છે. પાણિનીય વ્યાકરણ અહીં બન્ને સ્વતન્ત્ર વાક્યોની નિષ્પત્તિ વર્ણવે છે; પણ यदा – तदा, इति કે च વગેરે અવ્યયોની વાક્યાન્તર્ગત કેવી કામગીરી હોય છે, કેવી રીતે તે બે સ્વતન્ત્ર વાક્યોને સાંધી આપે છે – તેનું વર્ણન કરતું નથી.

5.5.3 જટિલ વાક્યની રચના વિશે મૌન : પાણિનીય વ્યાકરણમાં જેમ સંયુક્ત વાક્યની રચના વિશે કોઈ નિયમ ધ્યાન ઉપર આવતો નથી, તેમ જેને 'જટિલ વાક્ય' કહીએ. તેને માટેના નિયમ પણ પ્રાપ્ત થતા નથી. પરંતુ ભાષામાં એવાં ઘણાં વાક્યો જોવા મળે છે કે જેમાં ઉદ્દેશ્ય અને પ્રતિનિર્દેશ્ય માટે વપરાતાં સર્વનામો, સમુચ્ચયાર્થક કે વાક્યસંયોજક અવ્યયો – જેવા કે, यत्—तत्, यत्र—तत्र, सति सप्तमी વાળાં પદો, च કારાદિ—ના પ્રયોગથી એકવાક્યની આજુબાજુ બીજાં અનેક વાક્યોને વણીને, એક મોટા કદનું સંકુલવાક્ય બનાવાયું હોય છે. દા.ત.

एवमवस्थिते, यदत्रावसरप्राप्तमीदृशस्य चानुरागस्य सदृशमस्मदागमनस्य चानुरूपमात्मनो वा समुचितं तत्र प्रभवति देवीत्यभिधाय मन्मुरवासक्तदृष्टिः कपिञ्जल—स्तूष्णीमासीत् ॥

પરંતુ પાણિનીય વ્યાકરણમાં આવાં જટિલ વાક્યોની રચના વર્ણવાઈ નથી.

5.5.4 સંયુક્તવાક્ય અને જટિલવાક્ય વિશે પાણિનિની અભિજ્ઞતા : અલબત્ત, અહીં 'સંયુક્ત વાક્યની રચના—વિધિ' અને 'જટિલ વાક્યની રચના—વિધિ' વિશે પાણિનિએ મૌન સેવ્યું છે એમ કહીએ છીએ ત્યારે એક સ્પષ્ટીકરણ ઉમેરવું આવશ્યક છે કે તેઓ આવાં વાક્યોની રચનાથી અનભિજ્ઞ હતા એમ કહેવાનું તાત્પર્ય નથી. કેમ કે 'અષ્ટાધ્યાયી'માં એવાં કેટલાંક સૂત્રો જરૂર મળે છે કે જેના નિહિતાર્થોને જો સમજીએ

તો જણાય છે કે પાણિનિને ભાષામાં વપરાતી સંયુક્ત વાક્યની રચનાઓ અને જટિલ વાક્યની રચનાઓની પૂરેપૂરી માહિતી છે. જેમ કે

(૧) तिङतिङ् । ૮–૧–૨૮ સૂત્રથી કહ્યું છે કે – ''તિઙન્તની પરમાં નહીં આવેલું જે તિઙન્ત પદ, તેને સર્વાનુદાત્ત (= નિઘાત) થાય છે.'' પછી કહ્યું છે કે –

च–वा–योगे प्रथमा । ૮–૧–૫૧ અર્થાત્ ''च અને वा એવા અવ્યયોના યોગવાળા વાક્યમાં જે પહેલું તિઙન્ત પદ હોય તેને અનુદાત્ત સ્વર થતો નથી.''[૪૪]

દા.ત. गाश्च चारयति, वीणां वा वादयति । 'કાં તો ગાયોને ચરાવે છે અથવા વીણાને વગાડે છે (દેવદત્ત).' આ વાક્ય પોતે च અને वा થી જોડાયેલું એક સંયુક્તવાક્ય હોઈને, તેમાં જે પહેલું चारयति ક્રિયાપદ છે તેને સર્વાનુદાત્ત સ્વર થતો નથી. – આમ તો આ સૂત્ર તિઙન્ત પદમાં ક્યાં અને ક્યારે સર્વાનુદાત્ત થાય કે ના થાય ? – એ કહેવા પ્રસ્તુત કર્યું છે. પણ ''च, वा ના યોગમાં प्रथमा तिङ्विभक्ति (= પ્રથમ તિઙન્ત પદ)ને અનુદાત્ત થતો નથી'' એવું જે વિધાન છે, તેમાં એવું ગૃહીત છે કે च વાળી સંયુક્ત વાક્યની (= બે ક્રિયાપદવાળી) વાક્યની રચનામાં આ સૂત્ર લગાડવાનું છે.

(૨) આવું જ એક બીજું સૂત્ર છે : किं क्रियाप्रश्नेऽनुपसर्गम् अप्रतिषिद्धम् । ૮–૧–૪૪ આ સૂત્ર કહે છે કે – ''ક્રિયા વિષયક પ્રશ્ન પૂછવા માટે વપરાયેલા किम् શબ્દની સાથે જોડાયેલું ઉપસર્ગ વિનાનું તિઙન્ત પદ પણ અનુદાત્ત સ્વર પામતું નથી.''[૪૫] દા.ત. किं द्विजः पचत्याहोस्विद् गच्छति । અહીં પહેલા ક્રિયાપદ 'पचति' ને સર્વાનુદાત્ત થતો નથી. (અને જ્યારે અન્ય સાધન = કારક વિશે પ્રશ્ન હોય ત્યારે તિઙન્તને સર્વાનુદાત્ત થાય છે. દા.ત. किं भक्तं <u>पचत्यपूपान्वा</u> । તથા પ્રશ્નાર્થક किं સાથેનું ઉપસર્ગસહિતનું પહેલું ક્રિયાપદ – તિઙન્ત હોય તો પણ સર્વાનુદાત્ત થાય છે : किं <u>प्रपचति</u>, उत प्रकरोति ।) અહીં પણ પ્રશ્નાર્થક किम् અવ્યયની સાથે જોડાયેલી બે ક્રિયાઓની જે વાત છે તે પણ એમ સૂચિત કરે છે કે પાણિનિને ભાષામાં થતી સંયુક્ત વાક્ય રચનાની માહિતી છે.

(૩) यस्य च भावेन भावलक्षणम् । ૨–૩–૩૭ સત્સપ્તમી વિભક્તિ કરનારું આ સૂત્ર છે. એક જ્ઞાત ક્રિયાથી જ્યારે અ–જ્ઞાત ક્રિયા લક્ષિત થાય ત્યારે આ સતિ સપ્તમી વિભક્તિ પ્રવૃત્ત થતી હોય છે. જેમ કે, गोषु दुह्यमानासु देवदत्तः गतः । અહીં દેવદત્ત ક્યારે ગયો.? અર્થાત્ દેવદત્તની ગમન ક્રિયા ક્યારે થઈ તે અજ્ઞાત છે. આ અજ્ઞાત

---

૪૪. च वा योगे प्रथमा । ૮–૧–૫૧

(अत्र सिद्धान्तकौमुदी) चवेत्याभ्यां योगे प्रथमा तिङ् विभक्तिस्–नानुदात्ता । गाश्च चारयति वीणां वा वादयति । इंतो वां <u>सा</u>तिमीमंहे <u>दि</u>वो <u>वा</u> पार्थि<u>वा</u>दधिं । इन्द्रं <u>म</u>ह्वे <u>वा</u> रजंसः । (ऋ. सं. १–६–१०) उत्तरवाक्ययोरनुषङ्गनीयतिङन्तापेक्षयेयं प्राथमिकी ।

૪૫. सिद्धान्तकौमुदी वृत्तिः – क्रियाप्रश्ने वर्तमानेन किंशब्देन युक्तं तिङन्तं नानुदात्तम् ॥

ક્રિયા બીજી એક જ્ઞાત 'દોહન' ક્રિયાથી સૂચવાય છે—લક્ષિત થાય છે. એટલે કે 'જ્યારે ગાયો દોહવાની ક્રિયા થતી હતી' ત્યારે દેવદત્ત ગયો. અહીં ગમનક્રિયા લક્ષ્ય છે અને ગોદોહનક્રિયા લક્ષક છે.

આ સૂત્ર એમ સૂચવે છે કે પાણિનિને જટિલ વાક્યની રચનાની માહિતી તો હતી જ. જેમ કે, यदा सूर्यः उदेति, तदा रामः वनं गच्छति । એવી વક્તાના મનમાં રહેલી અન્તઃસ્તરીય રચના છે. તેમાં રામની વનગમન ક્રિયા લક્ષિત કરવા માટે, સૂર્યોદયની ક્રિયાને લક્ષક બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે, ઉપર્યુક્ત સતિસપ્તમીવાળી રચના થાય છે. જેમ કે, सूर्ये उदीयमाने सति रामः वनं गच्छति । અહીં પહેલે તબક્કે सूर्यः उदेति । અને रामः वनं गच्छति । એવા બે સ્વતન્ત્ર વાક્યો છે, તેમને બીજે તબક્કે यदा–तदा થી જોડીને એક સંયુક્તવાક્ય બનાવ્યું છે. પછી ત્રીજે તબક્કે – यस्य च भावेन भावलक्षणम् । ૨–૩–૩૭ સૂત્રથી સતિસપ્તમીવાળી જટિલ વાક્યની રચના અસ્તિત્વમાં આવે છે.

આમ પાણિનિ સંયુક્તવાક્ય અને જટિલવાક્ય રચનાઓની નિષ્પત્તિને ભલે પ્રકટપણે (Trans. Gr. rules) થી કે જનરેટીવ ગ્રામરની પદ્ધતિએ) વર્ણવી ન હોય, પણ તેવી રચનાઓથી તેઓ અનભિજ્ઞ તો ન હતા.

5.5.5 મિશ્રવાક્યોની નિષ્પત્તિ : સંસ્કૃત ભાષામાં એક મુખ્ય સાદા વાક્યની અંદર બીજા (સંબંધક ભૂતકૃદન્ત અને હેત્વર્થકૃદન્તવાળા) ઉપવાક્યનો પ્રવેશ કરાવીને ''મિશ્રવાક્ય''ની રચનાઓ પણ થતી હોય છે. જેમ કે,

(૧) रामो [मातरं नत्वा] वनं व्रजति । અહીં સાદું વાક્ય रामो वनं व्रजति । છે. પણ વનગમનની પૂર્વે રામ માતાને પ્રણામ કરવાની ક્રિયા પણ કરે છે. તો मातरं नत्वा એ ઉપવાક્ય છે. આવા મિશ્ર વાક્યની નિષ્પત્તિ વર્ણવતાં પાણિનિએ કહ્યું છે કે समानकर्तृकयोः पूर्वकाले । ૩–૪–૨૧ 'અર્થાત્ ''બન્ને ધાતુથી વાચ્ય ક્રિયાનો કર્તા એક જ વ્યક્તિ હોય ત્યારે પૂર્વકાલમાં થયેલી ક્રિયાના વાચક ધાતુની પરમાં સંબંધક ભૂતકૃદન્તનો त्वा પ્રત્યય લાગે છે. જેમ કે, रामो [मातरं (नम् + त्वा)] वनं व्रजति । અહીં ક્યારેક બેથી અધિક ક્રિયાઓ લઈને, મુખ્ય એક ક્રિયાની પૂર્વે જે જે ક્રિયાઓ થઈ હોય, તત્ તદ્–વાચક ધાતુની પરમાં/ –त्वा / પ્રત્યય લાગીને रामो [जलेन स्नात्वा, फलानि भुक्त्वा, दुग्धं पीत्वा] वनं व्रजति એવું અનેક ઉપવાક્યોના સમાહારવાળું મિશ્રવાક્ય પણ બનાવી શકાય છે. (આમાં વનગમનની પૂર્વે જે જે ક્રિયાઓ થાય છે, તે બધાના કર્તા તો એક રામ જ છે.)

(૨) એ જ પ્રમાણે, तुमुन्ण्वुलौ क्रियायां क्रियार्थायाम् । ૩–૩–૧૦ સૂત્રથી કહ્યું છે કે – ક્રિયાર્થ ક્રિયા ઉપપદમાં હોય ત્યારે ભવિષ્યમાં થનારી ક્રિયાનો વાચક જે ધાતુ હોય, તેની પરમાં तुमुन् અને ण्वुल् પ્રત્યયો લાગે છે.'' જેનાથી मैत्रेयः [कृष्णं द्रष्टुं] याति । કે मैत्रेयः [कृष्णं / कृष्णस्य दर्शको] याति । જેવાં હેત્વર્થકૃદન્તથી બનેલાં

ઉપવાક્યોવાળું મિશ્રવાક્ય બની શકે છે. અહીં મૈત્રેયની याति – 'ગમનક્રિયા' – તે ક્રિયાર્થક્રિયા છે; (મૈત્રેય શા માટે જાય છે ? તો 'કૃષ્ણને જોવા માટે.' આમ તે याति ક્રિયાને ''ક્રિયાર્થ ક્રિયા' કહેવાશે.) અને કૃષ્ણને જોવાની – દર્શનક્રિયા – ભવિષ્યમાં થવાની છે. તદ્વાચક दृश् ધાતુને तुम् / ण्वुल् > अक પ્રત્યય લાગીને द्रष्टुम् કે दर्शक જેવાં પદો બની શક્યા છે.

આમ પાણિનીય તન્ત્રમાં 'સંયુક્ત વાક્ય'ની કે 'જટિલ વાક્ય'ની રચનાઓ વર્ણવી નથી. પરંતુ મિશ્રવાક્યની રચના વર્ણવી છે તે જોઈ શકાય છે.

5.5.6 પાણિનીય વ્યાકરણમાં (૧) ઇચ્છાદર્શક વાક્યરચનાઓ, (૨) પૌનઃપુન્યાર્થક વાક્ય રચનાઓ અને (૩) પ્રેરકવાક્ય રચનાઓ રૂપાંતરના નિયમો (ટ્રાન્સફૉરમેશનલ ગ્રામર)થી સમજાવી છે તે વિશે આપણે અગાઉ (૪.૨, ૪.૩)માં ચર્ચા કરી લીધી છે.

આમ, સમગ્ર સંસ્કૃત ભાષામાં જે પાંચ પ્રકારના વાક્યોની રચના થતી જોવા મળે છે [જેમ કે, (૧) સાદા વાક્યની રચના, (૨) વિશેષણ સહિતના સાદા વાક્યની રચના, (૩) મુખ્ય વાક્યની અંતર્ગત ગોઠવાતાં क्त्वान्त અને तुमुन्नन्त ઉપવાક્યોથી બનેલા મિશ્રવાક્યની રચના, (૪) સંયુક્ત વાક્યની રચના અને (૫) જટિલ વાક્યની રચના કે જેના વિશે અમે અમારા 'સંસ્કૃત વાક્યસંરચના' ગ્રન્થના ચતુર્થ પ્રકરણ પૃ. ૧૩૯–૧૬૭માં રજૂઆત કરી છે.] તે વિશે પાણિનિએ 'અષ્ટાધ્યાયી'માં જે વ્યવસ્થા દર્શાવી છે તેનું નિરૂપણ અહીં પૂર્ણ થાય છે.

6.0 પ્રકીર્ણ મુદ્દાઓ : ઉપર, પાણિનિએ આપેલી 'વાક્ય' વિષયક ચર્ચાને પ્રસ્તુત કર્યા પછી કેટલાક પ્રકીર્ણ, પણ આવશ્યક મુદ્દાઓ વિશે અંગુલિનિર્દેશ કરીને, પ્રસ્તુત અભ્યાસનો ઉપસંહાર કરીશું :

6.1 અવ્યયોની વ્યાકરણિક કોટિ : પાણિનીય વ્યાકરણમાં चादयोऽसत्त्वे । ૧–૪–૫૭ અને स्वरादि–निपातम् अव्ययम् । १–१–३७ જેવાં સૂત્રોથી च, खलु, नूनम्, अपि વગેરે નિપાતોની 'અવ્યય' સંજ્ઞા જાહેર કરવામાં આવી છે. न व्येति तद् अव्ययम् । 'જેમાં કોઈ વ્યય–ખર્ચ, ધ્વનિવિકાર–થતો નથી તે ''અવ્યય'' છે.' એવી વ્યુત્પત્તિને કારણે, સામાન્ય રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે અવ્યયોનાં રૂપ ચાલતાં નથી. એટલે કે જેમ राम શબ્દનાં रामः – रामौ – रामाः એવાં રૂપ થાય છે, તેમ च, खलु વગેરે અવ્યયનાં રૂપો ચાલતાં નથી. પણ પાણિનિએ વાક્યાન્તર્ગત પદોની સંખ્યા, લાઘવસિદ્ધ કરવાની અદમ્ય ઇચ્છાથી પ્રેરાઈને (!), કેવળ બેની જ વિચારી છે :– सुप्तिङन्तं पदम् । ૧–૪–૧૪ (વાક્યમાં) સુબન્ત (= નામપદ) અને તિઙન્ત (= ક્રિયાપદ) બે પ્રકારનાં જ 'પદો' હોય છે. [અન્યત્ર, નિરુક્ત વગેરે જેવા વેદાંગમાં चत्वारि पदजातानि એમ કહીને ભાષામાં (૧) નામ, (૨) આખ્યાત, (૩) ઉપસર્ગ અને (૪) નિપાત – ચાર પ્રકારનાં પદો (Parts of Speech) હોય છે એ વાત સ્વીકારાઈ છે. પણ પાણિનિએ ચારને બદલે બે પ્રકારનાં જ પદોને સ્વીકાર્યાં છે.] પદોની સંખ્યા બે પૂરતી સીમિત

કરી દીધી હોવાને કારણે, પાણિનિને માટે એ આવશ્યક બની ગયું છે કે તે પોતાના 'વ્યાકરણતન્ત્ર'ની ગોઠવણથી, 'ઉપસર્ગ' પ્રકારનાં અને 'અવ્યય' પ્રકારનાં શબ્દોને પણ 'સુબન્ત–પદ'ના શીર્ષક હેઠળ લાવીને મૂકી આપે ! આને માટે તેમણે च વગેરે અવ્યયો કે જે કોઈકને કોઈક પ્રકારનો અર્થ ધરાવે છે, તેથી પહેલે તબક્કે તેમની अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । ૧–૨–૪૫ સૂત્રથી 'પ્રાતિપદિક' સંજ્ઞા થાય છે, પરિણામે બીજે તબક્કે તેમની પાછી स्वौजसमौट्० । ૪–૧–૨ સૂત્રથી ૨૧ सुप् પ્રત્યયોની ઉત્પત્તિ થાય છે : (च + सु), ત્યાર પછી ત્રીજે તબક્કે, अव्ययाद् आप्–सुपः । ૨–૪–૮૨ સૂત્રથી તે અવ્યયની પાછળ આવેલા सुप् વિભક્તિ પ્રત્યયોનો लुक् (લોપ) થાય છે. આથી 'यः शिष्यते स लुप्यमानार्थाभिधायी ।' એવી પરિભાષાની સૂચના મુજબ (''सुप् પ્રત્યયનો લોપ થયા પછી, જે અંશ બાકી રહે છે, તે લુપ્ત થયેલા અંશને કહેવામાં સમર્થ બને છે.'') च + सु → च + ० – અવશિષ્ટ રહેલો 'च' અવ્યય પણ ''सुबन्त'' (सुप् પ્રત્યયાન્ત) 'પદ' કહેવાશે. આમ પાણિનીય વ્યાકરણ મુજબ ઉપસર્ગો અને અવ્યયો પણ 'સુબન્ત પદ' જ ગણાય છે !

6.2 વાક્યના આરંભે સંબોધન–વાચક પદ : વાક્યનું સ્વરવિધાન કરતી વખતે પાણિનિએ જે સૂત્રો આપ્યાં છે, તેમાંના એક–બે સૂત્ર ધ્યાનાસ્પદ છે : एकश्रुति दूरात् सम्बुद्धौ । ૧–૨–૩૩ અર્થાત્ ''દૂરથી કોઈને બોલાવવાનો–સમ્બોધન કરવાનો–સન્દર્ભ હોય ત્યારે સમગ્ર વાક્યને 'એકશ્રુતિ' (= જેમાં ઉદાત્તાદિ ત્રણ સ્વરોનું વૈવિધ્ય ન હોય, કોઈ આરોહ–અવરોહ ન હોય એવું એક સરખું શ્રવણ) સ્વર થાય છે.'' આનો અર્થ એવો થયો કે સમ્બોધનના સન્દર્ભ વિનાનું જે વાક્ય હોય છે, તેમાં તો ત્રૈસ્વર્ય (ત્રણ પ્રકારનો સ્વરભેદ) જોવા/અનુભવવા મળે છે. આવી જ રીતે, વૈદિક મન્ત્રોના સન્દર્ભમાં પણ એક સૂત્ર છે : यज्ञकर्मणि अजपन्यूङ्खसामसु । ૧–૨–૩૪. અર્થાત્ યજ્ઞક્રિયા દરમ્યાન જે મન્ત્રોનો ઉચ્ચાર કરવામાં આવે છે, તેમાં પણ એકશ્રુતિસ્વર વપરાય છે; પણ જપક્રિયામાં, ન્યૂંખ (૧૬ પ્રકારના ઓ કાર)માં અને સામગાનમાં તો ત્રૈસ્વર્યપૂર્વકનો મન્ત્ર બોલવામાં આવે છે.

આવી જ રીતે, એક ત્રીજા સૂત્રમાં કહે છે કે आमन्त्रितं पूर्वम् अविद्यमानवत् । ૮–૧–૭૨. અર્થાત્ ''વાક્યના આરંભે આવેલ 'આમન્ત્રિત' સંજ્ઞક (અર્થાત્ સંબોધન વાચક) પદ અવિદ્યમાનવત્ (= ન હોવા બરોબર) ગણાય છે.'' આનો ફલિતાર્થ એ થયો કે (આરંભે આવેલ) સંબોધન–પદ વાક્યનો અવયવ ગણાતો નથી અને તે વાક્યાર્થનો ભાગ બનતું નથી.

6.3 એકાકી પ્રથમાન્ત–પદની રૂપસિદ્ધિ : પ્રથમા વિભક્તિનું વિધાન કરનારું સૂત્ર – प्रातिपदिकार्थलिङ्गपरिमाणवचनमात्रे प्रथमा । ૨–૩–૪૬ (૧) પ્રાતિપદિકાર્થ–માત્રમાં (પણ) પ્રથમા વિભક્તિ પ્રવૃત્ત થઈ શકે છે. અર્થાત્ અભિહિત (કર્તૃ કે કર્મ) કારકને માટે પ્રથમા વિભક્તિ પ્રવૃત્ત થાય છે. તથા (૨) ''પ્રાતિપદિકાર્થમાત્રમાં પ્રથમા

વિભક્તિ(નો પ્રત્યય) લાગે છે." એમ કહેવાનો એવો પણ અર્થ સમજવાનો છે કે કોઈ પણ પ્રાતિપદિકને જ્યાં સુધી પ્રથમા વિભક્તિનો પ્રત્યય લગાડવામાં આવતો નથી, ત્યાં સુધી તે પ્રાતિપદિકમાંથી–શબ્દમાંથી–એનો પોતાનો કોશગત અર્થ પ્રકટી શકતો નથી. કોઈપણ નામને પ્રથમા વિભક્તિનો પ્રત્યય લાગે (= તેમ થવાથી તે નામને (= પ્રતિપદિકને) 'પદત્વ'ની પ્રાપ્તિ થાય) તે પછી જ, તે શબ્દ/નામ પોતાનો અર્થ આપવા સમર્થ બને છે. આ શાસ્ત્રમાં अपदं न प्रयुञ्जीत । "જે 'પદ' (સંજ્ઞક) ન હોય, તેવાનો પ્રયોગ કરવો જોઈએ નહીં." એવો ભાષ્યોક્ત નિયમ છે. આથી વાક્યના સન્દર્ભ વિના, છુટક કોઈ એકાકી–શબ્દનો પ્રયોગ કરવો હોય ત્યારેય, તેને પ્રથમા વિભક્તિનો પ્રત્યય લગાડીને, તેને पदत्व ની પ્રાપ્તિ કરાવડાવીને, પછી જ તેનો પ્રયોગ કરવો જોઈએ. દા.ત. 'कमल' ન બોલાય, कमलम् એમ જ બોલાય. આ રીતે પ્રથમા વિભક્તિ 'પદત્વ–સાધિકા' વિભક્તિ અને 'સાધુત્વવાચિકા' વિભક્તિ પણ કહેવાય છે !

★ ★ ★

આપણે અગાઉ (૫.૦) જોયું છે, તે મુજબ પાણિનિનું વ્યાકરણ કેવળ વાક્યસંસ્કાર પક્ષનો જ પુરસ્કાર કરે છે (એટલે કે આ વ્યાકરણ એકી સાથે આખા વાક્યનો જ સંસ્કાર (= નિષ્પત્તિ) કરે છે, કોઈ એકાકી દ્વિતીયા વિભક્ત્યન્ત કે પંચમી વિભક્ત્યન્ત પદની સિદ્ધિ આ શાસ્ત્ર કરી શકતું નથી. પુનરુક્તિ સાથે કહીએ તો, પ્રથમાન્ત પદને બાદ કરતાં બીજા કોઈ પણ સુબન્ત કે તિઙન્ત પદની એકાકી રૂપસિદ્ધિ શક્ય જ નથી. સુબન્ત પદની સિદ્ધિ અને તિઙન્ત પદની રૂપસિદ્ધિ પરસ્પર સાપેક્ષ છે. અર્થાત્ સમગ્ર વાક્યના ઉપલક્ષ્યમાં જ શક્ય છે.

6.4 પ્રથમા વિભક્તિમાં જ લક્ષ્યાર્થોનો સમાવેશ : પ્રાતિપદિકાર્થ (= અભિધાજન્ય વાચ્યાર્થ)નું બોધન કરાવવા જેમ પ્રથમા વિભક્તિ વપરાય છે, તેમ શબ્દની લક્ષણા શક્તિથી પ્રાપ્ત થનારા લક્ષ્યાર્થો પણ પ્રથમા વિભક્તિના પ્રત્યયમાંથી જ મળે છે એમ આ શાસ્ત્રમાં સ્વીકારવામાં આવ્યું છે, (અને તેથી અનુગામી નાગેશાદિ વૈયાકરણોએ લક્ષણાનું ખંડન કર્યું છે). આ મુદ્દાનું સમર્થન કરવા વિદ્વાનો 'प्रातिपदिकार्थलिङ्गपरिमाण-वचनमात्रे प्रथमा । ૨–૩–૪૬ સૂત્રમાં આવેલા 'परिमाण' શબ્દ તરફ અંગુલિનિર્દેશ કરે છે. એ જ પ્રમાણે, अर्श आदिभ्योऽच् । ૫–૨–૧૨૭ સૂત્ર પણ એવું સૂચિત કરે છે કે પાણિનિએ શબ્દની કેવળ અભિધા અને વ્યંજના શક્તિને જ સ્વીકારી છે.[૪૬]

6.5 પાણિનીય વ્યાકરણમાં 'વિવક્ષા'નું સ્થાન : પાણિનિનું "અષ્ટાધ્યાયી" વ્યાકરણ એક શબ્દનિષ્પાદક તન્ત્ર (machine) છે, આથી એ જાણવું રસપ્રદ બની રહે છે કે પાણિનિએ પોતાના તન્ત્રમાં વક્તાની ઇચ્છાને–વિવક્ષાને–ક્યાં અને કેવી રીતે સ્થાન આપ્યું છે ?

(क) 'સીતા ચોખા રાંધે છે' એવા વાક્યની સંસ્કૃતમાં રચના કરવા માટે સીતા + –, तण्डुल + –, पच् + लट् ની સ્થિતિમાં लट् નો ल કાર 'કર્તા'નો વાચક

---

૪૬. જિજ્ઞાસુએ पाणिनीयव्याकरणे लक्षणाया अस्वीकारे किं बीजम् । (विश्वसंस्कृतम्, VVRI, Vol. 38.1, March–2001, pp. 25–32, હોશિયારપુર, પંજાબ) શીર્ષકવાળો લેખ જોવો.

બનાવવો છે કે 'કર્મ'નો વાચક બનાવવો છે ? (અર્થાત્ પ્રસ્તુત વાક્યનો 'કર્તરિપ્રયોગ' કરવો છે કે 'કર્મણિપ્રયોગ' કરવો છે ?) તેવો પ્રશ્ન लः कर्मणि च भावे चाकर्मकेभ्यः । ૩–૪–૬૯ સૂત્રથી, પૂછવામાં આવે છે. આમ વાક્યારંભે જ વક્તાની વિવક્ષા જાણી લેવા માટે, પાણિનિનું આ (૩–૪–૬૯) સૂત્ર રજૂ થાય છે. એક વાર વક્તા પોતાની ઇચ્છા જણાવી દે કે √पच् ધાતુની પાછળ આવેલો/મૂકેલો ल् કાર મારે 'કર્તા' અર્થનો વાચક બનાવવો છે કે 'કર્મ' અર્થનો વાચક બનાવવો છે – તે પછી વ્યાકરણ તન્ત્ર (= પાણિનિનાં સૂત્રો) આખા વાક્યની રચનાને પોતાની પકડમાં લઈ લે છે અને કર્તરિ પ્રયોગની વિવક્ષાનુસાર કે કર્મણિપ્રયોગની વિવક્ષાનુસાર કર્તાવાચક सीता + — શબ્દની અને કર્મવાચક तण्डुल + — શબ્દની પાછળ જરૂરી વિભક્તિ પ્રત્યયો ઉત્પન્ન કરશે. આમ પાણિનીય તન્ત્રમાં, વિવક્ષાનું સ્થાન વાક્ય રચનાના આરંભ બિન્દુએ જ રહેલું છે; અને તદનુસાર કર્તરિપ્રયોગ કે કર્મણિપ્રયોગનું સર્જન થતું હોય છે.

(ख) અમુક અમુક કારકોનો પ્રયોગ પણ વક્તાની વિવક્ષા ઉપર અવલંબે છે. જેમ કે, 'તપેલીમાં રાંધે છે' જેવા વાક્યમાં નિર્દેશાયેલ 'તપેલી' રૂપી કારક પ્રથમ દૃષ્ટિએ અધિકરણ કારક છે, (તેથી स्थाल्यां पचति । એમ સપ્તમી પ્રયોગ થઈ શકે). પણ કોઈ વક્તાની જો એવી વિવક્ષા હોય કે રાંધવું ક્રિયામાં તપેલી અધિકરણકારક નહીં, પણ સાધકતમ પદાર્થ છે, એટલે કે કરણકારક છે, એમ કહેવું જોઈએ. તો તે स्थाल्या पचति । એવો કરણકારકાર્થમાં તૃતીયાન્ત પ્રયોગ પણ કરી શકે છે. અથવા કોઈ ત્રીજા વક્તાને જો એમ લાગે છે કે અમુક રાંધવું ક્રિયામાં કર્તાનો કશો ફાળો જ નથી, જે છે તે તપેલી (કુકર) જ છે; એ તપેલી થકી જ રાંધવું ક્રિયા સમ્પન્ન થઈ જાય છે. તો તે स्थाली पचति । એવો કર્તૃકારકાર્થે પ્રથમાન્ત પ્રયોગ પણ કરી શકે છે. આને આધારે એમ કહેવાયું છે કે – 'विवक्षातः कारकाणि भवन्ति । 'વિવક્ષાનુસાર (અમુક) કારકો(નું કારકાન્તરમાં રૂપાંતર) થાય છે.' (અલબત્ત અહીં નોંધવું જોઈએ કે સમ્પ્રદાનકારક કે અપાદાનકારકને કારકાન્તરમાં રૂપાંતરિત કરી શકાતાં નથી.)

આવી જ રીતે વાક્યમાં જ્યારે दुह्, याच વગેરે ૧૬ દ્વિકર્મક ધાતુનો પ્રયોગ થયો હોય ત્યારે પણ વિવક્ષાને અવકાશ રહે છે. (એટલે કે વક્તાની અમુક કારકને બીજા કારક રૂપે – કર્મકારક રૂપે – રજૂ કરવાની છુટ આપવામાં આવે છે.) દા.ત. ગોવાળિયો ગાયમાંથી દૂધ દોહે છે. = गोपालः गोः⁵ पयः² दोग्धि । અહીં જો વક્તા એમ ઇચ્છે કે – 'ગોવાળિયો ગાય દોહે છે' એવું કહેવું જોઈએ તો, તે 'ગાયમાંથી' એવા અપાદાનકારકને બદલે 'ગાયને' (= गाम् दोग्धि ।) એમ કર્મકારક રૂપે રજૂ કરી શકે છે. જેથી વાક્યમાં બે કર્મકારકવાચક બે દ્વિતીયાન્ત પદો સાંભળવાં મળશે : गोपालः गाम्² पयः² दोग्धि ॥ આમ વ્યાકરણતન્ત્રમાં, કારક–પ્રયોગ બાબતે પણ અમુક કક્ષા સુધીનું વિવક્ષાનું ક્ષેત્ર સ્વીકારવામાં આવ્યું છે.

(ग) વાગ્ વ્યવહારમાં ક્યારેક વિગ્રહવાક્યથી (અર્થાત્ વિસ્તારથી, પૂરા ખુલાસાપૂર્વક, વિવૃત રીતે) અમુક વિચાર પ્રકટ કરવાનું મન હોય છે; તો ક્યારેક દૃઢ પદબન્ધ દ્વારા

(એક જ શબ્દમાં) સમગ્ર વિચારને વ્યક્ત કરી દેવાની પણ ઇચ્છા/જરૂર હોય છે. આથી મહર્ષિ પાણિનિએ કૃદન્ત, સમાસ, તદ્ધિત કે ઇચ્છાદર્શક રૂપો વગેરેની રચનાઓનું અનુશાસન કરતી વખતે, આવી અભિવ્યક્તિઓના સ્વાતન્ત્ર્યને સ્થાન આપ્યું છે, જેમ કે, તમે (૧) राज्ञः पुरुषः आगच्छति । એવું પૂર્ણ વિવૃત વાક્ય પણ વાપરી શકો છો અને राजपुरुषः आगच्छति । એમ પણ કહી શકો છો. (૨) એવી જ રીતે, कुन्तायाः अपत्यं पुमान् भगवद्गीतां शृणोति । એવું પણ બોલી શકાય; અને સાથો સાથ कौन्तेयः भगवद्गीतां शृणोति । એમ પણ કહી શકો છો. (૩) पठितुम् इच्छन् छात्रः गुरुकुलं गच्छति । એમ કહો, કે पिपठिषुः छात्रः गुरुकुलं गच्छति । બોલો, બન્નેનો અર્થ એક જ થાય છે. 'અષ્ટાધ્યાયી'માં અભિવ્યક્તિના આવા વૈવિધ્યને – સ્વાતન્ત્ર્યને – વક્તાની ઇચ્છાને – માન્ય રાખતી વ્યવસ્થા દર્શાવનારાં સૂત્રો विभाषा । ૨–૧–૧૧ (આને 'મહાવિભાષા' પણ કહી છે) અને समर्थानां प्रथमाद् वा । ૪–૧–૮૨ છે. અહીં પણ वा અને विभाषा શબ્દથી પાણિનિ દ્વારા વક્તાની વિવક્ષાને જ સ્વીકારવામાં આવી છે.

6.6 અર્થ–બોધની પ્રક્રિયા : ભાષા માત્રના અભ્યાસમાં જે તે ભાષાના ચાર અંગોનો સમાવેશ કરવામાં આવે છે. જેમ કે, (૧) વર્ણધ્વનિઓ, (૨) પદરચના, (૩) વાક્યરચના અને (૪) અર્થ. આમાંના પહેલા ત્રણ સાધન સ્વરૂપ છે અને ચોથો 'અર્થ' તે સાધ્ય છે. (અથવા તો પહેલા ત્રણને પ્રત્યાયક–બોધક–વાચક કહો અને ચોથાને પ્રત્યાય્ય–બોધ્ય–વાચ્ય કહો.) અગાઉ આપણે એ કહી ચૂક્યા છીએ કે પાણિનીય તન્ત્રમાં અર્થતત્ત્વ તે in–put છે; આરંભબિન્દુ છે અને કોઈક ઉક્તિ/વાક્ય તે out–put છે; નિષ્પન્ન/વ્યુત્પન્ન થતું ભાષાનું મોટામાં મોટું પ્રયોગાર્હ એકમ છે.

પરંતુ પ્રાસંગિક રીતે, વક્તા–શ્રોતા વચ્ચે જે વાગ્–વ્યવહાર થાય છે તેમાંથી શ્રોતાને કેવી રીતે અર્થબોધ થાય છે તેની પ્રક્રિયા વિશે પણ વાત કરવી રસપ્રદ બની રહેશે. (અલબત્ત પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં તેની કોઈ પ્રકટ ચર્ચા મળતી નથી. પણ પરંપરામાં જે રીતે આ વાત સમજાવાઈ છે તેને અહીં ટૂંકમાં રજૂ કરીશું.)

અર્થબોધની પ્રક્રિયાને વિશદ રીતે સમજાવવા ભર્તૃહરિએ પોતાના 'વાક્યપદીય' ગ્રન્થમાં એક સ્ફોટવાદનું નિરૂપણ કર્યું છે. (વિદ્વાનો આ સ્ફોટવાદનાં મૂળ અષ્ટાધ્યાયી અને વ્યાકરણમહાભાષ્યમાં રહેલા છે એમ કહે છે.) વૈયાકરણોએ એ જોયું કે જે વર્ણધ્વનિઓની હારમાળાથી બનેલા વાક્યમાંથી અર્થબોધ થાય છે, તે વર્ણધ્વનિ પોતે તો ક્ષણજીવી છે અને અન્તતોગત્વા નાશવંત છે. આવા ક્ષણજીવી વર્ણધ્વનિમાંથી વાક્યનો સંઘાત જ બની શકતો નથી, તો પછી તેમાંથી કોઈ અર્થ નીકળી જ કેવી રીતે શકે? અને અનિત્ય ધ્વનિઓમાંથી નિત્ય એવો અર્થ પણ કેવી રીતે મળી શકે? આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે તેમણે એક નિત્ય શબ્દની કલ્પના કરી અને તે નિત્યશબ્દને 'સ્ફોટ' એવું નામ આપ્યું છે. વક્તાની વૈખરી વાણીના ક્ષણજીવી ધ્વનિઓ દ્વારા શ્રોતાના મનમાં રહેલો–બુદ્ધિસ્થ–નિત્યશબ્દ (સ્ફોટ) પહેલાં જાગૃત (અભિવ્યક્ત) થાય છે; અને ત્યાર પછી તે નિત્યશબ્દમાંથી શ્રોતાને અર્થની પ્રાપ્તિ થાય છે. આમ સ્ફોટશબ્દના બે પાસા થયાં; તે બન્નેનું નિરૂપણ કરતું લક્ષણ આ પ્રમાણે અપાયું છે :– वर्णाभिव्यङ्ग्यत्वे सति,

अर्थप्रत्यायकत्वं स्फोटकत्वम् । સ્ફોટતત્ત્વ એ છે કે જે એક તરફથી વક્તાના વર્ણધ્વનિઓથી અભિવ્યક્ત થાય છે; અને બીજી તરફથી તે અભિવ્યક્ત થયા પછી અર્થનો વાચક પણ બને છે. આ મુદ્દાને એક ચિત્રથી મૂકીએ તો –



અહીં બે પ્રકારના સંબંધ જોવા મળે છે : (૧) વર્ણધ્વનિ અને સ્ફોટની વચ્ચે અભિવ્યંજક–અભિવ્યંગ્ય ભાવ રૂપ સંબંધ છે. તથા (૨) (અભિવ્યક્ત થયેલા) સ્ફોટ અને અર્થની વચ્ચે વાચક–વાચ્ય ભાવ રૂપ સંબંધ રહે છે. આમ બે વાસ્તવિકતાઓ– એક છેડે વર્ણધ્વનિ અને બીજી છેડે રહેલા અર્થ–ની વચ્ચે નિત્યશબ્દતત્ત્વ રૂપ સ્ફોટની અપૂર્વ કલ્પના કરીને વૈયાકરણોએ ક્ષણિક (ક્ષણજીવી) એવા વર્ણધ્વનિઓમાંથી કેવી રીતે (નિત્ય એવા) અર્થનો બોધ થઈ શકે છે એ સમસ્યાનો કાયમી ઉકેલ શોધી આપ્યો છે ! આવી અપૂર્વ કલ્પના માટે જ આલંકારિકોએ प्रथमे हि विद्वांसो वैयाकरणाः । એમ કહીને વૈયાકરણોની પ્રશંસા કરી છે. (અને વૈયાકરણોના સ્ફોટવાદમાંથી જ પ્રેરણા લઈને 'કાવ્યનો આત્મા ધ્વનિ છે' એવા સિદ્ધાન્તની આનંદવર્ધને સ્થાપના કરી છે).

7.0 ઉપસંહાર :

7.1 અગાઉ (૦.૫)માં જણાવ્યું છે તે મુજબ પાણિનિનું આ વ્યાકરણ એની અપૂર્વલાઘવસિદ્ધિ માટે પ્રશંસા પામ્યું છે; પણ વ્યાકરણમાં નિરતિશય લાઘવ સિદ્ધ કરવા માટે પાણિનિએ જે યુક્તિ–પ્રયુક્તિઓ અજમાવી છે તે એક સ્વતન્ત્ર વિસ્તૃત અભ્યાસનો વિષય છે, તેથી એનો અહીં સમાવેશ કર્યો નથી. આને માટે ''પાણિનીય વ્યાકરણ વિમર્શ'' – વસન્ત મ. ભટ્ટ, અમદાવાદ, ૧૯૯૪ (પૃ. ૧–૨૮) પુસ્તક જોવા અનુરોધ છે.

7.2 પાણિનીય વ્યાકરણની અન્યતમ વિશેષતા એ પણ છે કે તેમાં લોકની અને વેદની સંસ્કૃત ભાષાનું સ્વરૂપ એકત્ર વર્ણવાયું છે; પણ તેનો અભ્યાસ પણ એક સ્વતન્ત્ર વિસ્તૃત લેખનો વિષય બને એમ છે. જે ભવિષ્યમાં પ્રસ્તુત કરવાની ઇચ્છા છે.

7.3 આમ પ્રસ્તુત પરિશીલનમાં પાણિનીય વ્યાકરણની પાંચ મહાનતાઓ/ વિશેષતાઓને ઉદ્ઘાટિત કરવાનો ઉપક્રમ સ્વીકારવાની સાથો સાથે, પાણિનીય વ્યાકરણનું આ પરિશીલન આધુનિક ભાષાવિજ્ઞાનની પરિભાષામાં પ્રસ્તુત કરવાનો પણ મહદંશે ખ્યાલ રાખવામાં આવ્યો છે. આશા છે કે આ પરિશીલનથી પાણિનીય વ્યાકરણની મહાનતાનું કંઈક અંશે દર્શન થશે અને તેના અભ્યાસની નવી પ્રરણા પણ મળી રહેશે.

* * *

॥ શ્રીઃ ॥

પાણિનિકૃત
અષ્ટાધ્યાયી–સૂત્રપાઠની પાઠસમસ્યા

સંસ્કૃત ભાષામાં જે જે ગ્રન્થો રચાયા છે તેમને (૧) દૃષ્ટ સાહિત્ય (= અપૌરુષેય વેદસાહિત્ય), (૨) પ્રોક્તસાહિત્ય (= ગુરુ–શિષ્યની પરમ્પરામાં પ્રવચનથી, જાહેર વ્યાખ્યાનોથી પ્રવર્તેલાં ગ્રન્થો; જેમાં મહાભારત, પુરાણ અને સૂત્રશૈલીમાં રચાયેલા અનેક કર્તૃત્વવાળા ગ્રન્થોનો સમાવેશ થઈ શકે); અને (૩) કૃતસાહિત્ય (= કોઈ એક વ્યક્તિના જ કર્તૃત્વવાળી રચના, દા.ત. કાલિદાસકૃત રઘુવંશાદિ)–એવા ત્રણ પ્રકારોમાં વહેંચી શકાય. આ દરેક પ્રકારની કૃતિઓના પાઠમાં પ્રક્ષેપો, પાઠાન્તરો, લુપ્તાંશો, અપપાઠો અને અશુદ્ધિઓ પ્રવેશેલાં જ છે. આમાં મુખ્યત્વે બે કારણો છે : (૧) શરૂઆતના તબક્કે મૌખિક પરંપરાથી વર્ષો કે સદીઓ સુધી જે તે કૃતિના પાઠનું સંક્રમણ થતું રહ્યું છે; (તેથી ખોટી જગ્યાએ પાઠની તોડ–જોડ થતી રહી છે.) અને (૨) મૌખિક પરંપરાની સાથે સાથે ચાલતી લેખન પરંપરામાં, જે ભૂર્જપત્ર–તાડપત્રાદિ ઉપર લખવામાં આવતું તે બીન ટકાઉ સામગ્રી હોઈને, તેને વારંવાર પુનર્લેખનની જરૂર પડતી. આથી લહિયાના પ્રમાદ, અજ્ઞાન, અને ક્યારેક અંગત દુરાગ્રહથી પાઠમાં પરિવર્તન આવતું રહ્યું છે; અથવા/અને હસ્તલિખિત પ્રતોમાં ઉધઈ પડવાથી કે બીજા કોઈ અકસ્માતથી પાઠમાં લુપ્તાંશો, ક્રમ ભેદાદિ પણ પ્રવેશવા પામતાં રહ્યાં છે. વળી, સૂત્રશૈલીમાં લખાયેલાં શાસ્ત્રીય ગ્રન્થોમાં તો ક્યારેક નવી વિચારધારાઓ પ્રવેશતાં નવાં સૂત્રો ઉમેરવાનું; કે પરંપરાગત પાઠમાં પરિવર્તન કરવાનું બનતું રહ્યું છે. વળી કાલક્રમે ભાષા પરિવર્તન થતાં આર્ષ કે કઠિન શબ્દોને સ્થાને સરળ નવા શબ્દો વાપરવાનું વલણ પણ જોવા મળ્યું છે. આમ સંસ્કૃત ગ્રન્થોના અભ્યાસીએ કોઈપણ કૃતિના અર્થઘટન કે રસાસ્વાદ કરાવવાનું શરૂ કરતાં પહેલાં, જે તે કૃતિની પાઠસમીક્ષા હાથ ધરવી અનિવાર્ય જણાય છે. આ સન્દર્ભમાં 'પાણિનિકૃત અષ્ટાધ્યાયી–સૂત્રપાઠ'ની પણ પાઠસમસ્યાનો એક સંક્ષિપ્ત પરિચય આપવો જરૂરી છે :

[૧] 'અષ્ટાધ્યાયી–સૂત્રપાઠ'માં લગભગ ચાર હજાર જેટલાં સૂત્રો જોવાં મળે છે. પરમ્પરામાં સુપ્રચલિત એક શ્લોક મુજબ આ સૂત્રોની કુલ સંખ્યા ૩,૯૯૬ છે/હશે એમ જણાવાયું છે :

त्रीणि सूत्रसहस्राणि, तथा व शतानि च ।
षण्णवर्तिं च सूत्राणां, पाणिनिः कृतवान् स्वयम् ॥

[૨] નીચે મુજબની વિગતો જોતાં અષ્ટાધ્યાયી સૂત્રપાઠમાં ઉપલબ્ધ થતાં કુલ સૂત્રોની સંખ્યા બાબતનો વિવાદ સ્પષ્ટ થશે.

(૧)	શ્રી બ્રહ્મદત્ત જિજ્ઞાસુ અને શ્રી યુધિષ્ઠિર મીમાંસક સંપાદિત સૂત્રપાઠમાં –	૩,૮૩૪ સૂત્રસંખ્યા
(૨)	ચૌખમ્બા સંસ્કૃત સિરીઝ, વારાણસી (૧૯૮૫)માં પ્રકાશિત સૂત્રપાઠમાં –	૩,૮૫૩
(૩)	'કાશિકાવૃત્તિ' (૭મી સદી)માં સ્વીકૃત સૂત્રોની કુલ સંખ્યા –	૩,૮૫૧
(૪)	વૈયાકરણસિદ્ધાન્તકૌમુદીમાં ભટ્ટોજિ દીક્ષિત (૧૫૬૦ થી ૧૬૨૦) દ્વારા સ્વીકૃત સૂત્રોની સંખ્યા; (જે નિર્ણય સાગર પ્રેસ, મુંબઈ, ૧૯૨૯માં પ્રકાશિત છે) તેમાં –	૩,૯૭૮ સૂત્રો જોવા મળે છે.

[૩] અહીં એમ જણાય છે કે અષ્ટાધ્યાયી સૂત્રપાઠની હસ્તપ્રતોમાં જોવા મળતાં સૂત્રોની કુલ સંખ્યાનો આંકડો ઉત્તરવર્તી કાળમાં (= કાશિકા અને સિદ્ધાન્તકૌમુદી જેવી વૃત્તિઓના સમયમાં) વધતો રહ્યો છે. આવું થવાનાં કેટલાંક કારણો આ મુજબના છે :–

(क) મૂળમાં (પાણિનિની કલમે) એક જ સૂત્ર લખાયું હોય; પણ પાછળથી તેને તોડીને બે સૂત્ર રૂપે રજૂ કરવામાં આવતું હોય. દા.ત.

"उञः ऊँ ।" ને તોડીને उञः । ૧–૧–૧૭ અને ऊँ । ૧–૧–૧૮ રૂપે રજૂ કર્યાં છે. એવી જ રીતે, "प्रादयः उपसर्गाः क्रियायोगे ।" એવા એક જ સૂત્રમાંથી प्रादयः । ૧–૪–૫૮ અને उपसर्गाः क्रियायोगे । ૧–૪–૫૯ એવાં બે સૂત્રો બનાવાયાં છે.

(ख) કાલક્રમે સંસ્કૃત ભાષામાં જે પરિવર્તનો થતાં રહ્યાં હશે, તેમને વ્યાકરણશાસ્ત્રની માન્યતા અપાવવા માટે અમુક વાર્ત્તિકોની રચના થઈ હશે, જે (વાર્ત્તિકો) પાછળથી બે સૂત્રોની વચ્ચે સૂત્ર રૂપે જ રજૂ કરી દેવામાં આવ્યાં હશે. દા.ત. जीवति तु वंश्ये युवा । ૪–૧–૧૬૩ સૂત્ર ઉપરનું "वृद्धस्य च पूजायाम् ।" (ત્રીજું) એવું વાર્તિક, પાછળથી સ્વતન્ત્ર સૂત્ર રૂપે ૪–૧–૧૬૬ ક્રમાંકે પ્રવેશ્યું છે. એવી જ રીતે, લૌકિક સંસ્કૃત ભાષાનું વર્ણન કરતાં સૂત્રોની વચ્ચે વૈદિક સંસ્કૃત ભાષામાં દેખાતાં તફાવતોને નોંધવા માટે જે વિધાનો વાર્ત્તિકો તરીકે મહાભાષ્યમાં જોવાં મળે છે, તે પાછળથી સ્વતન્ત્ર સૂત્ર રૂપે સૂત્રપાઠમાં પ્રકટ થયાં છે. દા.ત. ते प्राग् धातोः । ૧–૪–૮૦ સૂત્ર ઉપરનાં બે વાર્ત્તિકો – (क) छन्दसि परेऽपि । અને (ख) व्यवहिताश्च । ને સ્વતન્ત્ર સૂત્ર રૂપે ૧–૪–૮૧ અને ૧–૪–૮૨ રૂપે સ્વીકારાયાં છે.

(ग) પાણિનિને અભિપ્રેત અર્થ પઠન–પાઠનની પરંપરામાંથી વિસ્મૃત થતાં, કે સૂત્રમાંના અમુક શબ્દોના અર્થઘટન ખોટી રીતે થતાં પણ પાછળથી નવાં સૂત્રોની જરૂરિયાત ઊભી થઈ છે. દા.ત. 'ઈપ્સિતતમ' અને 'અનીપ્સિત' શબ્દોના ખોટા અર્થઘટને अकथितश्च । સૂત્રને જન્માવડાવ્યું છે એવું પ્રોફે. એસ. ડી. જોશી (પૂના)ને લાગ્યું છે.

(ઘ) ક્યારેક ભાષ્યસ્થ ઇષ્ટિવચનોને અને ક્યારેક ગણપાઠમાંના અમુક 'ગણસૂત્રો'ને પણ અષ્ટાધ્યાયી સૂત્રપાઠમાં સૂત્ર રૂપે સ્વીકારી લેવામાં આવે છે. દા.ત. सर्वादीनि सर्वनामानि । ૧–૧–૨૭ સૂત્ર નિર્દિષ્ટ સર્વાદિ–ગણનો જે ગણપાઠમાં ઉલ્લેખ છે, તેમાંથી (ક) पूर्वपरावरदक्षिणोत्तरापराधराणि व्यवस्थायाम् असंज्ञायाम् । ૧–૧–૩૪, (ખ) स्वमज्ञातिधनाख्यायाम् । ૧–૧–૩૫ અને (ગ) अन्तरं बहिर् योगोपसंख्यानयोः । ૧–૧–૩૬– એ ત્રણ ગણસૂત્રોને વૃત્તિગ્રંથોમાં સ્વતન્ત્ર સૂત્રે રૂપે સ્વીકારવામાં આવ્યાં છે.

[૪] સૂત્રપાઠમાં આખાં નવાં સૂત્રોનો પ્રક્ષેપ થવા ઉપરાંત, ક્યાંક એકાદ–બે શબ્દનું પરિવર્તન, કે च કારાદિનું પરિવર્ધન (ઉમેરણ) થવાને કારણે નાના–મોટાં પાઠાન્તરો પણ ઊભાં થયાં છે. દા.ત. लाक्षारोचनाट् ठक् । ૪–૨–૨ એવા ભાષ્યોક્ત સૂત્રપાઠની અંદર બીજા બે શબ્દો ઉમેરીને તેને (કાશિકામાં) लाक्षारोचनाशकलकर्दमाद् ठक् । ૪–૨–૨ એવા સ્વરૂપે રજૂ કરવામાં આવ્યું છે. એવી જ રીતે प्रज्ञाश्रद्धार्चाभ्यो णः । ૫–૨–૧૦૧ એવા ભાષ્યસ્થ પાઠમાં 'वृत्ति' શબ્દ ઉમેરીને કાશિકામાં प्रज्ञाश्रद्धार्चावृत्तिभ्यो णः ૫–૨–૧૦૧ એવા સ્વરૂપે રજૂ કર્યું છે. તથા सम्परिभ्यां करोतौ भूषणे । ૬–૧–૧૩૭માં 'उप' ઉપસર્ગને ઉમેરીને, કાશિકામાં सम्पर्युपेभ्यः करोतौ भूषणे । રૂપે રજૂ કરવામાં આવ્યું છે.

[૫] ઈ.સ. ૧૮૮૭માં Bohtlingk નામક વિદ્વાને (ગણપાઠ, ધાતુપાઠાદિ સહિતનો) અષ્ટાધ્યાયી સૂત્રપાઠ પ્રકાશિત કર્યો છે; જે પશ્ચિમમાં સમાદર પામેલો અને 'અધિકૃત પાઠ' ગણાયો છે. પણ આપણી કેવળ સૂત્રપાઠની હસ્તપ્રતોમાં સંક્રમિત થયેલા પાઠ દ્વારા, બોટલીંકે સ્વીકારેલા આ પાઠનું ઘણે સ્થળે સમર્થન થઈ શકતું નથી, વળી તેમનો પાઠ કેટલેક સ્થળે શંકાસ્પદ પણ જણાય છે. (આથી બોટલીંકના પાઠને આપણે સમીક્ષિત–પાઠ તરીકે સ્વીકારી શકીએ એમ નથી.)

[૬] પાણિનિના સૂત્રપાઠની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવા માટે મુખ્યત્વે (क) ત્રિવિધ સામગ્રી ઉપયોગમાં લેવી પડે એમ છે. જેમ કે, (૧) હસ્તલિખિત પ્રતો (manuscripts) માં સંક્રાન્ત થયેલ સૂત્રપાઠ, (કેવળ સૂત્રપાઠને સંઘરતી હસ્તપ્રતોની પરંપરામાં જે સૂત્રપાઠ મળે છે, તે લગભગ એક રૂપતાવાળો છે, તેમાં બહુ જુદાપણું નથી.); (૨) મહાભાષ્યમાં ઉલ્લિખિત સૂત્રોનો પાઠ અને (૩) કાશિકા વૃત્તિમાં અને વૈયાકરણસિદ્ધાન્તકૌમુદીમાં સ્વીકૃત સૂત્રોનો પાઠ. આ ઉપરાંત (ख) અષ્ટાધ્યાયી કૃતિના અંતઃસાક્ષ્ય (internal evidence) ને આધારે પણ પ્રક્ષેપ, પાઠાન્તર અને પાઠવિકૃતિ વગેરેનો અભ્યાસ કરવો જરૂરી છે. આ દિશામાં પ્રયત્ન કરનારા વિદ્વાનોમાં (૧) રામશંકર ભટ્ટાચાર્ય (૧૯૬૬), (૨) આઈ. એસ. પાવટે, (૩) રોબર્ટ બીરવે, (૪) યુધિષ્ઠિર મીમાંસક, (૫) પ્રોફે. એસ. ડી. જોશી અને તેમની બે શિષ્યાઓ (૬) ડૌ. સૌદામિની બાહુલીકર અને (૭) ડૉ. સરોજા ભાટેનાં નામો સ્મરણીય છે.

આ સન્દર્ભમાં, કેટલાક વિદ્વાનોનાં તારણો જોઈએ તો –

(क) એફ. ક્લિહોર્ન કહે છે કે કાત્યાયયન અને પતંજલિને જે સૂત્રપાઠનો પરિચય હતો, તેનાથી ૫૭ જેટલાં જુદાં સૂત્રો, આજે ઉપલબ્ધ થતાં સૂત્રપાઠમાં જોવામાં આવે છે.

(ख) રોબર્ટ બીરવે નામના વિદ્વાને અષ્ટાધ્યાયીના ત્રીજા અધ્યાયનાં ૬૩૧ સૂત્રોની પરીક્ષા કરીને નક્કી કર્યું છે કે આમાંથી ૨૫૫ જેટલાં સૂત્રો પાછળથી ઉમેરાયેલાં છે !

(ग) ડૉ. એસ. ડી. જોશી અને ડૉ. સરોજા ભાટે (પૂના)એ અષ્ટાધ્યાયીમાં કુલ વપરાયેલા ૮૩૫ च કારોમાંથી, ૩૮૦ च કાર પાછળથી દાખલ કરેલાં અને પરિણામે બીનજરૂરી જાહેર કર્યાં છે.

(घ) ડૉ. એસ. ડી. જોશીએ નિપાતન સૂત્રો અને વેદવિષયક સૂત્રોને પણ કાલાન્તરે થયેલા ઉમેરા રૂપ જાહેર કર્યાં છે !

(ङ) ડૉ. જોશીના મતે, પાણિનિએ પોતે સ્વીકારેલી વ્યવસ્થાની વિરુદ્ધ જતાં જે સૂત્રો હોય તે પણ પાછળથી ઉમેરાયેલાં છે. દા.ત. आङो नाऽस्त्रियाम् । ૭–૩–૧૨૦ અને औङ आपः । ૭–१–१८ ॥. એ જ પ્રમાણે, તેમના મતે, પાણિનિની લાઘવસાધક અનુવૃત્તિની પ્રયુક્તિ ઘણી તર્કબદ્ધ અને કોઈ રીતે જટિલ નથી. પણ અનુગામી વૈયાકરણોએ પાણિનિના વ્યાકરણને વખતોવખત સમયાનુરૂપ (up to date) બનાવવા માટે ઘણાં નવાં સૂત્રો વચ્ચે વચ્ચે ઉમેર્યાં છે; જેને કારણે પેલી અનુવૃત્તિમાં ક્યાંક/ક્યારેક વિક્ષેપો ઊભા થાય છે. દા.ત. अनभिहिते । २–३–१ એવા અધિકારસૂત્રની, ૨–૩–૭૩ સુધી ચાલતી અનુવૃત્તિ વચ્ચે વચ્ચેનાં ઉપપદવિભક્તિઓનું વિધાન કરનારાં સૂત્રો (દા.ત. सहयुक्तेऽप्रधाने । ૨–૩–૧૯ नमःस्वस्तिस्वाहास्वधालंवषट् योगाच्च । ૨–૩–૧૬ વગેરે જેવા)માં તદ્દન બિનઉપયોગી જણાય છે. તેથી પાણિનિની મૂળ રચનામાં આવાં ઉપપદ વિભક્તિ–વિધાયક સૂત્રો હશે, કે પાછળથી કોઈકે ઉમેર્યાં હશે ? – તેવો મૂંઝવનારો પ્રશ્ન ઊભો થાય છે.

* * *

ડૉ. એસ. ડી. જોશીના મતે પાણિનિની અષ્ટાધ્યાયીમાં ઈ.સ. પૂર્વે ૫૦૦ થી ઈ.સ. પૂર્વે ૨૦૦ સુધીના ગાળામાં પ્રચલિત વ્યાકરણ વિષયક વિચારો/વ્યવસ્થાઓનો સંગ્રહ રજૂ થયો છે.

* * *

પ્રોફે. એસ. ડી. જોશીનું એવું દૃઢ મંતવ્ય છે કે પાણિનિની 'અષ્ટાધ્યાયી'માં પ્રવેશેલા સઘળાં પ્રક્ષેપો અને પાઠાન્તરોને આપણે શોધીને દૂર કરવાં જ રહ્યાં. કારણ કે જો પાણિનિની મહાનતાને, તેમની સર્વોત્કૃષ્ટ બુદ્ધિમત્તાને ઉદ્‌ઘાટિત કરવી હોય તો; અને જો પાછળથી પ્રવેશેલી અસંગતિ કે વિકૃતિઓનું કર્તૃત્વ એમના નામે ચઢતું રોકવું હોય તો તે આધુનિક સંશોધકોનું પરમ આવશ્યક કર્તવ્ય બની રહે છે કે 'અષ્ટાધ્યાયી'ની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવા સૌ કટિબદ્ધ થાય.

★ ★ ★

पाणिनीयः

अष्टाध्यायीसूत्रपाठः

॥ मङ्गलाचरणम् ॥

येनाक्षरसमाम्नायमधिगम्य महेश्वरात् ।
कृत्स्नं व्याकरणं प्रोक्तं तस्मै पाणिनये नमः ॥

अथ शब्दानुशासनम्

अक्षरसमाम्नायः—१. अइउण् । २. ऋऌक् । ३. एओङ् । ४. ऐऔच् । ५. हयवरट् । ६. लण् । ७. ञमङणनम् । ८. झभञ् । ९. घढधष् । १०. जबगडदश् । ११. खफछठथचटतव् । १२. कपय् । १३. शषसर् । १४. हल् ॥ इति प्रत्याहार—सूत्राणि ॥

अथ प्रथमोऽध्यायः

प्रथमः पादः★

(वृद्ध्यादिसंज्ञाप्रकरणम्)

१ वृद्धिरादैच् । ३
२ अदेङ् गुणः । ३
३ इको गुण—वृद्धी । ६
४ न धातुलोप आर्धधातुके । ६
५ क्ङिति च ।
६ दीधी—वेवीटाम् ।
७ हलोऽनन्तराः संयोगः ।
८ मुख—नासिका—वचनोऽनुनासिकः ।
९ तुल्यास्य—प्रयत्नं सवर्णम् । १०
(वा०) ऋऌ वर्णयोर्मिथः सावर्ण्यं वाच्यम् ।
१० नाज्झलौ ।
११ ईदूदेद् द्विवचनं प्रगृह्यम् । १२, १९
१२ अदसो मात् ।
१३ शे ।
१४ निपात एकाजनाङ् । १५

★ દરેક પાદના અંતે કૌંસમાં જે પ્રતીકો મૂક્યા છે તે ૨૦—૨૦ સૂત્રોના જૂથનો નિર્દેશ છે; અને પછીનો સંખ્યાવાચક શબ્દ તે વીસ સૂત્રોના જૂથ (ઝૂમખા)માં ખૂટતા સૂત્રોની સંખ્યા દર્શાવે છે. દા.ત. वृद्धि० એ ૧લું સૂત્ર છે; आद्यन्त० = એ ૨૧મું સૂત્ર છે; अव्ययीभाव० = તે ૪૧મું સૂત્ર છે; प्रत्ययस्य लुक्० = તે ૬૧મું સૂત્ર છે અને પછી पञ्चदश० એવો શબ્દ વીસના ઝુમખામાં (= ૮૦માં) બાકી રહી જતા, ૧૫ સૂત્રોનો નિર્દેશ છે. આમ પહેલા પાદમાં ૨૦ + ૨૦ + ૨૦ + ૧૫ = ૭૫ સૂત્રો છે; તેવી રીતનો ઉલ્લેખ દરેક પાદના અંતે છે.

१५ ओत् । १६
१६ संबुद्धौ शाकल्यस्येतावनार्षे । १८
१७ उञः । १८
१८ ऊँ ।
१९ ईदूतौ च सप्तम्यर्थे ।

(घ्वादिसंज्ञाप्रकरणम्)

२० दाधा घ्वदाप् । (१)
२१ आद्यन्तवदेकस्मिन् ।
२२ तरप्—तमपौ घः ।
२३ बहु—गण—वतु—डति संख्या । २५
२४ ष्णान्ता षट् । २५
२५ डति च ।
२६ क्त—क्तवतू निष्ठा ।

(सर्वनामसंज्ञाप्रकरणम्)

२७ सर्वादीनि सर्वनामानि ३२, ३६
२८ विभाषा—दिक्समासे बहुव्रीहौ । २९
२९ न बहुव्रीहौ । ३१
३० तृतीया—समासे । ३२
३१ द्वन्द्वे च । ३२
३२ विभाषा जसि । ३६
३३ प्रथम—चरम—तयाल्पार्ध—कतिपय—नेमाश्च ।
३४ पूर्व—परावर—दक्षिणोत्तरापराधराणि व्यवस्थायामसंज्ञायाम् ।
३५ स्वमज्ञाति—धनाख्यायाम् ।
३६ अन्तरं बहिर्योगोपसंव्यानयोः ।

(अव्ययसंज्ञाप्रकरणम्)

३७ स्वरादि—निपातमव्ययम् । ४१
३८ तद्धितश्चासर्वविभक्तिः ।
३९ कृन्मेजन्तः । ४०
४० क्त्वा—तोसुन्—कसुनः । (२)
४१ अव्ययीभावश्च ।

(सर्वनामस्थानादिसंज्ञाप्रकरणम्)

४२ शि सर्वनामस्थानम् । ४३
४३ सुडनपुंसकस्य ।
४४ न वेति विभाषा ।
४५ इग्यणः संप्रसारणम् ।
४६ आद्यन्तौ ट—कितौ ।

(परिभाषासूत्राणि)

४७ मिदचोऽन्त्यात् परः ।
४८ एच इग्घ्रस्वादेशे । ५५
४९ षष्ठी स्थानेयोगा । ५५
५० स्थानेऽन्तरतमः ।
५१ उरण् रपरः ।
५२ अलोऽन्त्यस्य । ५५, ५३
५३ ङिच्च ।
५४ आदेः परस्य ।
५५ अनेकाल्—शित्सर्वस्य ।

(स्थानिवद्भावसूत्राणि)

५६ स्थानिवदादेशोऽनल्विधौ । ५६
५७ अचः परस्मिन् पूर्वविधौ । ५९
५८ न पदान्त—द्विर्वचन—वरे—यलोप—स्वर—सवर्णानुस्वार—दीर्घ—जश्—चर्विधिषु ।
५९ द्विर्वचनेऽचि ।

(लोपादिसंज्ञाप्रकरणम्)

६० अदर्शनं लोपः । ६१ (३)
६१ प्रत्ययस्य लुक्—श्लु—लुपः ।
६२ प्रत्ययलोपे प्रत्ययलक्षणम् । ६३
६३ न लुमताऽङ्गस्य ।
६४ अचोऽन्त्यादि टि ।
६५ अलोऽन्त्यात् पूर्व उपधा ।

६६ तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । ६७
६७ तस्मादित्युत्तरस्य ।

(ग्रहणसूत्राणि)

६८ स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा । ७२
६९ अणुदित् सवर्णस्य चाप्रत्ययः । ७०
७० तपरस्तत्कालस्य ।
७१ आदिरन्त्येन सहेता ।
७२ येन विधिस्तदन्तस्य ।
(वा०) यस्मिन् विधिस्तदादावल्ग्रहणे

(वृद्धसंज्ञाप्रकरणम्)

७३ वृद्धिर्यस्याचामादिस्तद् वृद्धम् ७५
(वा०) वा नामधेयस्य वृद्धसंज्ञा वाच्या
७४ त्यदादीनि च ।
७५ एङ् प्राचां देशे ।
(वृद्धि० आद्यन्त० अव्ययीभावः० प्रत्ययस्य लुक्० पञ्चदश १५)

॥ इति प्रथमाध्यायस्य प्रथमः पादः ॥

द्वितीयः पादः

(ङित्प्रकरणम्)

१ गाङ्—कुटादिभ्योऽञ्णिन् ङित् । ४
२ विज इट् । ३
३ विभाषोर्णोः ।
४ सार्वधातुकमपित् । ५

(अथ कित्प्रकरणम्)

५ असंयोगाल्लिट् कित् । ६, २६
६ इन्धि—भवतिभ्यां च ।
७ मृड—मृद—गुध—कुष—क्लिश—वद—वसः क्त्वा । ८
८ रुद—विद—मुष—ग्रहि—स्वपि—प्रच्छः सँश्च । १०
९ इको झल् । ११, १३
१० हलन्ताच्च । ११
११ लिङ्सिचावात्मनेपदेषु । १३, १७
१२ उश्च ।
१३ वा गमः ।
१४ हनः सिच् । १७
१५ यमो गन्धने । १६
१६ विभाषोपयमने ।
१७ स्थाघ्वोरिच्च ।
१८ न क्त्वा सेट् । २५, २६
१९ निष्ठा शीङ्—स्विदि—मिदि—क्ष्विदि—धृषः । २२
२० मृषस्तितिक्षायाम् । (१)
२१ उदुपधाद्भावादिकर्मणोरन्यतरस्याम् ।
२२ पूङः क्त्वा च । २६
२३ नोपधात् थ—फान्ताद् वा । २६
२४ वञ्चि—लुञ्च्यृतश्च ।
२५ तृषि—मृषि—कृशेः काश्यपस्य ।
२६ रलो व्युपधाद्धलादेः सँश्च ।

(स्वरप्रकरणम्)

२७ ऊकालोऽज्झ्रस्व—दीर्घ—प्लुतः । ३१, २०
२८ अचश्च ।
२९ उच्चैरुदात्तः ।
३० नीचैरनुदात्तः ।
३१ समाहारः स्वरितः ।
३२ तस्यादित उदात्तमर्धह्रस्वम् ।

(एकश्रुतिअपृक्तादिप्रकरणम्)

३३ **एकश्रुति दूरात् संबुद्धौ** । ३९
३४ **यज्ञकर्मण्यजप-न्यूङ्ख-सामसु** ।३५
३५ उच्चैस्तरां वा वषट्कारः ।
३६ विभाषा छन्दसि ।
३७ **न सुब्रह्मण्यायां स्वरितस्य तूदात्तः** । ३८
३८ देवब्रह्मणोरनुदात्तः ।
३९ स्वरितात् संहितायामनुदात्तानाम् । ४०
४० उदात्त-स्वरित-परस्य सन्नतरः । (२)
४१ **अपृक्त एकाल्प्रत्ययः** ।
४२ तत्पुरुषः समानाधिकरणः कर्मधारयः ।
४३ प्रथमानिर्दिष्टं समास उपसर्जनम् । ४४
४४ एकविभक्ति चापूर्वनिपाते ।
४५ अर्थवदधातुरप्रत्ययः प्रातिपदिकम् । ४६
४६ कृत्—तद्धित—समासाश्च ।
४७ ह्रस्वो नपुंसके **प्रातिपदिकस्य** । ४८
४८ गो—**स्त्रियोरुपसर्जनस्य** । ४९
४९ लुक्—तद्धितलुकि । ५०
५० इद् गोण्याः ।

(संख्यातिदेशप्रकरणम्)

५१ **लुपि युक्तवद् व्यक्तिवचने** । ५२
५२ विशेषणानां चाजातेः ।
५३ तदशिष्यं संज्ञाप्रमाणत्वात् । ५७
५४ लुब्योगाप्रख्यानात् ।
५५ योगप्रमाणे च तदभावेऽदर्शनं स्यात् ।
५६ प्रधान—प्रत्ययार्थवचनमर्थस्यान्यप्रमाणत्वात् । ५९
५७ कालोपसर्जने च तुल्यम् ।
५८ जात्याख्यायामेकस्मिन् बहुवचनमन्यतरस्याम् । ५९, ६०, ६२
५९ अस्मदो द्वयोश्च । ६१
६० फल्गुनी—प्रोष्ठपदानां च नक्षत्रे । ६२ (३)
६१ **छन्दसि पुनर्वस्वोरेकवचनम्** । ६२
६२ विशाखयोश्च ।
६३ तिष्य—पुनर्वस्वोर्नक्षत्र—द्वन्द्वे बहुवचनस्य द्विवचनं नित्यम् ।

(एकशेषप्रकरणम्)

६४ सरूपाणामेकशेष एकविभक्तौ । ७३
(वा०) विरूपाणामपि समानार्थानाम्
६५ **वृद्धो यूना तल्लक्षणश्चेदेव विशेषः** । ६६, ६९
६६ स्त्री पुंवच्च ।
६७ पुमान् स्त्रिया ।
६८ भ्रातृ—पुत्रौ स्वसृ—दुहितृभ्याम् ।
६९ नपुंसकमनपुंसकेनैकवच्चास्यान्यतरस्याम् । ७१
७० पिता मात्रा ।
७१ श्वशुरः श्वश्र्वा ।
७२ त्यदादीनि सर्वैर्नित्यम् ।
(वा०) त्यदादीनां मिथः सहोक्तौ यत्परं तच्छिष्यते, पूर्वशेषोऽपि दृश्यते, त्यदादितः शेषे पुन्नपुंसकता लिङ्गवचनानि

७३ ग्राम्यपशुसंघेष्वतरुणेषु स्त्री ।
(गाङ्कुटा० उदुपधा० अपृक्त० छन्दसि पुनर्वस्वो० त्रयोदश १३)

॥ इति प्रथमाध्यायस्य द्वितीयः पादः ॥

तृतीयः पादः

१ भूवादयो धातवः । ९३

(इदादिसंज्ञाप्रकरणम्)

२ उपदेशेऽजनुनासिक इत् । ९
३ हलन्त्यम् । ४
४ न विभक्तौ तु—स्—माः ।
५ आदिर्ञि—टु—डवः । ८
६ षः प्रत्ययस्य । ८
७ चुटू ।
८ ल—श—क्वतद्धिते ।
९ तस्य लोपः ।
१० यथासंख्यमनुदेशः समानाम् ।
११ स्वरितेनाधिकारः ।

(आत्मनेपदप्रकरणम्)

१२ अनुदात्त—ङित आत्मनेपदम् । ७७
१३ भाव—कर्मणोः ।
१४ कर्तरि कर्मव्यतिहारे । ९३, १६
१५ न गति—हिंसार्थेभ्यः । १६
१६ इतरेतरान्योऽन्योपपदाच्च ।
१७ नेर्विशः ।
१८ परि—व्यवेभ्यः क्रियः ।
१९ वि—पराभ्यां जेः ।
२० आङो दोऽनास्यविहरणे । २१ (१)
२१ क्रीडोऽनु—सं—परिभ्यश्च ।
२२ समव—प्र—विभ्यः स्थः । २६
२३ प्रकाशन—स्थेयाख्ययोश्च ।
२४ उदोऽनूर्ध्व—कर्मणि ।
२५ उपान् मन्त्र—करणे । २६
२६ अकर्मकाच्च । २९
२७ उद्—विभ्यां तपः ।
२८ आङो यम—हनः ।
२९ समो गम्यृच्छि—प्रच्छि—स्वरत्यर्ति—श्रु—विदिभ्यः ।
३० नि—समुप—विभ्यो ह्वः । ३१
(वा०) उपसर्गादस्यत्यूह्योर्वेति वाच्यम्
३१ स्पर्धायामाङः ।
३२ गन्धनावक्षेपण—सेवन—साहसिक्य—प्रतियत्न—प्रकथनोपयोगेषु कृञः । ३५
३३ अधेः प्रसहने ।
३४ वेः शब्द—कर्मणः । ३५
३५ अकर्मकाच्च ।
३६ संमाननोत्सञ्जनाचार्य—करण—ज्ञान—भृति विगणन व्ययेषु नियः । ३७
३७ कर्तृस्थे चाशरीरे कर्मणि ।
३८ वृत्ति—सर्ग—तायनेषु क्रमः । ३९, ४३
३९ उप पराभ्याम् ।
४० आङ उद्गमने । (२)
४१ वेः पाद—विहरणे ।
४२ प्रोपाभ्यां समर्थाभ्याम् ।
४३ अनुपसर्गाद् वा ।
४४ अपह्नवे ज्ञः । ४६
४५ अकर्मकाच्च ।
४६ सं—प्रतिभ्यामनाध्याने ।

४७ भासनोपसंभाषा ज्ञान—यत्न विम—त्युपमन्त्रेषु वदः । ५०
४८ व्यक्त—वाचां समुच्चारणे । ५०
४९ अनोरकर्मकात् ।
५० विभाषा विप्रलापे ।
५१ अवाद् ग्रः । ५२
५२ समः प्रतिज्ञाने ।
५३ उदश्चरः सकर्मकात् । ५४
५४ समस्तृतीयायुक्तात् । ५५
५५ दाणश्च सा चेच्चतुर्थ्यर्थे ।
(वा०) अशिष्ट—व्यवहारे तृतीया चतुर्थ्यर्थे
५६ उपाद्यमः स्वकरणे ।
५७ ज्ञा—श्रु—स्मृ—दृशां सनः । ५९
५८ नानोर्ज्ञः । ५९
५९ प्रत्याङ्भ्यां श्रुवः ।
६० शदेः शितः । ६१ (३)
६१ म्रियतेर्लुङ्—लिङोश्च ।
६२ पूर्ववत् सनः ।
६३ आम्प्रत्ययवत् कृञोऽनुप्रयोगस्य ।
६४ प्रोपाभ्यां युजेरयज्ञ—पात्रेषु ।
६५ समः क्ष्णुवः ।
६६ भुजोऽनवने ।
६७ णेरणौ यत्कर्म णौ चेत् स कर्ताऽनाध्याने । ७१
६८ भी—स्म्योर्हेतु—भये ।
६९ गृधि वञ्च्योः प्रलम्भने । ७०
७० लियः संमानन—शालीनीकरणयोश्च ।
७१ मिथ्योपपदात् कृञोऽभ्यासे ।
७२ स्वरित—ञितः कर्त्रभिप्राये क्रियाफले । ७७
७३ अपाद् वदः ।
७४ णिचश्च ।
७५ समुदाङ्भ्यो यमोऽग्रन्थे ।
७६ अनुपसर्गाज् ज्ञः ।
७७ विभाषोपपदेन प्रतीयमाने ।

(परस्मैपदप्रकरणम्)

७८ शेषात् कर्तरि परस्मैपदम् । ९३
७९ अनु—पराभ्यां कृञः ।
८० अभि प्रत्यतिभ्यः क्षिपः । (४)
८१ प्राद् वहः ।
८२ परेर्मृषः ।
८३ व्याङ्—परिभ्यो रमः । ८५
८४ उपाच्च । ८५
८५ विभाषाऽकर्मकात् ।
८६ बुध—युध—नश—जनेङ्—प्रु—द्रु—स्रुभ्यो णेः । ८९
८७ निगरण—चलनार्थेभ्यश्च ।
८८ आणावकर्मकाच्चित्तवत् कर्तृकात्
८९ न पा—दम्याङ्यमाङ्यस—परिमुह—रुचि—नृति—वद—वसः ।
९० वा क्यषः । ९३
९१ द्युद्भ्यो लुङि ।
९२ वृद्भ्यः स्य—सनोः । ९३
९३ लुटि च क्लृपः ।
(भूवादयः०क्रीडोऽनु०वेःपाद० म्रियते० प्राद्वह० त्रयोदश १३)

॥ इति प्रथमाध्यायस्य तृतीयः पादः ॥

चतुर्थः पादः

(एकसंज्ञाधिकारः)

१ आकडारादेका संज्ञा २।२।३८
२ विप्रतिषेधे परं कार्यम् ।

(नदीसंज्ञाप्रकरणम्)

३ यू स्त्र्याख्यौ नदी । ६
४ नेयङुवङ्स्थानावस्त्री । ६
५ वाऽऽमि । ६
६ ङिति ह्रस्वश्च । ७

(घ्यादिसंज्ञाप्रकरणम्)

७ शेषो घ्यसखि । ९
८ पतिः समास एव । ९
९ षष्ठीयुक्तश्छन्दसि वा ।
१० ह्रस्वं लघु । ११
११ संयोगे गुरु । १२
१२ दीर्घं च ।
१३ यस्मात् प्रत्ययविधिस्तदादि प्रत्ययेऽङ्गम् ।

(पदसंज्ञाप्रकरणम्)

१४ सुप्—तिङन्तं पदम् । १७
१५ नः क्ये ।
१६ सिति च ।
१७ स्वादिष्वसर्वनामस्थाने । १८

(भादिसंज्ञाप्रकरणम्)

१८ यचि भम् । २०
१९ त—सौ मत्वर्थे ।
२० अयस्मयादीनि छन्दसि । (१)
२१ बहुषु बहुवचनम् ।
२२ द्व्येकयोर्द्विवचनैकवचने ।

(कारकसंज्ञाप्रकरणम्)

२३ कारके । ५५
२४ ध्रुवमपायेऽपादानम् । ३१
२५ भीत्रार्थानां भयहेतुः ।
२६ पराजेरसोढः ।
२७ वारणार्थानामीप्सितः ।
२८ अन्तर्धौ येनादर्शनमिच्छति ।
२९ आख्यातोपयोगे ।
३० जनि—कर्तुः प्रकृतिः । ३१
३१ भुवः प्रभवः ।
३२ कर्मणा यमभिप्रैति स संप्रदानम् । ४१
३३ रुच्यर्थानां प्रीयमाणः ।
३४ श्लाघह्नुङ्स्थाशपां ज्ञीप्स्यमानः ।
३५ धारेरुत्तमर्णः ।
३६ स्पृहेरीप्सितः ।
३७ क्रुध—द्रुहेर्ष्यासूयार्थानां यं प्रति कोपः । ३८
३८ क्रुध—द्रुहोरुपसृष्टयोः कर्म ।
३९ राधीक्ष्योर्यस्य विप्रश्नः ।
४० प्रत्याङ्भ्यां श्रुवः पूर्वस्य कर्ता । ४१ (२)
४१ अनु—प्रति—गृणश्च ।
४२ साधकतमं करणम् । ४४
४३ दिवः कर्म च ।
४४ परिक्रयणे संप्रदानमन्यतरस्याम् ।
४५ आधारोऽधिकरणम् । ४८
४६ अधि—शीङ्स्थासां कर्म । ४८
४७ अभि—नि—विशश्च ।
४८ उपान्वध्याङ्वसः ।
४९ कर्तुरीप्सिततमं कर्म । ५३
५० तथायुक्तं चानीप्सितम् ।

५१ अकथितं च ।
(वा०) अकर्मकधातुभिर्योगे देशः कालो भावो गन्तव्योऽध्वा च कर्म इति वाच्यम् ।
५२ गति—बुद्धि प्रत्यवसानार्थशब्दकर्मा कर्मकाणामणि कर्ता स णौ । ५३
५३ ह्रक्रोरन्यतरस्याम् ।
(वा०) अभि—वादि दृशोरात्मनेपदे वेति वाच्यम् ।
५४ स्वतन्त्रः कर्त्ता । ५५
५५ तत्प्रयोजको हेतुश्च ।

(निपातसंज्ञाप्रकरणम्)

५६ प्राग्रीश्वरान्निपाताः । ९७
५७ चादयोऽसत्त्वे । ५८
५८ प्रादयः । ६०
५९ उपसर्गाः क्रियायोगे । ६२

(गतिसंज्ञाप्रकरणम्)

६० गतिश्च । ७९ (३)
६१ ऊर्यादि—च्वि—डाचश्च ।
६२ अनुकरणं चानितिपरम् ।
६३ आदरानादरयोः सदसती ।
६४ भूषणेऽलम् ।
६५ अन्तरपरिग्रहे ।
६६ कणे—मनसी श्रद्धाप्रतिघाते ।
६७ पुरोऽव्ययम् । ६९
६८ अस्तं च ।
६९ अच्छ गत्यर्थ—वदेषु ।
७० अदोऽनुपदेशे ।
७१ तिरोऽन्तर्धौ । ७२
७२ विभाषा कृञि । ७६, ७९
७३ उपाजेऽन्वाजे ।
७४ साक्षात्प्रभृतीनि च ।
७५ अनत्याधान उरसि—मनसी । ७६
७६ मध्ये पदे निवचने च ।
७७ नित्यं हस्ते पाणावुपयमने ।
७८ प्राध्वं बन्धने ।
७९ जीविकोपनिषदावौपम्ये ।
८० ते प्राग्धातोः । ८२, ८१, ८२ (४)
८१ छन्दसि परेऽपि । ८२
८२ व्यवहिताश्च ।

(कर्मप्रवचनीयसंज्ञाप्रकरणम्)

८३ कर्मप्रवचनीयाः । ९८
८४ अनुर्लक्षणे । ८६
८५ तृतीयार्थे ।
८६ हीने । ८७
८७ उपोऽधिके च ।
८८ अप—परी वर्जने ।
८९ आङ् मर्यादावचने ।
९० लक्षणेत्थंभूताख्यान—भाग—वीप्सासु प्रति—पर्यनवः । ९२
९१ अभिरभागे ।
९२ प्रतिः प्रतिनिधि—प्रतिदानयोः ।
९३ अधि—परी अनर्थकौ ।
९४ सुः पूजायाम् । ९५
९५ अतिरतिक्रमणे च ।
९६ अपिः पदार्थ—संभावनान्ववसर्ग—गर्हा—समुच्चयेषु ।
९७ अधिरीश्वरे । ९८
९८ विभाषा कृञि ।

(लादेशप्रकरणम्)

९९ लः परस्मैपदम् । १००

